કુમાર
આવતી કાલનાં નાગરિકોનું માસિક • સંસ્થાપક : રવિશંકર રાવળ
૩૭૫

વર્ષ બત્રીસમું · અંક ત્રીજો · માર્ચ ઓગણીસસો પંચાવન
તંત્રી બચુભાઈ રાવત
માર્ચ ઓગણીસસો પંચાવન · વર્ષ બત્રીસમું · અંક ત્રીજો



કલ્પવૃક્ષનું પ્રતીકાલેખન : મારવાડમાં આવેલું રાણકપુરનું વિશાળભવ્ય જૈન મંદિર ભારતીય સ્થાપત્યોમાં રત્નસમ ગણાય છે, અને ત્યાંનું શિલ્પ પણ એટલું જ ઉત્કૃષ્ટ કોટિનું છે. ત્યાંના આદિનાથના મંદિરમાં ધરણવિહારના પશ્ચિમ બલાણકની છતમાંનું આ શિલ્પ તેની વિચિત્ર આકૃતિને લીધે ખાસ વિશિષ્ટતા ધરાવતું સૌનું ધ્યાન ખેંચી રહે છે. સમુદ્રકિનારા પરની જલલહરો તથા પરવાળાના ખડકો જેવું લાગતું એ ભારફર્યું 'કલ્પવૃક્ષ'નું પ્રતીક કહેવાય છે. નીચેના નાના બીજ-બિન્દુમાંથી ઉદ્‌ભવી, ઉત્તરોત્તર વળાંક લઈ, વિસ્તરતી જતી લલામલીલા-યુક્ત એ આકૃતિ વૃદ્ધિ-વિકાસનું સૂચક મંગલચિહ્ન છે, અને મુસ્લિમ અસર પૂર્વેના માત્ર પશ્ચિમહિંદનાં શુદ્ધ હિંદુ સ્થાપત્યોમાં (કે અમદાવાદની જુમા મસ્જિદ જેવી હિંદુ કારીગરોને હાથે રચાએલી પ્રાથમિક મુસ્લિમ ઇમારતોમાં)જ તે નજરે પડે છે. તેના અમળાટવાળા વળાંકા ઉપરથી લોકભાષામાં તેને 'કરચલિયાની આકૃતિ' કહે છે, પરંતુ મૂળ તે વૃક્ષની માંડણી પર રચાએલું 'કલ્પવૃક્ષ'નું જ સુશોભન છે. (ફોટો · ચિનુભાઈ પટવા)




કૂવાકાંઠે · ચિત્રકાર: સોમાલાલ શાહ

(કલાકારના સૌજન્ય

કુમાર

માર્ચ ૧૯૫૫ — અંક ૩૭૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના



અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમારમાં'નું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

અંક ૩૭૩માની માધુકરીને મથાળે આવેલું શ્રી મુકુન્દ પારાશર્યનું મુક્તક ઉત્તમ પ્રકારના મુક્તકની હરોળમાં મૂકી શકાય તેવું છે. તેનો મેં કરેલો સંસ્કૃત ભાવાનુવાદ આપની જાણ ખાતર આ સાથે મોકલું છું:–

निन्दोक्तीरवमत्य यत्प्रतिपलं सौजन्यस्रोतस्विनीं
सन्तो विस्तृणते परोपकृतये तेषां स्वभावो हि सः ।
रोदिष्यन्ति कुकुक्कुराः कटुरवैरात्मोदये तद्भयात्
किं नोदेति सुधांशुरम्बरतले विश्वस्य तुष्ट्यैतदा ॥

(લાડોલ) –લક્ષ્મીશંકર જોષી

ડિસેમ્બર અંકના છેલ્લા પાના પરના લેખ 'તલવારવડે ઈસ્લામનો પ્રચાર કરનાર હજરત-અલી' વિશે એક ભાઈ જાન્યુઆરી અંકમાં લખે છે તેમ એમાં ઇસ્લામનું તથા ઇતિહાસનું અપમાન શી રીતે થયું તે સમજાતું નથી. મુસ્લિમોએ ઈસ્લામ પ્રચારાર્થે તલવારબળ વાપરવામાં કંઈ બાકી નથી રાખ્યું એ તો આપણો કે યુરોપનો ઇતિહાસ વાંચતા જણાય છે.

(ખાર) –કુ. મુકુલ દરુ

જાન્યુઆરીના કલાવાર્તા લેખમાં ભગવાન ઋષભદેવજીના જીવન-પ્રસંગોની ચિત્રમાળાના પ્રથમ ચિત્ર વિષે જણાવ્યું છે કે માતાને ગર્ભધારણ પહેલાં ચૌદ સ્વપ્નોનું દર્શન થાય છે તે ખોટું છે. સ્વપ્નોનું દર્શન ગર્ભધારણ પહેલાં નહિ પરંતુ ગર્ભધારણ પછી જ થાય છે.

(કલકત્તા) –શારદા રામચંદ્ર દેસાઈ

અત્યારે 'કુમાર'ની સ્થિતિ જોતાં જૂના અંકો દરેકે દરેક તો ફરીને ન છાપી શકાય; પરંતુ આખા વર્ષના અંકોમાંનાં ત્રિરંગી, દ્વિરંગી તથા એકરંગી ચિત્રો અને સારા લેખો, વાર્તાઓ, કાવ્યો ફરી છાપીને એક દળદાર અંક તૈયાર કરો તો અમને અમારી મનગમતી ચીજ મળી રહેશે. ઓછામાં ઓછું દર વર્ષે આવો એક અંક છાપી ન શકો? અમારા જેવા ઘણા ય ગ્રાહકો મળી રહેશે.*

(મુંબઇ) –રમેશ બી. શાહ

[*એમ હોય તો સારું. 'કુમારસાર' નામના વાર્ષિક ગ્રંથો કાઢવાની અમારી જૂની યોજના નાણાંને અભાવે અમે તો મુલતવી રાખી છે.]

એક નમ્ર સૂચન કરવાની રજા લઉં છું. આપ જાણતા હશો કે મુંબઇથી પ્રસિદ્ધ થતા અંગ્રેજી સાપ્તાહિક 'BLITZ'માં પ્રશ્નોતરી વિભાગ પ્રગટ થાય છે. એમાં પ્રશ્નકૂપનની પ્રથા છે. જે વાચકો પ્રશ્નકૂપન મોકલે તેના જ પ્રશ્નોના ઉત્તર BLITZમાં અપાય છે. શ્રેષ્ઠ પ્રશ્નો મોકલનારને ઈનામ અપાય છે.

'વાચકો લખે છે' વિભાગ માટે આપ પણ એવી કોઈ પ્રથા શરૂ કરો તો? જે વાચક એ પત્રકૂપન મોકલે તેના પત્રો સદરહુ વિભાગમાં પ્રગટ થાય અને તેમાંથી આપને યોગ્ય લાગે તેને ભેટ અપાય. આ પ્રથાથી નીચેના લાભ થવા સંભવ છે: (૧) તંત્રી પર સદરહુ વિભાગમાં પ્રસિદ્ધ થવા માટે આવતા પત્રોનું ધોરણ ઊંચું થશે અને તંત્રીના કામનો બોજો એટલે અંશે હળવો થશે. (૨) જે વાચક સદરહુ વિભાગમાં પ્રસિદ્ધ થવા માટે પત્રો લખે તેણે કૂપનપત્ર પણ સાથે મોકલવું જ જોઇએ, એથી 'કુમાર'નો ફેલાવો વધશે ને આર્થિક ભીંસમાંથી તે ઊગરશે.

(ભૂજ) —ત્રિભુવન હ. શાહ

થોડા સમય પહેલાં વર્તમાનપત્રોમાં વાંચ્યું કે ગુજરાતી સાહસવીરોની એક ટુકડી નર્મદા નદીના મૂળથી મુખ સુધીના ૭૦૦ માઇલનો અભ્યાસ-પ્રવાસ કરવા નીકળી પડી છે જેમાં બે તો સ્ત્રી-સભ્યો છે! 'કુમાર'માં મેં તો આ સાહસવીરોનો પરિચય આપતી રસપ્રદ લેખમાળા જરૂર આવશે જ એમ માનેલું, પણ ન જોવાથી કાંઈક નિરાશા થઇ.*

આ પ્રવાસ ભલે એક મોટું સાહસ નથી, પરંતુ પ્રત્યક્ષ અભ્યાસ કરવાની નવી કેડી શરૂ કરનાર તો જરૂર છે જ ને? આપણી બધી હાઈસ્કૂલો વર્ષને અંતે આવા પ્રવાસો યોજતી હોય તો, એકાદ ભવ્ય હૉલમાં ભજવાતા નાટકો, ગરબા કે વેશભૂષા હરીફાઈ કરતાં કાંઈક ખડતલ બનવાની તાલીમ સાથે ઇતિહાસ-ભૂગોળ પ્રત્યક્ષ કરવાનો તથા નિસર્ગસૌંદર્ય માણવાનો કેટલો અપ્રતિમ આનંદ મેળવે?

(બોરીવલી) —ચિમનલાલ સોમપુરા

[*એ પ્રવાસની સામગ્રી અમને મળવાની જ હતી. પણ તે હજી મળી નથી. —તંત્રી]

હમણાં ઉપયોગી વાંચનવાળું સાહિત્ય ઘણું પ્રગટ થાય છે. એને સાચવી રાખવા માટે સારી પેઠે જગ્યાની જરૂરત રહે. તો મધ્યમ વર્ગનો માનવી આ બધું સાહિત્ય કેમ સાચવી શકે તેની કોઈ યોજના જણાવશો?

(ગડગ) –જીવરાજ ધનજી

માનવજીવનને ઊંચે લાવે એવા સત્ય અને નીતિના પ્રસંગો, અખંડ આનંદ (જોયેલું અને જાણેલું), વિશ્વવિજ્ઞાન (અનુભવનાં મોતી), નવચેતન (આપવીતી અને પરવીતી) વગેરેમાં આપવામાં આવે છે. આ પ્રસંગો બહુધા પુખ્ત ઉંમરના માણસોએ અનુભવેલા હોય છે. નાનાં કુમાર-કુમારીઓનાં જીવનમાં પણ આવા પ્રસંગો બનતા હશે. આપ 'કુમાર'માં એવા પ્રસંગો આપતું એકાદ પાનું ન રાખી શકો?

(ચીખલી) –મનુભાઈ દેસાઈ

શું આપ 'કુમાર'માં દર માસે એક કટાક્ષ-ચિત્ર (ગુજરાતી સમાજ, શિક્ષણ કે રાજકારણ પર) ન આપી શકો?*

(મુંબાઈ) —રમેશ સંઘવી

[*અમે તૈયાર છીએ; કોઈ તેવાં મોકલે તો.]

આપણા 'કુમાર'નો દરેક વિષય અને વિભાગ સ્વતંત્ર કાગળ ઉપર (બીજા કોઈ લેખો આગળ પાછળ ન હોય એવી રીતે) છાપવામાં આવે તો? તેથી દર એકસો અંકે પ્રત્યેક વિષય અને વિભાગનું એકેક સ્વતંત્ર પુસ્તક બંધાવી શકાય, વળી પ્રચલિત માસિકોની ઢબછબમાં જેમ 'કુમાર' અનોખું છે તેમ તેની આ પણ એક વિશિષ્ટતા ગણાવી શકાય.

લેખની અંદર અપાતાં ફોટો કે ચિત્રો સિવાય સ્વતંત્ર અપાતા ફોટો પણ પાનાની એક જ બાજુએ છપાય, જેથી તેનું યે વર્ગીકરણ કરીને જાળવી શકાય. મારું માનવું છે કે ખર્ચનો સવાલ* બાદ કરતાં સૌ એમાં સહમત થશે.

(શીલ) —કાસિમશાહ દર્દ

[* પણ એ જ સવાલ મુખ્ય છે; બરાબર બમણું–કે તેથી થોડું વધુ ખર્ચ થાય એમાં. અને સૌ સહમત થાય કે કેમ, તે કોણ જાણે.-તંત્રી]

ગુજરાતની વિશિષ્ટતા જેવા ગરબા અને રાસ 'કુમાર'માં સ્થાન ન પામે? અત્યારનાં ગુજરાતી માસિકો વગેરેમાં આવતાં રાજકારણ પરનાં લખાણોનું ધોરણ બહુ ઉચ્ચ ન કહી શકાય. 'કુમાર' આ વિષયમાં કાંઈ સક્રિય ન કરી શકે? શહેરમાં પુસ્તકો તથા અન્ય વિદ્યાનો સુલભ છતાં સમયની મર્યાદા છે, જ્યારે ગામડાંમાં વિવિધ સાહિત્ય સુલભ બનાવતાં ગ્રંથાલયો કે માનવોની ખોટ છે. આવા સંજોગોમાં 'કુમાર' જુદીજુદી ભાષાઓનાં કે એકલા ગુજરાતી સાહિત્યનાં ઉત્તમ પુસ્તકોની યાદી કોઈ પણ એક કે વધુ 'કુમાર'ના અંકોમાં ન આપી શકે?

(કાંદીવલી) —રાજેન છત્રપતિ

[* ત્રણે માટે અમારી તત્પરતા છે: સાધિકાર લખનારાઓ તરફથી અમને તે મળે તો.-તંત્રી]

રસાયન

· વસંતતિલકા ·

શો આ પ્રચંડ જલનો જબરો જુવાળ!
કંઠાર ફોડી સહુ સાંકડી પાળ જાળ.
વેગે જતો ધસમસ્યો શું ફલંગ ફાળ,
ઘુર્રાટતો ઝુલવી કેસરી મત્ત યાળ.

આ એ જ નીર નિતરેલ ગભીર ધીરે
વ્હે વિસ્તર્યાં વિપુલ શાંત સસસ્ય તીરે;
ને દાંત ન્હોર બનતા મૃદુ સ્નિગ્ધ જોયા,
એ રુદ્ર સિંહ વિકરાળ શું વ્હાલ-સોયા!

આ સર્વભક્ષિ હુતવાહન અગ્નિ ચંડ
હેતાળ હૂંફ ઝુલવે જગ પ્રાણ બાલક,
જે ઝેર જીવન હરે પલમાં પ્રચંડ,
તે ઔષધી બની બને નવપ્રાણ પાલક.

સંસારનું સુભગ સુંદર આ રસાયન,
સંક્રાંત જાવ કરી ઉત્તર દક્ષિણાયન.

પિનાકિન ઠાકોર

ચાહું

· મિશ્ર ·

આ જિંદગી ક્ષીણપ્રવાહ તો યે
ચાહું વહે માત્ર સરસ્વતી શી
નિત્યે તરસ્યા નિર્જલ કો મરુસ્થલે!

ખારા સમુદ્રે શમવા થકી તો
છો રેતમાં થાય વિલુપ્ત! જ્યાં ઝરી
કો વીરડામાં, વસમા ઉનાળે
બે ઘૂંટ મીઠા બની તીવ્ર તૃષ્ણા
સંતોષવાનું કદી ભાગ્ય સાંપડે!

વિનોદ અધ્વર્યુ

પતિતાનો પ્રશ્ન

· ગઝલ ·

ઘૂંટી અરમાન અંતરનાં બનાવ્યાં આંખનાં અંજન,
ગુલાબી સ્વપ્ન જીવનનાં લસોટીને સજ્યાં ખંજન.

છુપાવ્યાં શુષ્ક મુશ્કેરાટમાં ઉરનાં બધાં ક્રંદન,
મુહબ્બતના કફનમાં આવરી લીધાં હૃદયસ્પંદન.

નિચોવી રક્ત હૈયાનું અમે મેંદી લગાવી છે,
ઉજાડીને ચમન દિલનો અમે વેણી સજાવી છે.

જિગરની ઝંખનાઓની ચીસોથી ઝાંઝરો ઝણકે,
કણસતી કામનાઓથી અમારાં કંકણો રણકે.

અમારા રંગને ને ઢંગને ને સંગને શાને
વગોવે છે છતાં આ બેકદર દુનિયા? કયે બહાને?

ભાનુમતી ઝવેરી

સ્વાસ્થ્ય-સંસ્કૃતિ

આયુર્વેદે ઉપદેશેલી દિનચર્યાનું રોજ પાલન કરવામાં આવે તો ભાગ્યે જ માણસો માંદા પડે. પ્રાતઃકાલે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું, શૌચ જવું, દાતણ કરવું, મોંમાં તેલના કોગળા ભરવા, વ્યાયામ કરવો, તેલનું અભ્યંગ કરી સ્નાન કરવું, સ્વચ્છ વસ્ત્રો પહેરવાં, આંખોમાં રોજ અંજન આંજવું, યજ્ઞ જેવી પવિત્ર ભાવનાથી અન્ન જમવું, જમ્યા પછી તામ્બૂલભક્ષણ કરી રાજવત્ શાંતિથી કલાકેક સ્વસ્થ થઈ બેસવું, ધર્મથી અવિરુદ્ધ એવો વૃત્તિકર ધંધો કરવો, ધર્માચરણ કરવું, મન અને શરીરના વેગોને રોકવા, શરીર એ આત્માનું ભોગાયતન ગણી તેને પવિત્ર રાખવું,—આ બધું આયુર્વેદ ઉપરાંત આપણાં ધર્મશાસ્ત્રોમાં પણ છૂટથી વેરાએલું છે. આથી જ હિંદની પ્રજા આટઆટલાં ઘમસાણો વચ્ચે પણ જીવતી રહી. ત્યારે આજની માફક સુંવાળાપણામાં આપણે રાચતા નહિ. શરીર ને મનને એક અખંડિત એકમ માનીને યમ-નિયમોનું નિષ્ઠાપૂર્વક પાલન કરતા. અને આ વિચારો આપણે લોકોનાં હૃદયમાં ઉતાર્યા. મનુ, યાજ્ઞવલ્ક્ય ને પરાશરની સ્મૃતિઓએ, રામાયણ, મહાભારત તથા કાવ્ય-નાટકોએ આ સ્વાસ્થ્ય-સંસ્કૃતિનો પ્રચાર કર્યો. પ્રચારનાં બાહ્ય સાધનો વગર બ્રાહ્મણ સંસ્કૃતિએ જે પ્રચાર હિંદમાં કર્યો છે તે અદ્‌ભુત છે.

આજે આપણી પાસે જ્ઞાનપ્રાપ્તિનાં ઘણાં સાધનો છે. રોજ રેડિયોના વર્તમાન, વિદ્વાનોનાં ભાષણો, મૅજિક લૅટર્ન દ્વારા જ્ઞાન અને હજારો સામયિકોનાં વાચન વગેરે છતાં પ્રજા પાછી પૂર્વવત્ જ ચાલે છે. પશ્ચિમ ઑસ્ટ્રેલિયાના હેલ્થ કમિશ્નર ડૉ. ઍટકિન્સ કહે છે તેમ આપણે આજે જ્ઞાનનો 'પ્રચાર' કરવામાં ભલે પ્રગતિ સાધી હશે, પરંતુ એનું 'આચરણ' જીવનમાં ઊતરે એવું આપણે કરી શક્યા નથી. આનો ઉપાય શો? ઉત્તર એ છે કે આપણે આ પ્રશ્નને ખોટી રીતે જોઈએ છીએ. વિજ્ઞાન શીખવતા હોઈએ એ રીતે આપણે એ રજૂ કર્યું છે; પરંતુ કલ્પના, નવી દૃષ્ટિ કે ભાવના આપણે જાગ્રત કરી શક્યા નથી. એને માટે આપણે ત્યાં 'સંસ્કાર' શબ્દ વાપર્યો છે. સંસ્કારોનું વહન કરે એનું નામ સંસ્કૃતિ. જાણીને જે જીવનમાં ઉતારે તે જ સાચો પંડિત. આપણા સાધુ, સંન્યાસી અને શિક્ષકોએ પેટે પાટા બાંધીને આ સંસ્કારોને પ્રજા પાસે પહોંચાડ્યા છે. એમના જીવનમાં એ જ્ઞાન મૂર્તિમંત બની રહેતું હતું. અને એ જ ખરો માર્ગ છે.

બાપાલાલ ગ. વૈદ્ય

કુદરતે ભીડેલાં દ્વાર સોંસરી અપ્રતિમ પ્રતિભાને ખેંચી આણનાર પ્રચંડ

'મુજ કરાંગુલિઓ સહુ દક્ષ તે
તિમિરમાંથી નિચોવતી તેજને.'

જગપ્ખ્યાત અમેરિકન લેખક માર્ક ટ્વેઇને એક સ્થળે કહ્યું છે કે 'ઓગણીસમી સદીએ આ દુનિયાને બે આશ્ચર્યજનક વિભૂતિઓ આપી છે: એક નેપોલિયન ને બીજી હેલન કેલર.' દરિયા વચ્ચે આવેલા કૉર્સિકા નામના નાનકડા ટાપુના એક મામૂલી માછીમારનો છોકરો જે અપ્રતિમ પુરુષાર્થથી અરધી દુનિયાને ધ્રુજાવનાર વિજેતા ને સમ્રાટ નેપોલિયન બન્યો એ ગાથા તો આપણે જાણીએ છીએ. એટલે જ આપણને આશ્ચર્ય થાય કે જગતના એ મહાન નરપુંગવની પ્રતિભાની જોડાજોડ જેને મૂકવામાં આવે છે એ હેલન કેલરની પ્રતિભા પાછળનો પુરુષાર્થ એવો તે કેવોક મહાન હશે ?

એનો પૂરો ખયાલ પામવા તો એ 'અપંગની પ્રતિભા' વ્યક્ત કરતો જીવનગ્રંથ વાંચવો જોઇએ; પણ આ ટૂંકો પરિચય આપતાં એટલું જ કહેવું બસ થશે કે હેલન નથી આંખે જોઈ શકતાં કે નથી કાને સાંભળી શકતાં. અને છતાં આજે તે વાંચી, લખી ને બોલી-ભાષણ કરી શકે છે; અને વિદ્વત્તાની ઊંચામાં ઊંચી પદવી 'ડૉક્ટરેટ' એમને મળી છે. જોવા અને સાંભળવાની બંને મુખ્ય ઇન્દ્રિયો ગુમાવી બેસનારની આ આશ્ચર્યજનક સિદ્ધિની પાછળ કેટલો ઠંડો પણ ભીષણ પુરુષાર્થ પડયો હશે તેનો આછો ખયાલ હવે આવી શકશે.

એ બેવડી અપંગતા સામે આટલો ઝળહળતો વિજય પોતે કેમ મેળવી શકયાં એનું કારણ જો હેલનને પૂછવામાં આવે તો તે આમ જ કહે: 'બહુ ઓછા અપંગો અપંગતા સામે લડે છે; તેમાં યે બહાદુરીપૂર્વક તો કો'ક જ; પછી વિજય, અને તે યે પાછો ઝળહળતો, તો કયાંથી જ મળે ભલા ?' હેલન કેલરનાં આ પ્રકાશમાન પુરુષાર્થે અને જ્વલંત પ્રતિભાએ આજના જગતની ત્રણત્રણ પેઢીઓ પર ન ભૂંસી શકાય એવી ગાઢ અસર પાડી છે, પોતે નાનાં હતાં ત્યારથી તે અત્યાર—તેમની ઉમરનાં ચુમ્મોતેર વરસ—સુધી. બાળપણથી જ પોતાની અપંગતાની ઊણપો એમને સતત અકળાવ્યા ને ગૂંગળાવ્યા કરતી. એ ઊણપોને જ તેમણે ગુરુપદે સ્થાપી અને દૃઢ નિશ્ચયથી પોતાનો ભીષણ પુરુષાર્થ શરૂ કર્યો.

પોતાની લાચાર અપંગતા હટાવી દઇને ઊલટું જગતને તેની મુશ્કેલીઓમાં મદદરૂપ થઈ રહેવાની તેમની અભિલાષાનો ફણગો નાનપણથી જ ફૂટેલો; અને તે ફણગાએ અત્યારે સુગંધમહેકતાં ફૂલ અને મીઠેરાં ફળ બંને તેમને આપ્યાં છે. અત્યારે ૭૪ વર્ષની વૃદ્ધ વયે પણ હેલન કેલરનું વ્યક્તિત્વ લગીરે કરમાયું નથી. સંપૂર્ણ ખીલેલા એ વ્યક્તિત્વને ફોટોગ્રાફો પણ હજી લગી પૂરો ન્યાય નથી આપી શકયા. શ્રીમતી કેલર ઊંચાં, પૂરી વિકસેલી, દૃઢ ને માયાઝરતી દેહયષ્ટિવાળાં સન્નારી છે. તેમનું માથું હમેશ ઊંચુ જ હોય છે, જાણે કે આ જગતના એકેએક ઝીણામાં ઝીણા દૃશ્ય કે સ્વરને તેઓ એકાગ્ર ચિત્તે જોઈ-સાંભળી રહ્યાં છે, અને તેમ કરતાં તેઓ ધરાતાં જ નથી.

હમણાં દૂરપૂર્વના દેશોને પ્રવાસે નીકળેલાં આ નેત્ર વિનાનાં નેત્રી ગયા માસની વીસમીએ ભારતની મુલાકાતે આવી ગયાં. અગાઉ ચાર વાર તેઓ પૃથ્વીની પ્રદક્ષિણા કરી ચૂકયાં છે.

અમેરિકાના ઉત્તર આલાબામા નામે પ્રાંતમાં આવેલા ટસ્કુમ્બિયા નામના એક ગામમાં ઈ. ૧૮૮૦ના જૂનની ૨૭મીએ હેલન કેલરનો જન્મ થએલો. એમના પિતાનું નામ આર્થર અને માતાનું નામ કેઈટ ઍડમ્સ. પિતા આર્થર 'કૉન્ફિડરેટ'(અમેરિકાના આંતરયુદ્ધના એક પક્ષ)ના સૈન્યના કપ્તાન હતા. હેલન તેમનાં માતપિતાનું પહેલું જ સંતાન હોવાથી જન્મથી જ તેઓ આખા યે કુટુંબની પ્રીતિનું ભાજન બનેલાં. પોતાના જીવનના પ્રથમ દોઢ વર્ષ સુધી તો હેલન કોઇ પણ સામાન્ય બાળકની જેમ એકાએક અવાજ સાંભળીને ગભરાઈ જતાં, પોતાની માતાને બૂમ પાડીને બોલાવતાં પણ ખરાં, ને માતાનું મોં જોઇ નિરાંત પણ અનુભવતાં. પણ એવામાં આવેલી એક ભયંકર માંદગીને પરિણામે તેઓ આંખો, અને સાથેસાથે શ્રવણેન્દ્રિય પણ ખોઇ બેઠાં. પરિણામે વાચા પણ ખીલતી રહી ગઈ અને બરોબર બોલતાં શીખવાની જ ઉમરે જેનું સાંભળવાનું બંધ થઇ ગયું તે બોલી તો કયાંથી જ શકે? પરિણામે, અંધ-બધિર ને મૂક એવી ત્રિવિધ અપંગતા સાથે તેમનું જીવન શરૂ થયું.

એવી અસહાય એમની જિંદગીમાં મહત્ત્વનો પ્રસંગ તે તેમનાં શિક્ષિકા ઍની મૅસફીલ્ડ સલિવનનો એમના જીવનમાં પ્રવેશ. તે દિવસ હતો ઈ. ૧૮૮૭ના



**←જે અંધ હોવા છતાં લખી શકે છે,
બધિર હોવા છતાં જે બોલી શકે છે,
અને એ બંને હોવા છતાં જે
અંગ્રેજી, ફ્રેન્ચ, ગ્રીક, લાટિન ને જર્મન
ભાષાઓ પર કાબૂ ધરાવે છે,
તથા જેણે ગણિત, ઇતિહાસ, ભૂગોળ
અને વિજ્ઞાન ઉપરાંત કાવ્ય, સાહિત્ય
નાટક, અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો
અભ્યાસ કરી બી.એ., એલએલ.ડી.
અને ડી. લિટ્ની ડિગ્રીઓ મેળવી છે.**

પુરુષાર્થની મૂર્તિ હેલન કેલર



પોતાના પુસ્તકાલયમાં બ્રેઈલ લિપિ ઉપસાવેલા પુસ્તક પર આંગળીઓ ફેરવી વાંચતાં

માર્ચની ત્રીજી તારીખ. ત્યારે હેલનને સાતમું વર્ષ પૂરું થવામાં ત્રણ માસ બાકી હતા. અત્યાર સુધીના જીવનનો અંધાર અને ગૂંગળાટ તે દિવસથી અદૃશ્ય થવાનો હતો. જગતના—અને કહો કે સમસ્ત માનવજાતિના—ઇતિહાસમાં તે દિવસથી એક નવું જ ઝળહળતું અપૂર્વ પ્રકરણ ઉમેરાવાનું હતું. તેનું વર્ણન હેલન કેલરના પોતાના શબ્દોમાં જ સાંભળવું યથાર્થ થશે:

'પોતાના ઓરડામાં લઈ જઈ મારાં ગુરુ કુ. સલિવને મને એક ઢીંગલી આપી. થોડો વખત હું તેની સાથે ખેલી. પછી તેમણે ધીમેથી મારા હાથમાં 'ઢીં...ગ...લી' એમ શબ્દ લખ્યો. એમ આંગળીઓથી રમવામાં તરત મને મઝા પડી અને હું એનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરવા લાગી. છેવટે જ્યારે એ અક્ષરો બરાબર લખતાં આવડી ગયા ત્યારે મારા બાલોચિત આનંદ અને અભિમાનનો પાર ન રહ્યો. પછીના દિવસોમાં હું બીજા ઘણા શબ્દો લખતાં શીખી, જેમાં 'ટાંકણી', 'ટોપી', 'પ્યાલો' અને 'બેસવું', 'ચાલવું' વગેરે જેવાં કેટલાંક ક્રિયાપદો હતાં.

'એક વાર મારાં શિક્ષિકા મને જળાગાર પર લઈ ગયાં અને મારા હાથ પર પાણીની ધાર કરીને, શરૂઆતમાં ધીમેધીમે અને પછી ઝપાટાબંધ 'પા...ણી' એમ લખ્યું. એ જીવંત શબ્દોએ મારા આત્માને જાગૃત કર્યો; એમાં પ્રકાશ, આશા ને આનંદ રેડયાં. હજી યે મારે બંધનો હતાં એ ખરું; પણ હવે એ બધાં અમુક વખતમાં ફેંકી નાખી શકાય એવાં હતાં. જળાગારથી ઘેર પાછાં જતાં રસ્તામાં જેને અડકું તે દરેક ચીજ જીવનથી તરવરતી લાગતી હતી. તે દિવસે હું ઘણા નવા શબ્દો શીખી. તે બધા કયા હતા એ મને યાદ નથી. પરંતુ જાદુઇ લાકડીની જેમ જે શબ્દો મારી દુનિયાને પ્રફુલ્લ ને પલ્લવિત કરી દેવાના હતા તેવા આટલા શબ્દો તો તેમાં હતા એ મને બરાબર ખબર છે: 'માતા, પિતા, બહેન, શિક્ષિકા.' ઈ. ૧૮૮૭માં ઓચિંતાં મારાં પ્રજ્ઞાચક્ષુ ઊઘડયાં. જે જે વસ્તુને અડું તેનું નામ જાણું અને હાથ વતી તેને બરાબર ઓળખું—એ સિવાય હું બીજું કાંઇ કરતી જ નહિ.

'એક વાર હું બે મોટાં ને ત્રણ નાનાં એમ એકસરખા ક્રમિક સમૂહમાં, નાનાં મોટાં કીડિયાંનો હાર બનાવતી હતી. એમાં મેં ઘણી ભૂલો કરેલી; તે બધી કુમારી સલિવને ધીમેથી ને ધીરજપૂર્વક મને વારંવાર બતાવી. છેવટે, ક્રમની અંદર બહુ ચોખ્ખી દેખાય એવી એક ભૂલ તરફ મારું ધ્યાન ગયું; અને મેં ક્ષણેક એકાગ્ર બની, મારે કેવી રીતે કીડિયાં ગોઠવવાં જોઈતાં હતાં એનો વિચાર કરવા પ્રયત્ન કર્યો. કુમારી સલિવન મારે કપાળે અડકયાં અને કાંઈક ઠસાવતાં હોય એમ ભાર દઇને તેમણે લખ્યું, 'વિચાર'. એક પલકમાં મને સ્ફુર્યું કે મારા મગજમાં જે ક્રિયા ચાલી રહી છે તેનો વાચક એ શબ્દ છે! સૂક્ષ્મ ભાવનું આ મારું પ્રથમ જ્ઞાનપૂર્વક આકલન હતું.

'મારી કેળવણીનું હવે પછીનું મહત્ત્વનું પગથિયું વાચનનું શિક્ષણ હતું. થોડાક શબ્દોની જોડણી મને આવડી શકી કે તરત મારાં ગુરુજીએ,ઉપસાવેલા અક્ષરમાં પૂઠા પર છાપેલા શબ્દોનાં પત્રો મને આપ્યાં. દરેક છાપેલો શબ્દ કોઈ પદાર્થનો, ક્રિયાનો કે ભાવનો વાચક છે એમ તરત હું સમજી. નાનાં વાકયોમાં શબ્દો ગોઠવી શકાય એવું એક ચોકઠું મારી પાસે હતું. પરંતુ એ ચોકઠામાં શબ્દો ગોઠવી વાકયો રચતાં પહેલાં, પ્રથમ હું હમેશ તેમનો વાચ્યાર્થ પદાર્થો દ્વારા ઘડતી. જેમકે, પહેલાં તો હું 'ઢીંગલી', 'છે', 'ઉપર', 'પથારી'-એ શબ્દોની ચિઠ્ઠીઓ ખોળી કાઢતી. પછી તેના વાચ્ય પદાર્થો પર તે મૂકતી. પછી મારી ઢીંગલીને હું પથારી પર મૂકીને તેને પડખે 'પથારી' 'ઉપર' 'છે' એ ચિઠ્ઠીઓ ગોઠવતી; અને એમ એ શબ્દોનું વાકય બનાવવાની સાથોસાથ તેના વાકયાર્થને પદાર્થગત કરતી. છાપેલી ચિઠ્ઠીઓ પરથી છાપેલી ચોપડીઓ પર હવે કદમ ઉઠાવવાનું હતું. હું મારી બાળપોથી લઈ તેમાંથી મને આવડતા શબ્દો શોધતી, અને જ્યારે તે મળી આવતા ત્યારે સંતાકૂકડીની રમત રમ્યા જેવો મને આનંદ આવતો. આ પ્રમાણે મેં વાંચવાની શરૂઆત કરી.'

હેલન કેલરની આવી અભિનવ અને ઉત્તમ કેળવણીનો યશ જેટલો એમની ગ્રહણશક્તિને તેટલો જ તેમનાં શિક્ષિકા કુમારી સલિવનનાં પ્રતિભા, ચાતુર્ય અને ખંતને પણ ફાળે જાય છે. એમણે હેલનને હઠાગ્રહથી કદી કશું નહિ શીખવેલું. કુમારી સલિવનને આ વસ્તુ પ્રત્યક્ષ હતી કે બાળકનું માનસ એક નાના પણ અગાધ વહેળિયા જેવું હોય છે. એ ઝરણું કેળવણીના પથ્થરિયા પ્રદેશ પર નાચતુંખેલતું ખળખળ વહે છે. આવી જાતના એના પ્રવાહને દોરવાનું કામ તેમણે કર્યું,-એ સમજ રાખીને કે વહેળિયાની જેમ તેને પર્વતમાંથી ને ગુપ્ત રીતે પ્રવાહોનું પોષણ મળવું જોઇએ, જેથી તે પરિપુષ્ટ થઇને એક અગાધ નદી બને. ઇન્દ્રિયજ્ઞાનસંપન્ન બાળકોને પણ જે શીખવી નથી શકાતું તે એક અપંગ ને અશક્ત બાળકને તેમણે શીખવ્યું. તેની પાછળ તેટલા જ પ્રમાણમાં ખંત અને ચીવટ તેમણે ખર્ચ્યાં હશે. પરંતુ તે ખંત અને ચીવટ કરતાં યે સૌથી વધુ પ્રશસ્ય ને આદરણીય તો તેમની પ્રતિભા છે, જેના વિના ઇતર સૌ પ્રયાસો નિષ્ફળ નીવડે. કુમારી સલિવનનું નામ કદાચ જગતની જીભને ટેરવે ન રહે; પણ હેલન એ નામ શે ભૂલે? અને ત્યાં જ તે સમર્થ શિક્ષિકાનાં ખંત, મહેનત અને પ્રતિભા—ત્રણેને સંતોષ તેમજ સાર્થકતા સાંપડે છે. એમને ગુરુદક્ષિણારૂપ આ રહ્યા હેલનના તે શબ્દો:

(માર્ચ ૧૯૫૫) ૮૦



બોલનારના હોઠ પર આંગળીઓ મૂકી એ સાંભળે છે.

'મારાં ગુરુજી અને હું એટલાં નિકટ છીએ કે એમનાથી અલગપણે મારે વિષે હું વિચાર જ નથી કરી શકતી. બધી લાવણ્યમય વસ્તુઓમાં મારો આનંદ કેટલો મારો પોતાનો નૈસર્ગિક છે અને કેટલો એમને આભારી છે, એ હું કદી કહી શકનાર નથી. મને લાગે છે કે એમનો અને મારો આત્મા અવિભાજ્ય છે. એમની કેડે કેડે મારો જીવનપંથ છે. જે કાંઈ ઉત્કૃષ્ટ–ઉત્તમ મારામાં છે એ એમનું છે. મારામાં એકે એવી બુદ્ધિશક્તિ કે આકાંક્ષા કે આનંદ નથી, જે એમના પ્રેમસ્પર્શથી જાગ્રત ન થઈ હોય.'

ઈ. ૧૮૯૦ના વસંતમાં હેલનની બોલતાં શીખવાની ઉત્કટ ઇચ્છા ફળી. માત્ર હસ્તલિપિ પર આધાર રાખનારને હમેશ એક પ્રકારની સાંકડ તો લાગે છે. ઈ. ૧૮૯૦માં બ્રિજમેનનાં એક શિક્ષિકા શ્રીમતી લૅમ્સન હેલનને મળવા આવ્યાં. તેમણે કહ્યું કે રૅનહિલ્ડ કાટા નામની નૉર્વેની એક અંધબધિર છોકરીને, સાચે જ બોલતાં શીખવવામાં આવ્યું હતું. આ જાણી હેલનની આતુરતા અનેકગણી વધી ગઈ. તેમણે મન સાથે ગાંઠ વાળી કે 'કાટા શીખી એમ હું પણ બોલતાં શીખીશ.' અને હેલનને હૉરેસ મૅન શાળાનાં આચાર્ય કુ. સરા ફૂલર પાસે લઈ જવામાં આવ્યાં. ત્યાંની તેમની શિક્ષણપ્રાપ્તિ પણ તેમના જ શબ્દોમાં જોઇએ:

'મારો હાથ ધીમેથી તે તેમના મોં પર લાવતાં, અને તે અવાજ કાઢે ત્યારે તેમનાં જીભ અને હોઠની સ્થિતિ તપાસવા દેતાં. એક કલાકમાં હું બારાખડીના 'મ, પ, અ, સ, ટ, ઇ' એ છ અક્ષર બોલતાં શીખી. કુ. ફૂલરે બધા મળીને મને અગિયાર પાઠ આપ્યા. 'ગરમી લાગે છે.' એવું સળંગ વાક્ય જ્યારે મેં પહેલવહેલું ઉચ્ચાર્યું ત્યારે મને થએલાં ઉમંગ અને આશ્ચર્ય હું કદી ભૂલનાર નથી. 'હવે હું મૂંગી નથી!' એમ હું હર્ષોન્માદમાં બોલ્યા કરતી. જ્યાં આગળ મને એવા ઉમંગની આશા હતી કે હું મારી બા જોડે વાત કરીશ અને એના ઉત્તરોનું હું હોઠ દ્વારા સ્પર્શવાચન કરીશ, ત્યાં આગળ હું ઉદ્વિગ્ન થઈ જ કેમ શકું?'

હસ્તલિપિ તેઓ કેવી રીતે વાપરતાં તેનું વર્ણન આપતાં હેલન કેલર જણાવે છે: 'મારી જોડે વાત કરનાર એના હાથથી બહેરાં સામાન્યત: વાપરે છે એવી એક હાથની હસ્તલિપિમાં લખે છે. બોલનારના હાથની ગતિને બાધા ન આવે એવો હલકો હાથ તેના હાથ ઉપર હું મૂકું છું. હાથની ગતિને સ્પર્શવાનું કામ આંખથી જોવાની ક્રિયા જેવું જ સરળ છે. તમે વાંચો ત્યારે જેમ દરેક અક્ષર નથી વાંચતા, તેમ હું દરેક અક્ષર નથી સ્પર્શી જોતી. સતત અભ્યાસથી આંગળીઓ બહુ સરળતાથી વળે છે; ટાઈપરાઈટરનો જાણકાર માણસ તેનાથી જેટલું જલદી લખે એટલી ત્વરાથી મારાં કેટલાંક મિત્રો હસ્તલિપિ વાપરે છે.'

આમ પોતાના જીવનની ઊણપોને નિઃશેષ પૂરી કરી હેલન જ્યારે પોતાને ગામ પહોંચી ત્યારે આખા યે કુટુંબના હર્ષનો કોઇ પાર ન હતો. ઈ. ૧૮૯૨થી તેમણે લખવાનું પણ શરૂ કર્યું. પહેલાંપહેલાં તો તેઓ જેટલું વાંચતાં કે બીજા કનેથી સાંભળતાં તેનો પોતાના લેખનમાં 'ખીચડો' થઈ જતો. તેનું કારણ એ હતું કે તે વાચન કે શ્રવણની તેમના મગજ પર એટલી તો પકડ રહેતી કે તેમાંથી પોતાનું મૌલિક કયું અને બીજાનું કયું તેનો નિર્ણય તેઓ લાવી શકતાં નહોતાં. પછી તો એમણે પોતાના લેખનને સાશંક નજરે જોવાનું જ આરંભ્યું. જે પોતાનું હોય તે જ લખવું તેવો નિર્ણય તેમણે મનમાં વધુ ને વધુ દૃઢ કર્યો.

ઈ. ૧૮૯૩ના ઑક્ટોબર પૂર્વે હેલન આપમેળે અનેક વિષયોનો ઓછેવત્તે અંશે અભ્યાસ કરતી. ગ્રીસ, રોમ અને યુનાઇટેડ સ્ટેટ્સના ઇતિહાસ તેણે વાંચ્યા. ફ્રેન્ચ તો તેને ક્યારનું યે આવડી ગએલું. ખૂટતી વિગતો ઉમેરી તેણે તેને પૂરું બનાવ્યું. દરમિયાન તેણે લાટિન અને અંકગણિતનો અભ્યાસ શરૂ કર્યો. ઈ. ૧૮૯૪ના ઑક્ટોબરમાં હેલન 'રાઈટ હ્યુમૅસનની બધિરશાળા'માં દાખલ થઈ અને ત્યાં બે વર્ષ રહી તેણે પ્રાકૃતિક ભૂગોળ અને જર્મન ભાષાનો અભ્યાસ કર્યો.

ઈ. ૧૮૯૬ના ઑક્ટોબરમાં હેલન યુવતીઓ માટેની 'કેમ્બ્રિજ સ્કૂલ'માં દાખલ થઈ. તેના શાળાભ્યાસ માટે એવી ગોઠવણ થઈ હતી કે કુમારી સલિવને તેની જોડે વર્ગમાં બેસવું અને ત્યાં મળતા શિક્ષણને તેની ભાષામાં જણાવવું. ત્યાંનો પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ આવો હતો: ઇંગ્લંડનો ઇતિહાસ, અંગ્રેજી સાહિત્ય, જર્મન, લાટિન, અંકગણિત, લાટિન નિબંધલેખન અને નિર્દિષ્ટ વિષય પર અવારનવાર લેખન. ઈ. ૧૮૯૭ના જૂનની ૨૯મી તારીખથી જુલાઈની ૩જી તારીખ દરમ્યાન રૅડક્લિફ કૉલેજ માટેની તેની પ્રાવેશિક પરીક્ષા થઈ. બધા મળીને ૯ કલાકમાં તેણે આટલા વિષયોની પરીક્ષા આપી: પ્રાથમિક અને ઉચ્ચ જર્મન, ફ્રેન્ચ, લાટિન, અંગ્રેજી અને ગ્રીસ તથા રોમનો ઇતિહાસ. બધા યે વિષયોમાં હેલન પાસ થઈ; અને જર્મન તથા અંગ્રેજીમાં માનયુક્ત ઊંચી કક્ષા તેને મળી. અભ્યાસ પાછળ તે એટલી તો મહેનત કરતી કે તેના શિક્ષકો પણ તે મહેનત ઓછી કરવા તેને વારંવાર આગ્રહપૂર્વક સમજાવતા. કૉલેજ શિક્ષણ મેળવવું જ એ પોતાના દૃઢ નિશ્ચયને આખરે ઘણા જ ટૂંકા ગાળામાં તેણે પાર પાડ્યો. ઈ. ૧૮૯૯ના જૂનની ૨૯મી ને ૩૦મીએ રૅડક્લિફ કૉલેજની છેવટની પ્રાવેશિક પરીક્ષામાં તે બેઠી. પહેલે દિવસે ગ્રીક અને ઉચ્ચ લાટિન અને બીજે દિવસે ભૂમિતિ, બીજગણિત ને ઉચ્ચ ગ્રીક એ વિષયો હતા. માત્ર બ્રેઈલ લિપિથી ભૂમિતિ, બીજગણિત જેવા વિષયોની પરીક્ષા આપવી એ એક અતિ મુશ્કેલ કામ હતું; પણ હેલને આખી ય પરીક્ષા સફળતાપૂર્વક પાર કરી.

ઈ. ૧૯૦૦માં હેલન રૅડક્લિફ કૉલેજમાં દાખલ થઈ. કૉલેજના અભ્યાસ દરમ્યાન પહેલા વર્ષના તેના વિષયો હતા: ફ્રેન્ચ, જર્મન, ઇતિહાસ, અંગ્રેજી નિબંધલેખન ને અંગ્રેજી સાહિત્ય. કૉલેજના બીજા વરસને હેલન પોતાનું અતિસુખી વરસ ગણતી, કારણ કે આટલા વિષયો—જેમાં તેને ખાસ રસ હતો તે ત્યારે તેને શીખવાના મળતા: અર્થશાસ્ત્ર, ઈલિઝાબેથન સાહિત્ય, શેક્સપિયરનું સાહિત્ય, અને તત્ત્વજ્ઞાન. પરંતુ કૉલેજ તો તેમની મનોનગરીની કૉલેજ કરતાં તેમને ભિન્ન લાગી. ત્યાં આગળ મહાન અને ડાહ્યા પુરુષો પ્રત્યક્ષ પ્રાપ્ત નથી થતા: તેમનો જીવંત સંપર્ક સરખો ય નથી લાગતો. તેવા પુરુષો ત્યાં હોય છે એ ખરું, પરંતુ તેઓ મમીવત્ બની ગએલા લાગે છે. સાહજિક ઊર્મિના સંપૂર્ણ અભાવવાળી પરીક્ષાઓ પ્રત્યે એને ખૂબ (અનુ૦ પૃ. ૧૧૭મે)

જલપેટાળની જીવતી કબરમાં

અંધારા સાગરના અતાગ તળિયે ડૂબેલી સબમરીનના એક નાના ભંડકમાં પૅક થઈ ગએલા છ કમનસીબ માનવીઓએ, હજાર હજાર હાથીના બળથી પોતાને ભિડાવી રહેલા મોત સામે ખેલેલી જીવ સટોસટની હોડની એક રોમાંચકારી સાહસકથા

અનુવાદક
વિનોદ મેઘાણી

સાહસ ભર્યા પ્રસંગોને માપવા માટે નથી કોઇ પારાશીશી કે નથી કોઇ ત્રાજવાં. એ તો મપાય ફક્ત દુનિયામાં વસતા માનવીઓનાં દિલમાં જલતી સહાનુભૂતિરૂપી જ્યોત દ્વારા, અને તોળાય ફક્ત એ દિલમાં છુપાએલ ઝિંદાદિલી વડે ત્રોફાવેલાં ત્રાજવાંથી.

સાગર તો એક રત્નભંડાર છે. એમાં વસતી અપ્સરાઓ અને રંગબેરંગી પાંખોવાળા ઘોડા પર સવારી કરતા રાજકુમારોની પરીકથાઓની ફોરમ આજે પણ દિલને મહેકાવી રહી છે, ત્યારે સાથેસાથે સાગરના અગાધ ઊંડાણમાં સાહસિકોની સૃષ્ટિમાં રત્નની ખેતી કરતા સાગરખેડુઓને ભાગ્યે જ પ્રાપ્ત થતા અનુભવોમાંનું એક વર્ણન અહીં આપ્યું છે. આ વાર્તા છે સાગર-પેટાળની કબરમાંથી છટકી આવેલા દરિયાલાલના અનુભવની કહાણી.

વિશાળ કદવાળી અને મજબૂત સબમરીન 'પોસીડોન'નો જન્મ ૧૯૨૯માં આર્મસ્ટ્રૉન્ગ વિકર્સના કારખાનામાં થયો હતો. તેની લંબાઈ ૨૬૦ ફૂટ હતી અને ૧૭½ દરિયાઈ માઈલની ઝડપે તે ઉદધિનો ખોળો ખૂંદતી. ચારે બાજુથી ધસતા શત્રુના બદનને વીંધવા તત્પર બનેલી સંગીનોની જેમ, એના તૂતક પર એકત્રીસ ઈંચની આઠ ટૉર્પિડો તોપો (દરિયાની અંદર પણ ફૂટી શકે તેવી તોપ) ઘૂરકતી ખડી હતી. 'પોસીડોન'ને જો જળમાં ડૂબકી મારવા કહો તો ૪૦૫ ટન પાણીનાં મોજાં સમુદ્ર પર સ્તંભ બનીને ખડાં થઈ રહે. જાણે સમુદ્રમાંથી જ જ્વાળામુખી ફાટ્યો ન હોય!

પોતાની ત્રણ સાહેલીઓ 'પેસર્સ', 'પૅન્ડોરા' અને 'પ્રોટેસ' સાથે જ્યારે તેણે પૉર્ટ્સમથ બંદરેથી વિદાય લીધી ત્યારે તે પતિગૃહે પળતી લજ્જાભરી શકુંતલાની જેમ ધીમેધીમે સાગરમાં ક્ષિતિજે સરતી હતી. ૧૯૩૦ના ડિસેમ્બરની ૧૨મીએ તે પૂર્વપ્રદેશની ૧૫,૦૦૦ માઇલની લાંબી મુસાફરીએ કૂચ કરી રહી હતી. પહેલાંના સમયમાં સબમરીનનું રક્ષણ કરવાનું કાર્ય કોઈ વોળાવિયા જહાજને ભળાવવામાં આવતું. પણ આ ચાર અબળાઓને સ્વરક્ષણ માટે શક્તિમાન ગણવામાં આવતી હોઈ તેઓ કોઇના સાથ વગર એકલી ચાલી નીકળી હતી.


મુસાફરીનું પહેલું અપશુકન પાંચ દિવસમાં જ નડ્યું. 'પ્રોટેસ' અને 'પૅન્ડૅરા' ઝગડી પડી અને જિબ્રાલ્ટર પાસે એકબીજા સાથે ટકરાઈ ગઇ. જિબ્રાલ્ટરના બારામાં એમનું સમારકામ કરવામાં આવ્યું અને ત્યાંથી નીકળીને કાફલો 'પિયુમિલન'ના કાલ્પનિક આનંદથી જલલહરો સાથે સેલારા લેવા લાગ્યો. એ તરવરાટભરી ગતિમાં જ ચારે જલપરીઓ ચીનના ઉત્તરપૂર્વ કિનારા પર આવેલા વેહાઇવે બંદર નજીક આવી પહોંચી. જૂનની નવમી તારીખ હતી. મધ્યાહ્નનો સમય હતો. ઘામ ધખતો હતો. બંદર પર પહોંચવા સૌ દોડધામ કરતા હતા. આ સમયે 'પોસીડોન' બંદરથી ૨૧ માઈલ દૂર હતી. પણ તેની અધીરાઇએ તેને એક ચીની સ્ટીમર 'યુટા'ને ઠેબે ચડાવી દીધી!

બે હજારટનનું 'યુટા' એવા તો જોર સાથે 'પોસીડોન' પર ધસ્યું કે તેનો આગલો ભાગ વજ્ર સમા લોહ વડે જડાએલા 'પોસીડોન'ના બદનમાં છરીની જેમ ઘૂસી ગયો. આ અથડામણનું પરિણામ એ આવ્યું કે સારી યે સબમરીન પાણીની અંદર કેટલાં યે ગડથોલિયાં ખાઈ ગઈ. અંદર વસતો દરેક માનવી પોતાની જગ્યાએથી ક્યાં યે ઊછળી પડ્યો. અને જેવી 'યુટા'એ પોતાની ગતિ સ્તંભિત કરીને પીછેહઠ કરી કે તરત 'પોસીડોન'માં સમુદ્રનાં પાણીનો ધોધ વરસી રહ્યો. 'પોસીડોન' થોડી જ પળોમાં, પૃથ્વીના પોણા ભાગ પર પથરાએલા જળમાં અદૃશ્ય બની. જ્યારે આ પ્રસંગ બન્યો ત્યારે સદ્ભાગ્યે સબમરીન પાણીની ઉપર હતી. આથી તૂતક પરના ૨૯ માણસો આ જોખમમાંથી છટકી શક્યા. 'યુટા'એ સૌને ઊંચકી લીધા. બાકીનામાંના મોટા ભાગના માનવીઓએ સમુદ્રમાં જ છેલ્લો શ્વાસ લીધો.

આમાંથી બાકી રહેલા છ માણસોની હાલત નિરાળી હતી. એ છએ જણા 'પોસીડોન'ના આગળના બંધ ભાગમાં રહી ગયા હતા. આ કમનસીબ માનવીઓનાં નામ છે: પેટી ઑફિસર પૅટ્રિક વિલિયમ્સ (તોપચીનો મદદનીશ), ચાર ખલાસીઓ લોકોક, હૉલ્ટ, નેગલ અને કલાર્ક, અને એક ચીની નોકર આહાઈ. હજી તો વાદળદળોનાં સૈન્યોએ આક્રમણ શરૂ ન કર્યું હોય ત્યાં વીજળી અણધારી રીતે આથડે તેવા અણધાર્યા ચમકારાએ તેઓની સમતુલા ચોરી લીધી. તેમને પ્રથમ તો ખબર પણ ન પડી કે શું બન્યું છે. જ્યારે લોખંડના પતરાનો કચડાટ સૌએ સાંભળ્યો ત્યારે સૌને પરિસ્થિતિનું ભાન આવવા લાગ્યું.

ત્યાં અચાનક સબમરીનમાં આ બધાં મેઘગર્જનોની વચ્ચે એક અવાજનો પડઘો ઘુમરાટી ખાવા લાગ્યો: "પાણી દાખલ થઈ શકે તેવાં બારણાં અને નેળિયાં જલદી બંધ કરી નાખો!" અને સૌ ધનુષની પણછમાંથી તીર છૂટે તેમ આ અજ્ઞાત હુકમનું પાલન કરવા કૂદી પડ્યા. પાણી દાખલ થઇ શકે તેવું મુખ્ય બારણું આ અથડામણના આંચકાથી સજ્જડ બની ગયું હતું. પણ 'ઝાઝા હાથ રળિયામણા' એમ સૌના સહપ્રયાસે તે બંધ થઈ શક્યું. આ સમયે વિલિસે (વિલિયમનું હુલામણું નામ) મામલો કાબૂમાં લેવાનો પ્રયત્ન કર્યો: 'સૌ એ બારણાંને વળગી રહેજો, કદાચ 'પોસીડોન' બચી જશે.' પણ થોડી જ પળોમાં સૌ જાણી ગયા કે હવે 'પોસીડોન'ને બચાવવાની પળો અદૃશ્ય બની રહી છે, કારણ કે એક જોરદાર આંચકા સાથે 'પોસીડોન' સમુદ્રને તળિયે જઈ બેઠી હતી!

થોડી ઘડીઓ માટે વાતાવરણ સૂમસામ બની ગયું. આપણે પણ



કલ્પના કરીએ. સમુદ્રને તળિયે છ માનવીઓ મોતની મહેફિલ બિછાવતા હતા. એક ખંડ હતો : સાવ નાનો, ઘોર અંધકારથી ભરેલો; નવી હવા મળવી 'મુશ્કેલ' નહિ, 'અશક્ય' હતી. આપણે પણ એ સબમરીનમાં હોઈએ તો આપણું શું થાય? તેઓ દરિયામાં ક્યાં હતા તે તેમને ખબર ન હતી. તેઓ જાણતા હતા કે તેઓ સમુદ્રના અતાગ તળિયે ધૂણી ધખાવી બેઠા છે. પાણીની ઊંડાઈની તેમને ખબર ન હતી. તેઓને ખ્યાલ હતો કે તેમની આસપાસની રંગબેરંગી પરવાળાંના ટાપુઓની જાદુઇ દુનિયામાં, સૂર્યનાં કિરણોના ગળાઇચળાઇને આવતા ઠંડા પ્રકાશનાં કોમળ કિરણોથી સ્નાન કરતી સોનેરી માછલીઓ સંતાકૂકડી રમતી હશે. પણ આ જોવાની તેમના મનમાં આય રહી ન હતી. તેમની દુનિયામાં અત્યારે એક સન્નાટો છવાઈ ગયો હતો.

ત્યાં તો લોહને કાપતી કરવતની જેમ અંધકારપટને ચીરતો ટૉર્ચનો પ્રકાશનો શેરડો સૌનાં હતાશ મુખને ચૂમી રહ્યો. જાણેકે તેમને સહનશક્તિનો કટોરો પાતો હતો. વિલિસને એ ટૉર્ચ મળી આવી હતી. તેણે સૌથી પ્રથમ બારણાની ખબર લીધી. થોડુંથોડું પાણી અંદર આવતુંહતું;પણ બીક જેવું ન હતું.ફક્ત ભયહતો ગૂંગળાઇનેમરી જવાનો. આટલી સાંકડી કોટડીમાં સમાએલી હવા છ માણસોની જિંદગીને વધુ લંબાવી શકે તેમ ન હતી. વિલિસને ખયાલ હતો કે સપાટી પરનાં જહાજ તેમને શોધવા ખૂબ પ્રયત્ન કરશે. પણ તરાઓ ડૂબકી મારીને તેમને શોધવાનું કામ શરૂ કરે તે પહેલાં ઘણો સમય વીતી જાય તેમ હતું. એટલે એમની જિંદગીનો બચાવ ફક્ત તેમના પોતાના જ પ્રયત્ન ને પુરુષાર્થ પર અવલંબતો હતો. હજી પણ આશાનું એક કિરણ તેમને ચમકતું દેખાતું હતું. દરેક સબમરીનની જેમ 'પોસીડોન'માં પણ એક એવું યંત્ર હતું કે જેમાંથી રબરની કોથળીઓમાં ઑક્સિજન ભરીને પીઠ પર બાંધવાથી શ્વાસ લેવામાં પણ સરળતા પડે અને ઉપરનું દબાણ જો વધુપડતું ન હોય તો ઉપર જવામાં પણ મદદરૂપ બને.

'તો તો પછી જલદી હિંમત કરીને કૂદી જ પડવું જોઇએ.' આપણે સૌ આ વિચાર સામે પ્રથમ તો વિરોધ નહિ જ ઉઠાવીએ. લાગે છે તો ખૂબ સામાન્ય વાત. પણ જેમાં વિલિસ અને તેના સાથીઓ સપડાયા હતા તે નાની કાજળકોટડીમાંથી બહાર નીકળવાનું ખૂબ મુશ્કેલ હતું. 'પોસીડોન' સમુદ્રની સપાટીથી ઓછામાં ઓછી ૧૦૦ ફૂટ તો નીચે હતી જ. એ ખંડ પર બહારથી પડતું પાણીનું દબાણ હજારો હાથીઓ સાથે હરીફાઈ કરતું હતું. એટલે જે બારણું બહારથી બંધ હતું તે હજારો માણસોથી પણ ચસકે તેમ નહોતું. અને એકલા વિલિસમાં જ આટલું વિચારવાના હોશકોશ રહ્યા હતા કે હવે જો આ જીવતા દોજખમાંથી બચવું હોય તો આપણે ઊભા છીએ એ ભાગમાં પાણીને આવવા દઇને કોટડીમાંની હવાનું અને ઉપરથી આવતું પાણીનું દબાણ સરખું કરવું. એ વાત કોઇના સમજવામાં નહોતી આવતી. તેમને તો પોતે ઊભા હતા ત્યાં પાણીને આવવા દેવું તે આત્મઘાતને આમંત્રણ આપવા જેવું લાગતું હતું. એમને જલદી આ નર્કાગારમાંથી છૂટવું હતું. તેઓ એટલું પણ નહોતા સમજતા કે કદાચ બારણું ખૂલી શકે તો પણ બહારના દબાણ પાસે આટલી સરખી હવાનું કાંઇ નહિ ચાલે ને પોતે બહાર નીકળવાને બદલે તે ખંડમાં જ ડૂબી મરશે. એ અંધારા, જોખમી અને ગૂંગળાવતા વાતાવરણમાં પણ વિલિસે તેમને સમજાવવાનો આત્મવિશ્વાસથી મરણિયો પ્રયાસ કર્યો. તેમાં તે સફળ થયો. એ બોલ્યો : 'આપણે ખૂબ નાની જગ્યામાં પુરાઈ ગયા છીએ, તો પછી ચાલોને આપણે થોડી વાર પ્રાર્થના કરીએ.' સૌ નતમસ્તકે ઘૂંટણીએ પડ્યા અને પ્રાર્થના સમાપ્ત થઈ ત્યારે એ સમુદ્રને તળિયે બેઠેલા માનવીઓના દૃઢ બનેલા મનોબળથી સંતોષિત બનેલા દિલમાંથી માનવતાનો મગરૂબ પુકાર ગાજી રહ્યો : 'આમીન.'

'આપણી પાસે નકામો સમય નથી.' વિલિસે શરૂ કર્યું : 'હું હવે પાણીના વાલ્વ ખોલી નાખું છું અને પાણી આ ખંડને છલકાવી દેશે.' કોઇએ પોતાની ખૂણેખાંચરે રહી ગએલી શંકા પ્રદર્શિત કરી કે આપણે ડૂબી જઇએ તેટલું પાણી આવી જશે તો? વિલિસ પાસે આનો પણ જવાબ હતો. તેણે એક આડસર લઈને બે થાંભલા વચ્ચે ગોઠવી દીધું ને સૌ તેની પર બેસી ગયા. બરાબર આ સમયે ચીની નોકરને પોતાની રબરની કોથળી બાંધતાં નહોતું ફાવતું તે નેગલે ઠીક કરી આપી. કોઈકોઈ વાર ઓલવાઈ જતા સમયે છેલ્લા ચમકારા મારતા વિલિસના ધૈર્ય, આત્મબળ અને સંયમના દીપની વાટને નેગલ પોતાની માનવતા અને સહનશક્તિ વડે સંકોરતો હતો, તેલ સીંચતો હતો. બીજા સાથીઓની દૃઢતાને ટકાવી રાખવા મથતા વિલિસના પ્રયાસમાં નેગલે અદૃશ્યપણે પણ ભારોભાર ભાગ લીધો હતો.

વાલ્વ ખોલી નાખવામાં આવ્યા: પાણી ભરાવું શરૂ થયું. છએ જણાએ પોતાનીજગ્યા લઈ લીધી, અને રાહ જોવાની શરૂઆત કરી,— મુક્તિની પળની. અંધકારે સારા ય ખંડને આવરી લીધો હતો. આ અંધકાર ખૂબ બળવાન હતો. આવા અંધારપછેડે લપેટાએલા ખંડમાં સાગરનો શિકાર બનેલ માનવીઓના શ્વાસોચ્છ્વાસ અને પાણીનાં બડબડિયાં સિવાય કોઇ ગતિ ન હતી, જીવન ન હતું. છએનાં દિલમાં શૂન્યતા છવાઈ ગઇ હતી. મા, બાપ, પત્ની, બાળકો અને સગાંવહાલાંઓથી વિખૂટા પડીને આજે તેઓ સમુદ્રની દયા પર લાચાર હતા. હવા વધુ ને વધુ સંકોચાતી ગઈ અને હવામાંથી ઑક્સિજન પણ ખલાસ થયો. સૌએ ઑક્સિજન–કોથળીઓનો ઉપયોગ શરૂ કર્યો. થોડો સમય પસાર થતાં વિલિસની બાજુએ ઊભેલ માણસે તેના કાનમાં ગણગણાટ કર્યો. તેને લાગતું હતું કે કોથળીમાંથી પણ ઑક્સિજન ખલાસ થયો છે. વિલિસે પણ પોતાની કોથળી તપાસી અને તેને ખાતરી થઈ ગઇ કે ઑક્સિજન ખૂટી પડ્યો છે. આ વાત જણાવવાનું જોખમ તે ખેડવા નહોતો માંગતો. આ ભીષણ દશામાં સપડાએલા માણસોની તંગ બનેલ નસોમાંથી લોહી ધમધમાટ કરતું ચક્કર મારતું હતું. જો એમને આ વાતની ખબર પડે તો તેઓ વિલિસનો અનાદર કરીને પણ બહાર નીકળવાનો પ્રયત્ન કરે. અને એ અવિચારી પગલાનું પરિણામ તેમનાં મૃત્યુની કરુણતામાં જ પરિણમે. તેણે અજબ ધૈર્ય ધારણ કર્યું. મિનિટો એક પછી એક વીતતાં પણ કેટલો સમય લેતી હતી? એક એક મિનિટ તેમને કલાકો જેવડી લાગતી હતી. અંધારું જાણે તેમના જીવન ફરતું કાળપછેડો પાથરતું હતું. ફક્ત વિલિસ કોઇકોઈ વાર ટૉર્ચ ચાલુ કરીને પાણી કેટલું ચડ્યું છે તે જોઈ લેતો. અંદરની હવાને લીધે પાણી પણ સમયની કસોટી કરતુંકરતું ધીમે ધીમે ચડતું હતું. આખરે વિલિસની ટૉર્ચ વધુ એક વાર ચમકી અને ત્યારે પાણી તેઓ ઊભા હતા તે પાટિયાને વટીને તેમના ઘૂંટણનું પ્રક્ષાલન કરતું હતું. આખરે યુગયુગ જેવા બે કલાક અને દસ મિનિટ વીતી ગયાં ત્યારે વિલિસને લાગ્યું કે હવે કદાચ બહારનું અને અંદરનું દબાણ સરખું થયું હશે. બહાર જવાનો સમય આવી પહોંચ્યો હતો.

'ચાલો ત્યારે હવે આપણો વારો છે' એમ કહીને તેણે ચોગરદમ દૃષ્ટિ ફેરવી. લોવોક અને હૉલ્ટ ખૂબ જ ખરાબ દશામાં હતા,–અર્ધબેભાન હતા. તેઓ આ જીવતી કબરની કલ્પનાથી જ અધમૂઆ થઈ ગયા હતા. વિલિસે નક્કી કર્યું કે પહેલાં તેમને મોકલવા. આ નક્કી કરવા કરતાં પણ વિષમ વાત તો હતી બારણું ખોલવાની. વિલિસે, નેગલ અને ક્લાર્કની મદદથી બારણું ખોલીને લોવોક અને હૉલ્ટને બહાર ધકેલ્યા. થોડા સમયમાં એ બંને સમુદ્રની નીલી જલલહરો સાથે મહા-

સફરે ઊપડ્યા. ત્યાં તો પાછું બારણું જાણે કોઈ વજ્ર-પંજરથી બંધ થઈ ગયું. ફરી એક વાર અંધકાર અને ફરી એ જ પાણીનાં બડબડિયાં. પાણી આગળ વધીને કમર સુધી આવ્યું અને થોડી વારમાં તેમના બદન સુધી તેણે રસ્તો કરી લીધો ત્યારે તેમના દાંત ઠંડીથી કડકડતા હતા. હવે ફક્ત તેમનાં મસ્તક બહાર હતાં અને છતાં ઝબૂકતો હતો એક તારો. હજી પણ આશાનું એકલું અને અટૂલું કિરણ ભૌતિક અંધકારને વીંધીને તેમની ચકળવકળ થતી આંખોમાંથી થરથરતું પરાવર્તિત થતું હતું.હવે જે કાંઈ હવા હતી તે તેમની ગરદન અને છાપરા વચ્ચેની જગ્યામાં સમાએલી હતી. આટલી ઘટ્ટ હવાથી શ્વાસ લેવો અશક્ય હતો. તેમની જેલયાત્રાનો ત્રીજો કલાક પણ તેમની હાંસી કરતા પરપોટા ફૂટવાના અવાજમાં ડૂબી જવા લાગ્યો. ફરી એક વાર વિલિસે બારણું ખોલવાની સૂચના આપી. તેઓના ઠૂંઠવાએલા હાથ અને પગ વડે, ધસતા પાણી વચ્ચે એ સજ્જડ લોહદ્વારને ખોલવાના થએલા પ્રયાસ પાછળ કામ કરી રહેલ પુરુષાર્થની કલ્પના કરવી મુશ્કેલ છે. તેમને સૌને ખબર હતી કે હવે આ બારણું નહિ ખૂલે તો પછી તેઓને માટે સ્વર્ગની દુનિયામાં પ્રવેશ કરવાનું સિંહદ્વાર ખૂલી જશે. આખરે એ લોહદ્વાર ખૂલ્યું. સંકોચાએલી હવાએ પણ નિરાંતનો શ્વાસ લઇને બહાર જવા પ્રસારો કર્યો. થોડી વાર માટે પાણીનો ધોધ અંદર વહી રહ્યો. આખરે એક પછી એક એમ સૌ નીકળી ગયા. રહ્યો એક વિલિસ. લાંબા સમય સુધી આવી તંગ મનોદશામાં ઑક્સિજન વગરની હવાએ તેને થકવી નાખ્યો હતો. જેમને તેણે બહાર મોકલ્યા તેમના પોતાનામાં તો તરવાની સૂધબૂધ હતી નહીં, પણ સપાટી પર પહોંચતાંની સાથે જ તેમની રાહ જોતી હોડીઓ ઊભી જ હતી. તેમને સીધા ઑસ્પિટલ-જહાજ 'હમ્સ' પર લઇ જવામાં આવ્યા. આખરે વિલિસે પણ 'પોસીડોન'ની વિદાય લીધી. દુનિયા પરના કૃત્રિમ રંગોની મિલાવટોને મહાત કરતી કુદરતી રંગબેરંગી કારીગીરીએ સમુદ્રને તળિયે ઊભાં કરેલાં વનસ્પતિનાં અરણ્યો અને મત્સ્યદુનિયાની નાચતી, કૂદતી અને પોતાની મૂક વાણીને પ્રત્યક્ષ સ્વરૂપમાં અપનાવતી ટચૂકડી અને વિશાળ માછલીઓ જોવામાં તેને કેટલી મજા પડી હશે? એ મત્સ્યરાજમાં સૂર્યનાં આછાં કિરણોએ પ્રજ્વલિત કરેલી રંગફુવારા ઉડાડતી રોશની જોતાં તેને ત્યાં રહી જવાનું મન નહિ થયું હોય? પણ આવી કવિ-કલ્પનાઓ તેના મગજમાં આકાર લઈ શકે તેવી મનોદશામાં તે હતો નહિ.

એ ઉપર આવ્યો ત્યારે પ્રથમ તેણે લોવોક અને હૉલ્ટની ખબર પૂછી. લોવોક સપાટી પર આવ્યો ત્યારે બેભાન જ હતો પણ હૉલ્ટે તેને હાથ આપીને તરતો રાખવાનો પ્રયત્ન કર્યો, પણ તેમને ઊંચકી લેવાયા બાદ થોડી વારમાં જ લોવોક મૃત્યુ પામ્યો હતો.

વિલિસ વહેલોવહેલો સાજો થઇ ગયો, અને ઑસ્પિટલમાં જરૂર વગર એક દિવસ પણ રહેવાનો તેણે સાફ ઇન્કાર કર્યો. સપ્ટેમ્બરની શરૂઆતમાં તે ઇંગ્લંડ આવી પહોંચ્યો. તેણે પોર્ટસ્મથની 'ટારપીડો ટ્રેઇનિંગ સ્કૂલ'માં કામ શરૂ કર્યું. પણ અચાનક તે અનિદ્રાનો ભોગ થઈ પડ્યો. પાણીથી છલકાતા ખંડમાં સમુદ્રની ગોદમાં વિતાવેલી ભયંકર પળોએ તેની નીંદર ચોરી લીધી. તેણે એવી કશી ફરિયાદ ન કરી, પણ તેને 'ન્યુરેસ્થેનિયા' લાગુ પડ્યો અને તેને 'નેટલે ઑસ્પિટલ'માં મોકલવામાં આવ્યો. આ દરમિયાન લંડનના એક સમાચારપત્રે વિલિસની બહાદુરીના સ્મરણમાં તેને એક ઘર આપવાનો એલાન કર્યો. દેશ અને સામ્રાજ્યને ખૂણેખાંચરે છુપાએલી માનવતા છલકી ઊઠી અને તેને માટે સરે પરગણાના મેટનં ગામમાં એક ઘર બનાવવામાં આવ્યું.

આજે (૧૯૨૯માં) વિલિસ તેની યુવાન પત્ની અને નાની પુત્રી જુલીઆની વહાલભરી ગોદમાં સમાઈ ગયો છે. વિલિસે નૌકાદળ છોડી દીધું છે. શહેરની દુનિયામાં તેને એક નોકરી મળી ગઈ છે. નૌકાદળ માટે તે શારીરિકરીતે તો લાયક છે જ. પણ તેના મગજની તંગ બનેલી નસોએ હજી તેના માનસની છિન્નભિન્નતા દૂર નથી કરી.

જીવસટોસટની મુશ્કેલી વચ્ચે પણ શાંત ધૈર્યથી કરાડની જેમ ઊભા રહેવાની શક્તિ, આત્મવિશ્વાસ, કુનેહ અને માણસો પરના કાબૂએ વિલિસને આજે રૉબર્ટ સ્કૉટ, એમુંડસન, તેનસિંગ, એરીક શિપ્ટન, ઑટોશિમટ અને થોર હાયરડાલ જેવા સાહસિકોની નામાવલિમાં આગળપડતું સ્થાન અપાવ્યું છે. તેણે સાથીઓને હિંમત આપી, પણ તેને હિંમત આપનાર કોઇ ન હતું. તેણે સાથીઓના આત્મબળને સ્તંભ બનીને ટટ્ટાર રાખ્યું, ત્યારે તેના આત્મબળને પોષનાર કોઇ શક્તિ ન હતી. તેણે સાથીઓને મોતના મોંમાંથી બહાર કાઢ્યા પણ તેનો ભેરુ બનનારું કોઈ ન હતું. અને આ બધું વાંચીએ છીએ ત્યારે દુઆ કરતો આત્મા પણ પડઘો પાડી રહે છે—'આમીન'.

ક્રિકેટ ખેલાડીઓની જન્મ-તારીખો


શાપુર સ્યાવક્ષ ખંધાડિયા (નારગોલ)

વિજય મર્ચેન્ટ	૧૨-૧૦-૧૯૧૧	સી. ડી. ગોપીનાથ	૧-૩-૧૯૩૦	ખંડોબા રાંગણેકર	૧૯૧૬
લાલા અમરનાથ	૧૧-૯-૧૯૧૧	ગુલાબરાય રામચંદ	૨૬-૧-૧૯૨૭	રાજેન્દ્રનાથ	૭-૧-૧૯૨૮
પટૌડીના નવાબ	૧૭-૩-૧૯૧૦	ગુલમહમદ	૧૫-૧૦-૧૯૨૧	પંકજ રૉય	૩૧-૫-૧૯૨૫
સી. કે. નાયુડુ	૩૧-૧૦-૧૮૯૫	બહેરામ ઈરાની	૧૮-૮-૧૯૨૩	ચંદુ સર્વતે	૨૨-૭-૧૯૨૦
સી. આર. રામસ્વામી	૧૮-૭-૧૮૯૬	પદ્માકર જોશી	૭-૧૦-૧૯૨૬	પંકજ સેન	૩૧-૫-૧૯૨૫
વિજય હઝારે	૧૧-૩-૧૯૨૫	જી. કીશનચંદ	૧૪-૪-૧૯૨૫	સદાશિવ શિંદે	૧૭-૮-૧૯૨૦
હેમુ અધિકારી	૧૨-૮-૧૯૧૯	વિજય માંજરેકર	૧૯૨૮	દાદ્રી હવેવાલા	૨૩-૧૧-૧૯૧૩
પોલી ઉમરીગર	૧૯૨૬	માધવ મંત્રી	૧-૯-૧૯૨૧	શ્રીરંગ સોહોની	૫-૩-૧૯૧૮
દત્તુ ફડકર	૧૦-૧૨-૧૯૨૫	ઈ. એસ. માકા	૫-૩-૧૯૨૨	દીપક શોધન	૧૮-૧૦-૧૯૨૮
ગુલામ અહમદ	૪-૭-૧૯૨૨	વી. પી. મહેતા	૨-૩-૧૮૯૭	બી. સી. આલ્વા	૨૩-૯-૧૯૨૩
સૈયદ મુશ્તાકઅલી	૧૩-૧૦-૧૯૧૪	ઉદય મર્ચેન્ટ	૧૪-૧૦-૧૯૧૬	સુટે બેનરજી	૯-૧૦-૧૯૧૩
વિનુ માંકડ	૧૪-૪-૧૯૧૭	સી. એસ. નાયુડુ	૧૯-૪-૧૯૧૪	કે. સી. ઇબ્રાહીમ	૨૬-૧-૧૯૧૯
રૂસી મોદી	૧૧-૯-૧૯૨૪	ભાઉસાહેબ નિંબાલકર	૧૨-૧૦-૧૯૧૯	કેકી તારાપોર	૭-૧૨-૧૯૧૦
નીરદ ચૌધરી	૧-૨-૧૯૩૨	પીલુ ઈ. પાલિયા	૫-૯-૧૯૧૦	માધવ આપ્ટે	૧૯૩૨
હીરાલાલ ગાયકવાડ	૨૯-૮-૧૯૨૮	સી. આર. રંગાચારી	૧૪-૪-૧૯૧૬	એ. એસ. ક્રિષ્ણસ્વામી	૩-૪-૧૯૩૩

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

(ફોટોગ્રાફો માટે જુઓ પૂઠાનું પાછલું પાનું)

પહેલું ઈનામ: (નામ વિનાનું ચિત્ર)-મહેન્દ્ર શાહ, મુંબાઈ; બીજું ઇનામ: 'અમે બન્ને'–દેવકૃષ્ણ મણિયાર, પૂના. નોંધપાત્ર (૧) 'પૈડાં': ભગવતીબહેન પટેલ–પોરબંદર; '(૨) જંગલમાં ગાડી': કિશોર ન. ગોરધનદાસ–મુંબાઇ; (૩) 'ઘરભણી': એ. આર. શાહપુરવાળા–મુંબાઇ; (૪) 'વમળ': સિદ્ધાર્થ શેઠ–અમદાવાદ.



કલામય ફોટોગ્રાફ કોને કહેવો?

દુનિયાનાં લગભગ બધા દેશનાં ઘણાંખરાં મોટાં શહેરોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફિક પ્રદર્શનો યોજાય છે. પ્રત્યેક છબિકાર પોતાના ચિત્રને આવા પ્રદર્શનની ભીંતે લટકતું જોવા વાંછે છે અને ઈનામ મળે તો કૃતાર્થતા માને છે. કસોટીમાં ઈનામ મેળવવાની આ તાલાવેલીથી હરીફ પ્રદર્શનના નિર્ણાયકો(જજ)ની મનોદૃષ્ટિ તથા અભિરુચિને સંતોષવા મથે છે. પરિણામે સર્જનનો આનંદ ઓસરી જાય છે. છબિકાર પોતાની ઊર્મિઓને વિસરીને ઝાંઝવાનાં જળ જેવી કોઇ અનિશ્ચિત વસ્તુને પામવા મથે છે. જાણ્યે અજાણ્યે તે જાણીતાં ચિત્રોની અનુકૃતિ પણ કરવા માંડે છે. આમ, પોતાનામાં રહેલી કુદરતી સર્જનવૃત્તિને દબાવી દઇ વિવિધ પ્રકારની ટેકનીકનો તે દાસ બને છે, અને ઈનામો જીતી જનારાં ચિત્રો જેવાં ચિત્રો ઉપજાવવાના પ્રયાસમાં પોતાની મૌલિકતા ગુમાવી બેસે છે.

આજકાલ જગતના અગ્રગણ્ય ફોટોગ્રાફરોમાં બે ભિન્ન પ્રકારની અને વિરોધી વિચારસરણી પ્રવર્તે છે. એક જૂથ ફોટોગ્રાફીની ટેકનીકને પ્રધાનપણે ગણે છે. તેમાં પ્રદર્શનોના યોજકો અને નિર્ણાયકોનો સમાવેશ થાય છે. બીજા વર્ગના વિવેચકો ફોટોગ્રાફમાં રહેલા સર્જન તત્ત્વને મહત્ત્વ આપે છે; ચિત્ર કેટલે અંશે અંતરમાં ભાવ જગાવે છે તે જુએ છે. તેમને મન ટેકનીક ગૌણ છે. ટેકનીકને તેઓ ફક્ત વિચારોને સંપૂર્ણ સ્પષ્ટ રૂપ આપવામાં સર્જકનું સહાયક સાધન માને છે. તેનો ઉપયોગ કલાકારની સર્જનવૃત્તિને બહેલાવવામાં થવો જોઇએ, રૂંધવા માટે નહિ, એવું તેઓ પ્રતિપાદન કરે છે. કેવળ ટેકનીકને જ પ્રધાનપદ આપનારા ચિત્રનું હૃદયસ્પર્શી તત્ત્વ વિસરી જઇને ટેકનીકના જ પૂજારી બને છે. સહેજે આથી ઍમૅટરના મનમાં પ્રશ્ન થાય છે કે 'ત્યારે કલામય ફોટોગ્રાફ કોને કહેવો?' કાળા ધોળા અને ભૂખરા રંગના બધા વર્ણભેદને ન્યાય આપનાર ફોટોચિત્રને જ કલામય ગણવું? કે કલામય ફોટોગ્રાફ ઓળખવાની બીજી કોઈ ચાવી છે? કોઈ ચિત્રને જોતાવેંત હૃદયમાં માનવસુલભ એકાદ ઊર્મિ ઉદ્‌ભવે તો જાણવું કે તે ચિત્રનું સર્જન સાર્થક છે.

આ વખતે આવેલા સમૂહમાં આવાં ચિત્રો ખાસ નથી. પહેલું ઇનામ મેળવનાર ભાઈ મહેન્દ્ર શાહનું ચિત્રવસ્તુ સાવ સાદું છતાં રસપ્રદ છે. દરિયાકિનારે લીલા નાળિયેરનું પાણી પીને કોઇએ ફેંકેલા નિર્જીવ કાચલાની એ છબિમાં ભાઈ શાહે ઘણું કહી નાખ્યું છે. કાચલાની બરછટ અને છૂંછાંવાળી સપાટી તથા ઓટનું સૂચન કરતા દરિયા કિનારાની રેતીના સળ હૂબહૂ ઉતારવા માટે તેમણે આથમતા સૂર્યનાં મૃદુ અને ત્રાંસાં કિરણોનો ઉપયોગ કર્યો છે. કોઇ પણ વસ્તુની સપાટી(surface) અથવા ભાત (texture)ની રજૂઆત કરવા માટે પ્રકાશ બને તેટલો બાજુએથી લેવો જોઇએ. પ્રકાશની આ ટેકનીકનો ચિત્રમાં સદુપયોગ થયો છે. તેવી જ રીતે ભાઈ શાહે ફોકસિંગની ટેકનીકની મદદથી ચિત્રવસ્તુમાં ઘનતા આણી છે. કાચલાં ઉપર પૂરેપૂરું ફૉકસિંગ કરી, યોગ્ય ડાયફ્રામ વાપરી, પશ્ચાદ્‌ભૂમિમાં આવેલી વસ્તુઓને થોડી ફોકસ બહાર સૉફ્ટ રાખી છે. બીજા કોઈ શિખાઉએ ઝીણો ડાયાફ્રામ વાપરી ચિત્રવિસ્તારમાં આવતી બધી જ વસ્તુઓને તીક્ષ્ણ સ્વરૂપમાં ઝડપી હોત. આ પ્રકારના ફોકસિંગથી ચિત્રવસ્તુને ઘનતા મળે છે. ભાઈ શાહે પોતાને કહેવાની વસ્તુ થોડી ચીજોમાં કહી છે, તેમાં જ ચિત્રની સફળતા છે.

ચિત્રને એમણે નામ નથી આપ્યું એ નિયમનો ભંગ છે. આ વખતે તે ચલાવી લઇએ છીએ. હવેથી નામ નહિ અપાએલું ચિત્ર એ નિયમભંગને કારણે ગણનામાં સહન કરશે એટલી જાહેર ચેતવણી આપીએ છીએ.

બીજા ઈનામને પાત્ર ભાઇ દેવકૃષ્ણ મણિયારના 'અમે બન્ને' ચિત્રની ટેકનીક ઉમદા છે. પાણી તથા હંસનાં ભીનાં શરીરની સપાટી આબાદ ઊતરી છે, પરંતુ હંસની સજીવતા પ્રતીત થતી નથી. હંસની ખાસિયતોનું નિરીક્ષણ કરીને યોગ્ય સમયે કૅમેરાની ચાંપ દાબવી જોઇએ.

નોંધપાત્ર ચિત્રોમાં ભગવતી બહેન પટેલના ચિત્ર 'પૈડાં' અને ભાઈ કિશોર ન. ગોરધનદાસના 'જંગલમાં ગાડી'માં રેલવેનાં બે સ્વરૂપ રજૂ થયાં છે. પહેલામાં એન્જિનના ભાગ વગેરેને પડછે વરાળને, અને બીજામાં જંગલ-ઝાડીની પશ્ચાદ્‌ભૂમિને પડછે ધુમાડાને ઉઠાવ આપવાના પ્રયત્નો પ્રશસ્ય છે. પહેલામાં અચેતન પડેલી વસ્તુનું સૌંદર્ય અને બીજામાં પોતાની જ ગાડીના એન્જિનને ગાડીમાં બેઠેબેઠે મનોહર વાતાવરણમાં ઝડપવાની દૃષ્ટિ એ પ્રેરક તત્ત્વો છે.

ભાઈ શાહપુરવાળાએ 'ઘરભણી'માં ઊંચા દૃષ્ટિકોણથી રસ્તા ઉપરથી પસાર થતાં ગધેડાંને ચિત્રમાં ઉતાર્યાં છે (જુઓ ઉપર). ચિત્રનું એક્સપોઝર ભલે સાચું હોય, પણ દૃષ્ટિકોણ તથા છાયા–પ્રકાશનો પ્રયોગ સાચો નથી. મતલબ કે ચિત્રસંયોજન તથા ટેકનીક સમજપૂર્વકનાં નથી. માટે જ ચિત્ર જોનારને આકર્ષતું નથી. ભાઈ સિદ્ધાર્થ શેઠનું 'વમળ' ચિત્ર પણ આવાં જ કારણોસર મોળું પડે છે. ચિત્ર આડું કે ઊભું સારું લાગશે તેનો તેમણે વિચાર કર્યો નથી. ચિત્રવિસ્તાર ઉપરથી ઝૂકી રહેલાં છૂટાંછવાયાં પાંદડાંના ગુચ્છનો ચિત્રવસ્તુ સાથે કોઈ એકરૂપ સંબંધ જોડાતો નથી.

બલવન્ત ભટ્ટ

આ હરીફાઈના નિયમો અમે અવારનવાર 'કુમાર'માં પ્રકટ કરતા રહ્યા છીએ. જેમને જાણ ન હોય તે અમારી પાસેથી મંગાવી લે, પણ તેનું પાલન બરોબર કરે એવો આગ્રહ છે, કેમકે ભાગ લેનારા હરીફો નિયમોનું બરોબર પાલન કરતા ન હોવાને કારણે કેટલાંક ચિત્રો ગણનામાથી નીકળી જાય છે. દાખલા તરીકે કેટલાક હરીફો અતિ નાના, તદ્દન કાચા તથા ૨૧×૨૧ ઇંચના માપના સીધા 'કૉન્ટૅક્ટ પ્રિન્ટ' જ મોકલે છે તે ગણનામાં લેવાતાં નથી. ચિત્ર સામાન્ય રીતે ૭×૪ ઇંચથી નાનું ન જોઇએ. ૬×૪ ઈંચથી મોટાં ચિત્રો પણ અનુકૂળ નથી.

ગુજરાતની ગુપ્તકાલીન શિલ્પસમૃદ્ધિ

લેખક : ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

પ્રાચીન ગુજરાતના ઉત્કૃષ્ટ શિલ્પના પ્રતિનિધિ રૂપ અતીવ સુંદર માતૃમૂર્તિની જે કલાકૃતિ ગયા અંકની ચિત્રપ્લેટ તરીકે આપી હતી તે કોટયર્ક મંદિરમાંથી મળેલી છઠ્ઠા સૈકાની ગુપ્ત શિલ્પકૃતિ હતી. ઉત્તર ગુજરાતના બીજાપુર ગામ પાસે મહુડી મુકામે આવેલા, ખડાયતા વણિકોના ઇષ્ટદેવ કોટયર્કના એ મંદિરમાંની એવી જ બીજી માતૃમૂર્તિઓ પણ હાલ નવા કોટયર્ક મંદિરમાં છે (જુઓ આ પાના પર ચિત્ર ૬ ને ૬અ). આ શિલ્પને સ્કન્દ-માતાનું—પાર્વતીનું શિલ્પ કહેવામાં વાંધો નથી, કેમકે તેના પગ પાછળ તેના વાહન મોરની સુંદર આકૃતિ છે. પાર્વતીનું વાહન મોર હતું એમ જાણીને કોઇને આશ્ચર્ય થશે. એ પ્રણાલી આજે ભલે લુપ્ત થઈ હોય, પણ છઠ્ઠા સૈકામાં જરૂર હતી. એની સાબિતી રૂપ નીચે ચિત્ર નં. ૭માં દર્શાવેલું શિવ-પાર્વતીનું શિલ્પ છે. આ શિલ્પ શામળાજીથી મળેલું, મરકત શિલાનું (schistનું) બનેલું, અને ખૂબ સુંદર ઘડતરનું છે. વૃષભવાહન શિવની બાજુમાં, પુત્ર સાથે મયૂરવાહના પાર્વતી ઊભેલાં છે. મયૂર એ સ્કન્દ-કાર્તિકેયનું વાહન હોવાથી, અહીં દેવીના સ્કન્દમાતા તરીકેના સ્વરૂપ ઉપર ભાર મૂકેલો છે. એ શિલ્પ માતૃકાઓના શિલ્પથી કંઈક પછીનું-ઈ.સ.ના છઠ્ઠા સૈકાના અંત ભાગનું, સંભવતઃ ઈ. સ.ના સાતમા સૈકાના પૂર્વાર્ધનું હોઈ શકે. પાર્વતીના ગળામાં એકાવલિ તો છે જ, જ્યારે શિવના ગળામાં બેવડી મોતીની સેરનો હાર છે.

આમ, મહુડીની પેલી મયૂરવાહના દેવી એ સ્કન્દ-માતા પાર્વતી જ છે તેની ખાતરી કરી લીધા પછી હવે એ શિલ્પની સુંદરતાનો વિચાર કરીએ. કેશગુંફન એનું વિશિષ્ટ પ્રકારનું છે. ગૂંથેલી સેરની લટ પાછળ ખભા ઉપર લટકે છે, જ્યારે માથા ઉપર અંબોડો લઈ, એની આગળ ગૂંથેલી સેરની બેવડી હાર ગોળાકારે લઈ, પછીથી છેડો ખભે લટકતો રાખ્યો છે. આગળના ભાગમાં વાંકડિયા વાળ વચમાં સેંથો પાડી ઓળેલા છે.





↑ચિત્ર ૬. ઉત્તર ગુજરાતના મહુડી મુકામેથી મળેલી માતૃમૂર્તિ. તેમાં મૂકેલા મયૂર પરથી તેને સ્કંન્દ (કાર્તિકેય)ની માતા પાર્વતી પણ ગણાવી શકાય. એવી જ એક બીજી માતૃમૂર્તિ (→ચિત્ર ૬અ) પણ આ જ સ્થળેથી પ્રાપ્ત થએલી છે, જેનું એક મોટું ચિત્ર ગયા અંકના પૂઠાની અંદરની ચિત્રપ્લેટમાં આવી ગયું છે. (બંને ફોટો : ર. મ. રા). સામે ↓ચિત્ર ૭ : શામળાજીથી મળેલું મરકત શિલાનું બનેલું સુંદર શિલ્પ શિવ-પાર્વતી : તેમાં પણ વૃષભ-વાહન શિવની સાથે મયૂરવાહના પાર્વતી બતાવેલાં છે. (ફોટો : લેખક)





ચિત્ર ૮ : જૈન સંપ્રદાયની શાસનયક્ષી અંબિકાદેવી. (ફોટો · ઉમાકાન્ત શાહ)

પ્રસન્નવદના દેવી બાળકને રમાડે છે કે કંઈક ખવડાવે છે. બાળક એક વામન-આકૃતિ ગણના ખભા પર બેઠેલું છે. દેવીનો બાજુબંધ, શામળાજીના વીરભદ્ર શિવ અને માતૃકાઓની મૂર્તિઓમાં મળતા બાજુબંધ જેવો છે. જમણા પગ ઉપર લટકાવેલા રેશમી વસ્ત્રનો છેડો, કોટયર્કમાંથી મળેલી બીજી માતૃમૂર્તિની યાદ આપે છે. પણ આ પ્રતિમા આકૃતિ નં. ૬અમાંની ઉપર વર્ણવેલી (ગયા અંકના પાછલા પૂંઠામાં આપેલી) કોટયર્કની બીજી પ્રતિમા કરતાં કંઈક જૂની લાગે છે અને એને ઈ. સ.ના છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધની ગણી શકાય.

માતા અને શિશુની પ્રાચીન પ્રતિમાઓનો વિચાર કરતાં અહીં સાથેસાથે જૈન સમ્પ્રદાયમાં મળતી માતા અને શિશુની ગુપ્તકાલીન પ્રતિમાનું પણ દર્શન કરી લઇએ. બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથની શાસનયક્ષી અંબિકાદેવી તરીકે ઓળખાતી યક્ષિણીનું વાહન



ચિત્ર ૯ : માતાશિશુ : પાર્વતીગણેશ

સિંહ હોય છે ને એની સાથે એક અથવા બે પુત્ર હોય છે. ઘણુંખરું પ્રાચીન પ્રતિમાઓમાં એક જ બાળક મળે છે. ડાબી બાજુ ચિત્ર ૮માં દર્શાવેલી અંબિકાદેવીની મનોહર ધાતુપ્રતિમા અકોટાના ધાતુપ્રતિમા-સંગ્રહમાંથી મળેલી છે. તેની પાછળના ભાગમાં એક લેખ કોતરેલો છે, જે કંઈક ખંડિત છે. એના ઉપરના અક્ષરો ઈ.૫૫૦-૬૦૦ આસપાસના લાગે છે, પણ પ્રતિમા કંઈક ખંડિત થઈ હતી ને પાછળથી થોડો ભાગ સુધારેલો, અથવા સુધારી નવો જોડચો–સાંધ્યો હોય એવું લાગે છે. ખાસ કરીને જમણી તરફ ઊભેલા બાળકની આકૃતિ આવું સાંધણ કરી જોડેલી લાગે છે. એ લેખનું પતરું પણ તૂટી ગયું હોય ને ફરી સાંધ્યું હોય એવો કંઈક વહેમ જાય છે. પણ અત્યારે તો આ પ્રતિમાને લેખની લિપિ ઉપરથી ઈ.સ.ના છઠ્ઠા સૈકાના અંત ભાગની માનવી જ ઇષ્ટ ગણાય.

ગુજરાતની પ્રાચીન ધાતુપ્રતિમાઓમાં આ એક અતીવ સુંદર નમૂનો છે. દેવીના મુકુટની રચના એ સમયના મુકુટ જેવી છે. કૈંક બેઠી દડીના દેહ પર મોટું ભરાવદાર પ્રસન્ન વદન છે. આંખો ચાંદી ચોડેલી છે તે કૈંક ઘસાઈ ગઈ છે. નારીદેહની આ રચના સમજવા જેવી છે, ખભા આગળથી બહુ પહોળો નહિ એવો દેહ કોમળ છતાં સુદૃઢ, આરોગ્યયુક્ત છે. કમર સંકુચિત, ને તેથી નીચે પેડુનો ભાગ કૈંક ઊંચો આવેલો, વિકસિત, સુફલ માતૃત્વવાળો, મધ્યા કે પ્રૌઢાના શરીર જેવો બતાવાયો છે અને તનુમધ્યમા, પૃથુજઘનાનો ખયાલ આપે છે. વસ્ત્ર ઉપરની ભાત પણ નોંધવાલાયક છે અને તે અજંતાની ચિત્રકારીની યાદ આપે છે. પ્રતિમા પાછળ લેખ મળ્યો ન હોત તો આ પ્રતિમાને છઠ્ઠા સૈકામાં મૂકવા કોઈ ભાગ્યે તૈયાર થાત; પણ એ લેખની લિપિને લીધે પાંચમા સૈકામાં મૂકવી પડે એમ છે. અંક ૩૭૨માં ચિત્ર નં. ૫ અને ૬ તરીકે આપેલી જીવન્તસ્વામી ને બ્રહ્માની ધાતુપ્રતિમાઓ પ્રાચીન પશ્ચિમી(શાર્ઙ્ગધરની)કલાની શરૂઆતની લાગે છે,



→ નીચે: 'માતા અને શિશુ'નાં ગુજરાતનાં પ્રાચીન શિલ્પો શામળાજી પાસે 'દેવની મોરી'માંથી મળેલી 'માતૃકાઓ'.

જ્યારે આ પ્રતિમા કંઈક પછીની પણ એ જ શૈલીની છે. વળી આને ચિત્ર નં. ૬ના સ્કન્દમાતાના નારીદેહ સાથે સરખાવવાથી લાગશે કે બેઉને છઠ્ઠા સૈકામાં ગણવામાં વાંધો નથી.

ઈડર રાજ્યમાં ટિંટોઈ મુકામેથી મળેલી એક બીજી 'માતા-શિશુ'ની પ્રતિમા નોંધવા જેવી છે. એમાં જમણી બાજુએ ચતુર્ભુજા પાર્વતી છે ને ડાબી બાજુએ પાર્વતી જેટલી જ ઊંચી આકૃતિએ નૃત્ય કરતા ગણેશનું સુંદર આલેખન છે. (સામે ચિત્ર ૯) અહીં પણ પાર્વતીના વાહન તરીકે મયૂર જ છે, જોકે એ આકૃતિ ખંડિત હોવાથી અસ્પષ્ટ છે. પાર્વતી અને ગણેશના પગની વચ્ચે નાની આકૃતિ છે તે ગણેશના વાહન ઉંદરની મોટી આકૃતિ લાગે છે. પાર્વતીના નીચેના ડાબા હાથમાં અસુરનું મસ્તક છે, ને ઉપરના ડાબા હાથમાં ત્રિશૂલ છે. જમણો એક હાથ કટિએ સ્થિત છે(જે કટિ-હસ્ત કહેવાય). જમણો ઉપલો હાથ ખંડિત છે.



મથાળે પહેલી હાર: ચિત્ર નં. ૧૦ વારાહી, નં. ૧૧ ઐન્દ્રી, નં. ૧૨ ચામુંડા; બીજી હાર: નં. ૧૩ સ્વાહા કે આગ્નેયી; નં. ૧૪ કૌમારી.




આ આકૃતિ (ચિત્ર નં. ૯) અતિ સુંદર છે. દેવીના મસ્તકે જટા-મુકુટ ધારણ કરેલો છે. દેવીની તેમજ નૃત્ય કરતા ગણેશની આકૃતિઓ ખૂબ મનોહર ને સજીવ છે. દેવીની કમ્બૂગ્રીવા, બારીક વસ્ત્ર, સુડોલ હસ્તપાદ વગેરે અંગની સુંદરતાને પોષે છે. જમણો પગ ઘૂંટણેથી સહેજ વળેલો રાખી તે ત્રિભંગમાં ઊભાં છે. આ પ્રતિમા ગુપ્તકાલના અંત ભાગે છઠ્ઠા સૈકામાં ઘડાઈ હોવી જોઇએ. દેવીના હાથમાંનું અસુરનું મસ્તક અને ચામુંડા(ઉપર ચિત્ર ૧૨)ના હાથમાંનું મસ્તક, બેઉની મુખાકૃતિ યાવની (Hellenistic) અસર બતાવે છે.

'માતા શિશુ'ની ગુજરાતની અન્ય પ્રાચીન કૃતિઓમાં ખાસ નોંધપાત્ર તો શામળાજી પાસેની દેવની મોરીની માતૃકાઓની છે.(જુઓ ઉપર) તેમાં ચિત્ર નં. ૧૦ વારાહીની, નં. ૧૧ ઐન્દ્રીની, નં. ૧૨ ચામુંડાની, નં. ૧૩ સ્વાહા અથવા આગ્નેય માતૃકાની અને નં. ૧૪ કૌમારીની છે. દેવીઓનાં વસ્ત્રો અતિ બારીક છે ને એની સુંદર કરચલીઓ દર્શાવેલી છે. ગાંધાર શિલ્પોમાં પણ આવી સુંદર કરચલી-ઓ પાડેલાં વસ્ત્રો જોવા મળે છે. ગુપ્ત યુગના મધ્ય હિંદમાંથી મળેલા ભૂમારા વગેરે સ્થળોનાં શિલ્પો સાથે સરખાવવાથી આ શિલ્પો પ્રાચીન અને પાંચમા સૈકાની શરૂનાં લાગે છે.

ઈડરનાં આ શિલ્પો સાથે જ શામળાજીમાંથી મળેલી કાર્તિકેયની પ્રતિમા (ડાબી બાજુ ચિત્ર નં. ૧૫) પણ પાંચમા સૈકાની છે. દેવના જમણા હાથમાં 'શક્તિ' ધારણ કરેલી છે, જ્યારે ડાબા હાથે કુક્કુટ પકડી કટિએ રાખેલો છે. આકૃતિ ૧૬માં (જુઓ પાછળ) એ જ મૂર્તિનું મોટું દર્શન બતાવ્યું છે જેથી દેવસેનાપતિને યોગ્ય એમનું વીરસ્વરૂપ કેટલી સફળતાથી ઘડ્યું છે તેનો ખયાલ આવશે.

આકૃતિ નં. ૧૭ તથા નં. ૧૮માં બતાવેલી કબન્ધ આકૃતિઓ, કોઈ યક્ષના કે સંભવતઃ શિવના






↑ ચિત્ર ૧૬: કાર્તિકેય(મોઢું દર્શન)↓ ચિત્ર ૧૭-૧૮ : ભૂરા લીલા રંગની મરકત શિલાની બનાવેલી, શિવના પ્રાચીન શિલ્પની કબંધ આકૃતિઓ

પ્રાચીન શિલ્પની છે. (જુઓ મથાળે જમણી બાજુનાં બે ચિત્રો નં. ૧૭ અને ૧૮.) ભૂરાશ પડતા લીલા રંગની આ મરકત શિલા(Schist) ની આકૃતિને મૂળ તો સુંદર ચળકાટ–ઓપ હતો. એનાં નિશાનો આ ભગ્ન શિલ્પ ઉપર હજુ પણ સ્પષ્ટ દેખાય છે. આ પ્રતિમાના કમરબંધ અને એની નીચેના લગભગ વર્તુલાકાર વળાંકની શૈલીને મથુરાનાં કુશાણકાલીન શિલ્પો સાથે સરખાવતાં આ પ્રતિમા ત્રીજા સૈકાના ઉત્તરાર્ધની કે ચોથા સૈકાની હોય એમ ચોક્કસ લાગે છે. એની સાથે 'કુમાર'ના ૩૭૨મા અંકમાં રજૂ કરેલી પરેલ (મુંબાઇ) ની અષ્ટમૂર્તિ શિવની મહાકાય પ્રતિમા સરખાવી જોવાથી સમજાશે કે આ કલાની અસર દક્ષિણમાં છેક પ્રાચીન સોપારા નગરી અથવા હાલના મુંબાઇની આજુબાજુના પ્રદેશ સુધી વિસ્તરેલી હતી.



↑ (ઉપર) શામળાજીમાંથી મળેલી એક માતૃકામૂર્તિ : માહેશ્વરી
↓ (નીચે) ચિત્ર૧૯:વડોદરા પાસે કારવણમાંશિવ-પાર્વતીની મૂર્તિ





ચિત્ર નં. ૧૨ : વડોદરા પાસેના અકોટા મુકામેથી મળી આવેલી રૂપસુંદર ધાતુપ્રતિમાઓના સમૂહમાંની એક : 'ઋષભદેવજી'

વડોદરા પાસે કારવણ મુકામે અત્યારે સુથાર ઓવારે એક ગોખમાં ગોઠવવામાં આવેલી હર-ગૌરી(શિવ-પાર્વતી)ની પ્રતિમા સામેના પાના ઉપર આકૃતિ નં. ૧૯માં રજૂ કરી છે. શિલ્પ ઘણું સુંદર છે. શિવની વીરપુરુષાકૃતિ ગુપ્ત સમયના આદર્શોને અનુરૂપ છે. સંભવતઃ આ પ્રતિમા ઇ. સ.ના છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધમાં બનેલી છે.

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, જેઓ જૈન સમ્પ્રદાયના એક મહાન આચાર્ય થઈ ગયા, તેઓના સ્વહસ્તે પ્રતિષ્ઠિત બે ધાતુપ્રતિમાઓ અકોટાના સંગ્રહમાં જડી આવી હતી. આકૃતિ નં. ૨૦માં રજૂ કરેલી છબિમાં વચ્ચે કમલ ઉપર કાયોત્સર્ગ મુદ્રાએ ઊભેલા ઋષભનાથજીના પગની સામે ધર્મચક્ર અને હરિણયુગલ બતાવ્યાં છે. પ્રતિમાના પીઠને જમણે તથા ડાબે છેડે બે કલામય પદ્મો ઉપર (અનુક્રમે) શ્રી ઋષભનાથનાં યક્ષ અને યક્ષિણીની સુંદર આકૃતિઓ છે. યક્ષનું રૂપ કુબેર જેવું, એક હાથમાં બીજોરું અને બીજા હાથમાં નકુલકી (નોળી-money-bag) સાથેનું; જ્યારે યક્ષિણી અંબિકા એક હાથમાં આમ્રલુંબિ અને બીજા હાથમાં બાળક સાથે બેઠેલાં છે. આગળ આકૃતિ નં. ૮માં રજૂ કરેલી આ જ સંગ્રહમાંની અંબિકાદેવીની ભવ્ય ધાતુપ્રતિમા અને આ પ્રતિમા બેઉ સરખાવી જોવા ખાસ ભલામણ છે. આ પ્રતિમા એથી સહેજ વધુ પ્રાચીન લાગે છે. બેઉ પ્રતિમાઓ ઈ. સ. ના છઠ્ઠા સૈકાની છે પણ આ પ્રતિમા ઈ. સ.ના છઠ્ઠા સૈકાના પૂર્વાર્દ્ધમાં બનેલી, ઈ. સ. ૫૨૫-૫૫૦ આસપાસની ગણવી જોઇએ. પ્રતિમા પાછળ લેખ છે, તેમાં સંવત્ નથી પણ લિપિ જોતાં ઉપરનો સમય ઠીક લાગે છે.


પ્રાચીન પશ્ચિમ શૈલીના ધાતુશિલ્પ તરીકે જ ગણાવી શકાય એવી વિશિષ્ટતાઓ આ શિલ્પમાં છે. આકૃતિ ૨૦ જોવાથી સમજાશે કે દીર્ઘાયતન નેત્રો, કંઇક ચોરસ જડબાં(squarish jaw-bone)યુક્ત આકૃતિઓ ઋષભદેવની તથા યક્ષની છે. યક્ષ-યક્ષિણીનાં મસ્તકો પાછળની જ્વાલામય પ્રભાવલિનો આકાર પ્રાચીન ગવાક્ષના જેવો, મથાળેથી સહેજ અણીદાર બતાવેલો છે. આ જાતનાં ઘાટ અને સુશોભનવાળી પ્રભાવલિ આપણને ગુજરાતના ધાતુ-શિલ્પમાં આટલા પ્રાચીન સમયના નમૂનામાં મળે છે, અને ગુર્જરકલામાં, પશ્ચિમી કલાકૃતિઓમાં સવિશેષ આદર પામેલી છે. યક્ષ અને યક્ષિણીના દેહઘડતરમાં કલાકારે જે નિપુણતા બતાવી છે તે ખરેખર ગુજરાતને ગૌરવ લેવા જેવી હકીકત છે.

(વિશેષ કલાસામગ્રી હવે પછી)

માંદગીનાં મૂળ

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની

એ લેખમાળાનો એ જ નામનો ત્રીજો હપતો



શરીરમાં રોગનાં સ્થાનો અવયવો હોવા ઉપરાંત શરીરની સમતુલા જાળવનાર આંતરસ્રાવી ગ્રંથિઓ અને એમના સ્રાવો પણ છે. આ સ્રાવોની વિપુલતા કે અભાવને લીધે પણ રોગાવસ્થા આવી પડે છે.

આપણે આગળ જોઇ ગયા કે 'માંદગી એ શરીરનું લક્ષણ છે. આરોગ્ય નહિ પણ માંદગી એ નિયમ છે.' આના સમર્થનમાં જાણવા જેવું છે કે આપણું શરીર જ રોગોના ધામ જેવું છે. માંદગીનાં મૂળ શરીરમાં જ નંખાએલાં છે. એમાં આવેલા કેટલાક અવયવો બિનઉપયોગી છે, અને જાણે કે ફક્ત રોગ થઈ આવવા માટે જ તે નિર્માયા હોય એમ લાગે છે!

નાનાં અને મોટાં આંતરડાંના મિલન આગળ આંત્રપુચ્છ (ઍપેન્ડિક્સ) આવેલું છે. પ્રાગૈતિહાસિક કાળમાં માનવીના બરછટ ખોરાકના પાચન માટે આ અવયવ ઉપયોગી હતો; પણ હવે ખોરાક સફાઈદાર થતાં એની ઉપયોગિતા રહી નથી. એના પોલાણમાં ફળનાં બિયાં કે મળની ગાંગડી ભરાતાં યા રોગજીવાણુઓને લીધે એમાં સોજો આવતાં 'ઍપેન્ડિસાઇટિસ'નામનો ઉગ્ર ને જીવલેણ વ્યાધિ થઇ આવે છે. બરોળ પણ રોગનું ધામ બન્યા સિવાય બીજું ખાસ કામ નથી કરતી. આઠ ઔંસનું એનું વજન વધીને રોગ વખતે વીસ રતલ થઈ પાસેના અવયવો પર દબાણ લાવે છે. ચોળિયા ફેફસાંમાં જતા જીવાણુઓને રોકી, ગાળી નાશ કરવા કાજે ગળામાં આવેલા છે; પણ એ કામ તો તે અરધું ઉપાડે છે. તેઓ જીવાણુઓને રોકી રાખે છે, પણ નાશ કરતા નથી. અને પરિણામે તે પોતે જ ચેપી બની ગળામાં 'ટૉન્સિ લાઇટિસ' નામનો ઉપદ્રવ ઊભો કરે છે. કલેજાના પાછલા ભાગમાં આવેલા પિત્તાશયનું પિત્ત ખોરાકના પાચનમાં ઉપયોગી છે. પણ એમાં પિત્તની પથરી જામે છે ત્યારે પીડા ઊભી થાય છે. ક્વચિત્ તો કમળો થઇ આવી તે ફાટી પણ જાય છે. અને આવે વખતે તાબડતોબ શસ્ત્રક્રિયા કરાવવી પડે છે. જો એની નલિકા મોટી હોત તો આવી પીડા ઊભી ના થાત! અગર તો ખુદ એ પિત્તાશય ના હોત તો પણ ચાલત. ઉંદર, ઘોડા ને હરણને પિત્તાશય ક્યાં છે? ઑપરેશનથી તે કાઢી નાખ્યા બાદ દરદીઓ ક્યાં નથી જીવતા હોતા? આપણે ચોપગા મટી ટટ્ટાર ઊભા થતાં શીખ્યાના પરિણામે જ, વજનના દબાણ નીચે હરસ અને 'વેરીકોઝ વેઇન્સ'ના ભોગ થઈ પડીએ છીએ.

વળી, રોગ થઇ આવવા માટે શરીરના બાંધાનાં કેટલાંક બળો પણ ભાગ ભજવે છે. આ બળો છે જાતભેદ, જાતિભેદ અને કૌટુમ્બિક વારસો. જાતભેદમાં યહૂદીઓ, હિન્દુઓ અને ઇટાલિયનોને ડાયાબીટીસ-મધુપ્રમેહ વધુ પ્રમાણમાં થઇ આવે છે. યહૂદીઓ પરમિયાથી મુક્ત છે, તો આફ્રિકનોને તે વધુ થઈ આવે છે. એસ્કિમો, હિંદીઓ અને પોલિનેશિયનો ક્ષયના વધુ ભોગ બને છે. હબસીઓ સીકલસેલ એનિમિયા–રક્તક્ષયના અને નૉર્ડિકો દુષ્ટપાંડુના ભોગ બને છે. કૌટુંબિક વારસામાં આવતા રોગોમાં રક્તસ્રાવ, રંગઅંધાપો અને ભૂરિયું શરીર છે.

હવે જાતિભેદ વિષે માનવશરીરના બે વિશિષ્ટ પ્રકાર છે: સ્ત્રી અને પુરુષ. આ તફાવત તદ્દન સંપૂર્ણ નથી. એ તો જાણીતી હકીકત છે કે પુરુષમાં સ્ત્રીત્વ અને સ્ત્રીમાં પુરુષત્વનો અંશ રહેલો છે. કોક વાર બીજી જાતિનો અંશ વધારે તો કોક વાર બન્ને અંશો સરખા હોય છે. જ્યારે સ્ત્રીમાં પુરુષત્વનો અંશ વધારે હોય ત્યારે તેને પુરુષને થઇ આવતા રોગો થવાનું વલણ રહે છે. જ્યારે પુરુષમાં સ્ત્રીનો અંશ વધુ હોય ત્યારે આનાથી ઊલટું બને છે.

વૈદક ક્ષેત્રમાં જાણીતી હકીકત છે કે પુરુષો કરતાં સ્ત્રીઓમાં પિત્તાશયના રોગો પાંચથી છ ગણા વધારે થાય છે. આવો સ્ત્રીઓમાં વધારે પ્રમાણમાં થતો બીજો રોગ એક્ઝોપ્થેલ્મિક ગૉઇટર છે. જ્યારે સ્ત્રીઓ કરતાં ચારથી પાંચ ગણા વધારે પ્રમાણમાં પુરુષો હોજરીનાં ચાંદાંના ભોગ બને છે. પુરુષને હોજરીનું કૅન્સર તો સ્ત્રીને સ્તન અને ગર્ભાશયનાં કૅન્સર વધારે થઈ આવે છે.

આ ઉપરાંત અમુક રોગ થઇ આવવા સાથે શરીરના બાંધાને ઘનિષ્ટ સંબંધ છે. પાતળા માણસોને મોટાં ફેફસાં હોઇ ફેફસાંનાં બધાં હવાખાનાં સુધી હવા પહોંચતી નથી. વળી બધાં હવાખાનાંની અશુદ્ધ હવા બહાર નીકળતી પણ નથી. આમ હોવાથી આ લોકો ક્ષયના ભોગ બનવા સંભવ રહે છે. જ્યારે જાડા માણસોને ફેફસાં નાનાં હોવાથી પુષ્કળ પ્રમાણમાં પ્રાણવાયુ આવતોજતો ન હોવાના કારણે બધા ખોરાકનું પૂર્ણ જ્વલન ના થવાથી તે ચરબીરૂપે શરીરમાં સંઘરાય છે, જે એમના જાડચને સંબંધકર્તા છે.

પાતળા માણસોને હૃદય કે ધમનીના રોગો ભાગ્યે જ થાય છે. જો તેઓ જુવાનીનો કાળ ક્ષયનો ભોગ બન્યા વિના વિતાવી જાય તો ઘણું લાંબું જીવે છે. જાડા માણસો લોહીની નળીઓના રોગી બનતાં લોહીના ઊંચા દબાણના અને પ્રૌઢાવસ્થા વીત્યા બાદ ઍપોપ્લેક્સી (મગજમાં નસ તૂટવી)ના ભોગ બને છે.

પાતળી વ્યક્તિમાં હોજરી લાંબી અને લબડતી હોવાથી આંતર-

ડામાં ખોરાક જવામાં મુશ્કેલી ઊભી થાય છે. એમને ખાધા બાદ પેટ ભારે થવાની તથા ગૅસ થવાની ફરિયાદો સતાવે છે. વળી ચરબીના આધાર વિના પાતળા માણસોનાં આંતરડાં લચી પડતાં હોવાથી તેમને બંધકોષ થાય છે; જ્યારે જાડા માણસોની નાની હોજરી સહેલાઈથી ખાલી થતી હોઈ તેઓ ખાવાની મઝા માણી શકે છે, જે ફક્ત એમના જાડ્યમાં વધારો કરનાર નીવડે છે. આ જ કારણથી ઉમર વધતાં તેમનું અગ્ન્યાશય બગડવાથી તેમને મધુપ્રમેહનો રોગ થાય છે.

વળી અમુક રોગ થઈ આવવામાં શરીરની ખાસિયત પણ ભાગ ભજવે છે. માણસોના જુદાજુદા સ્વભાવ પ્રમાણે તેમનામાં રોગ અંગે જુદાજુદા પ્રત્યાઘાતો હોય છે. આને લીધે એમ કહી શકાય કે બધી વ્યક્તિઓમાં અમુકને અમુક જ રોગ થઈ આવવા માટે એની પ્રકૃતિની વિશિષ્ટતા સમાએલી છે. કુટુમ્બમાં એક બાળકને જામફળ ભાવે છે તો બીજાને એનાથી ચૂંક, આફરો ને ઊલટી થઈ આવે છે. ખોરાકના પાચન અંગે માણસેમાણસે જેટલું જુદાપણું રહે છે એટલું જ રોગ અંગે શરીરના પ્રત્યાઘાતોમાં પણ જુદાપણું રહેલું છે. કોકને અમુક રોગ પરત્વે થઈ આવવાની ગ્રહણશીલતા (suceptibility) છે તો કોકને તે રોગ પરત્વે રક્ષણ (immunity) હોવાથી તે થતો જ નથી. આ બંને છે વ્યક્તિગત રોગ થવાની યોગ્યતા અને રોગ-સહિષ્ણુતાની શક્તિ.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જીવનનાં બીજાં ક્ષેત્રોની પેઠે રોગાવસ્થામાં પણ વ્યક્તિમાત્ર નિરાળી અને જુદી પડે છે. આ સમજવા માટે વ્યક્તિના વ્યક્તિત્વના બંધારણની બાબતોનો સમગ્ર ખયાલ હોવો જોઈએ. બંધારણમાં આઠ બાબતોનો સમાવેશ થાય છે: ૧. બળિયા, અછબડા, પ્લેગ, સિફિલિટન વગેરે રોગો ઓછાવત્તા પ્રમાણમાં થઈ આવવાની ગ્રહણશીલતા માનવીમાત્રમાં રહેલી છે; ૨. ક્ષય, રક્તક્ષય, દુષ્ટપાંડુ, મધુપ્રમેહ વગેરે રોગો થઇ આવવાની ગ્રહણશીલતા મર્યાદિત છે; ૩. રક્તસ્રાવ ને રંગઅંધાપો જેવા કૌટુમ્બિક વારસાગત રોગો થઈ આવવાની શક્યતા; ૪. શરીરનો બાંધો; ૫. જાતિ; ૬. અપૂરતું પોષણ; વધારે પડતો ખોરાક; ચિંતા ને ભય; રોગજીવાણુઓ, દારૂનું વ્યસન વગેરે પરિસ્થિતિની અસરો, ૭. રોગ થવા માટે શરીરની ખાસિયત અને ૮. શરીરની રોગસહિષ્ણુતા.

એક જમાનામાં રોગ એ બહારથી આવતું આક્રમણબળ ગણાતું હતું. આને બદલે હવે આપણું શરીર જ રોગોના ધામ જેવું હોવાનું સમજાયું છે. આમ, માંદગીનાં મૂળ આપણા શરીરમાં જ રહેલાં હોવાથી હવે આપણે એ વિષે વિગતવાર જોઈએ.

(૧) વારસાગત રોગો

આપણા શરીરનો બાંધો, કદ, ઊંચાઇ, વાળ ને આંખોનો રંગ, બુદ્ધિ, ધંધાનું કૌશલ્ય, સ્વભાવ વગેરે ઘણી બાબતો આપણને આપણાં માબાપ તરફથી વારસામાં મળે છે. આ જ કારણસર વ્યક્તિએ વ્યક્તિ જુદી પડે છે. વારસામાં કેટલાંક અનિચ્છનીય લક્ષણો યે મળે છે, જેમાંનાં બે તે ખોડ અને રોગો છે.

વારસાની હકીકત નક્કી કરનાર જીનો (genes) છે. તે શુક્રકોષ અને બીજકોષના ક્રોમોસોમોમાં આવેલા છે. પિતાનું ને માતાનું એક-એક જીન એકઠું મળી બાળકનો એક ગુણ કે ચિહ્ન નક્કી થાય છે. જો બંને જીનો વિકૃત (abnormal) ન હોય તો બાળકને વારસામાં વિકૃતિ (રોગ કે ખોડ) મળતી નથી. બંનેમાંથી એક જીન વિકૃત હોય અને જો તે અવ્યક્ત રહે તો બાળકમાં તે લક્ષણ છતું થતું નથી. જો તે પ્રભાવી બને તો બાળકમાં વિકૃતિ દેખા દે છે. અવ્યક્ત વિકૃત જીન ધરાવતી વ્યક્તિ દેખીતીરીતે તંદુરસ્ત હોય છે પણ જનન-દૃષ્ટિએ તો એ રોગી છે, કારણ કે એનું વિકૃત જીન પછીની પેઢીમાં છતું થાય છે. માબાપનાં જીનો પેઢી દરપેઢી બાળકમાં ઊતરી આવે છે. આ જીનો સારાં હોય અથવા વિકૃત પણ હોય. નવા બાળકના જન્મ વખતે પિતાનું અવ્યક્ત જીન એના જેવા જ માતાના બીજા અવ્યક્ત જીન સાથે જોડાતાં બાળક રોગી કે ખોડવાળું બને છે. આ રીતે મા ને બાપ દેખીતીરીતે તંદુરસ્ત હોવા છતાં યે એમનાં ઘણાં બાળકો રોગી કે ખોડવાળાં જન્મે છે. આ બને છે વારસામાં ઊતરતી કૌટુમ્બિક રોગોની ઘટના. સગાંસગાંઓમાં થતાં લગ્નોમાં આ ઘટનાનું પ્રમાણ વધુ રહે છે, કારણ કે સગી વ્યક્તિઓમાં એક જ જાતનાં અવ્યક્ત જીનો હોવાની શક્યતા વધારે હોય છે.

વારસાગત રોગોમાં માનસિક ખોડ, બહેરાબોબડાપણું, રંગઅંધાપો, ટૂંકી કે વધારે સંખ્યામાં આંગળીઓ, કપાએલા હોઠ, ફાટેલું તાળવું વગેરે છે. વારસાગત રોગો જન્મથી જ હોય એવું કશું નથી. કોઇ પણ ઉમરે તે દેખા દે છે. નાનપણમાં એમોઉરૅાટિક-બુદ્ધિહીનતા, પ્રૌઢાવસ્થા બાદ હટિંગસન્સ-કોરીઆ ને ઘડપણમાં મોતિયા આનાં ઉદાહરણ છે.

(૨) જન્મગત રોગ

માતાના ગર્ભાશયના અંધારામાં ને ભીનાશમાં માનવીને દુનિયાનો પ્રથમ સ્પર્શ થાય છે. નવ મહિનાના ગાળામાં પોતાની પરિસ્થિતિની અસરો ઝીલતું બાળક શાંત બીજમાંથી ફૂલીફાલીને મોટું થાય છે. એનો આ વિકાસ જો કે સરળ ને શાંતરીતે થાય છે, પણ ગર્ભાશયના બંધિયારપણામાં યે બહારની દુનિયાની અને તેના ઉત્પાતોની અસરો થવાથી તેને એક જાતના જન્મગત (congenital) રોગો થઈ આવે છે.

ગર્ભસ્થ બાળક માતાના લોહીમાંથી પોષણ મેળવે છે. આ લોહી ઓરમાંથી ગળાઇને આવે છે. ઓરની ગળણી એટલી તો ચોક્કસ છે કે ગુરદાના રોગથી મૃત્યુ પામતી માતાના લોહીના પદાર્થો તે ઝીલી રાખતી હોવાથી બાળકને કશી હાનિ પહોંચતી નથી! પણ તે સિફિલિસ રોગમાં 'કાણી' નીવડે છે. આ રોગવાળી માતાનું બાળક એવું તો રોગિષ્ટ નીવડે છે કે તે ગર્ભાવસ્થામાં મૃત્યુ પામી અધૂરે અવતરે છે, જન્મ બાદ વહેલું મરી જાય છે, કે તંદુરસ્ત જન્મી રોગની અસરને લીધે અંધ, માનસિક ખોડભર્યું, લૂલું-લંગડું કે જરાગ્રસ્ત નીવડે છે. આ ઉપરાંત બીજા રોગો અને અપૂરતું પોષણ ગર્ભસ્થ બાળક ઉપર માઠી અસરો ઉપજાવવાથી જન્મગત રોગો થઈ આવે છે.

આનુવંશિક વારસો, ગર્ભાવસ્થાની પરિસ્થિતિ અને ગર્ભની આંતરિક સમતુલા આ ત્રણ બાબતોમાંથી જે એક પ્રકારની સમતુલા કે અ-સમતુલા સર્જાય છે તેના પ્રતાપે જ માનવીનું શરીર સારા કે નબળા બાંધાનું નીપજે છે.

(૩) શરીરની નબળી સમતુલાથી થતા રોગો

એ તો જાણીતી બીના છે કે આપણું શરીર મગજ, હૃદય, ફેફસાં, હોજરી, આંતરડાં, ગુરદા ને જ્ઞાનતંતુઓ વગેરે અવયવોનું બનેલું છે. આ અવયવોની આગવી તેમજ એકબીજા સાથે સંકળાએલી સમતાલ ક્રિયાઓથી આપણું શરીર નભે છે. ઉપર જણાવેલા અવયવો ઉપરાંત શરીરની સમતુલા જાળવનાર આંતઃસ્રાવી ગ્રંથિઓ અને એમના સ્રાવો છે. આ સ્રાવોની વિપુલતા કે અભાવને લીધે પણ રોગાવસ્થા આવી પડે છે. આરોગ્ય–અરે જીવન ટકાવવા માટે પણ, આ સ્રાવોનું યોગ્ય પ્રમાણ ઘણું જ જરૂરી છે.

પેટની મધ્યમાં સ્વાદુપિંડ આવેલું છે. એનો ઈન્સ્યુલિન નામનો સ્રાવ છે. સ્વાદુપિંડના અમુક કોષોના નાશને લીધે ઈન્સ્યુલિન સ્રાવ બંધ થવાથી મધુપ્રમેહ રોગ થઈ આવે છે. ગળામાં આવેલી થાઇરૉઈડ ગ્રંથિનો સ્રાવ વધી પડતાં ગ્રેવ્સ ડીઝીઝ (graves disease)

થઇ આવે છે. સ્ત્રીઓમાં વધુ પ્રમાણમાં થઈ આવતા આ રોગમાં ઝડપી નાડી, આંગળાંનો ધ્રુજારો, ઊપસેલા ડોળા, ચીડિયો સ્વભાવ ને ગળાનો સોજો વગેરે ચિહ્નો દેખા દે છે. આ રોગ થઈ આવવાનું સાચું કારણ તો છેક હમણાં જ ઈ. સ. ૧૭૮૬માં જડી આવ્યું છે. આ ગ્રંથિના સ્રાવના અભાવના કારણે નાનપણમાં ક્રેટીનિઝમ(બુદ્ધિહીન ઠિંગુજીપણું) અને મોટપણે મિક્સીડિયા આવી પડે છે.

મગજના તળભાગમાં નાનકડી પિચ્યુટરી ગ્રંથિ છે. શરીરની વૃદ્ધિ પૂરી થતાં અગાઉ એના વધુકા સ્રાવથી રાક્ષસી કદ અને વૃદ્ધિ પૂરી થયા બાદ વધુકા સ્રાવથી એક્રોમેગેલી થાય છે. વળી નાનપણમાં ન્યૂન સ્રાવથી ઠિંગુજીપણું તો મોટપણે શરીર સુકાઇ જાય એવો સીમજીસ ડીઝીઝ થાય છે. આમ, આંતઃસ્રાવી ગ્રંથિઓમાં વધારોઘટાડો થતાં શરીરની આંતરિક સમતુલા ખોટવાવાથી અનેક રોગો થઇ આવે છે.

જાણવા મળ્યું છે કે આંતઃસ્રાવી ગ્રંથિઓનું કામ અરસપરસ સંકળાએલું છે. થાઇરૉઈડ, સ્વાદુપિંડ, સુપ્રારિનલ વગેરે ગ્રંથિઓ ઉપર પિચ્યુટરી ગ્રંથિનો અંકુશ છે. વળી પિચ્યુટરીની જ્ઞાનતંત્ર ઉપર પણ પકડ છે. વાછરડાવિખૂટી ગાય દૂધ ન દેતી હોય તો તેને પિચ્યુટરી ગ્રંથિનું ઇન્જેકશન આપવાથી દૂધ દોહવા દે છે! આમ ગ્રંથિઓ જ્ઞાનતંત્ર પર પણ અંકુશ ધરાવે છે. વિષાદ અને તીવ્ર સંવેદનાને લીધે થાઇરૉઈડ સ્રાવ વધી પડવાથી ગ્રેવ્સ ડીઝીઝ થઇ આવે છે. જ્ઞાનતંત્ર ને આંતઃસ્રાવી ગ્રંથિઓની અસરો અરસપરસ છે.

આપણા શરીરમાં જ્ઞાનતંત્રનો પ્રભાવ મોટો છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા બહારની ઉત્તેજનાઓ ઝિલાવાથી આપણને વાતાવરણનું જ્ઞાન થાય છે. બહારથી આવતી ઉત્તેજક કે નિષેધક (inhibitory) ઉત્તેજનાઓની સમતુલા જ્ઞાનતંત્ર જાળવે છે. આ કાર્ય આપણી જાણબહાર આપમેળે સિમ્પૅથેટિક અને પૅરા-સિમ્પૅથેટિક જ્ઞાનતંત્ર ઉપાડે છે.

આ જ્ઞાનતંત્રની અ-સમતુલા થતાં આંતરડાં ખૂબ પહોળાં થઈ જવાનો રોગ (Hirschsprung's Disease) થઈ આવે છે. લોહીની નળીઓ ઉપર સિમ્પૅથેટિક જ્ઞાનતંત્રની વધુકી ક્રિયાથી કેટલાક દરદીઓને હાઈ બ્લડ-પ્રેશર થઇ આવે છે. મગજમાં જતી બહારની અપરંપાર ઉત્તેજનાઓની સમતુલા ન જળવાતાં રોગો થઇ આવે છે.

આમ આપણે બીજો મુદ્દો એ જોયો કે આંતઃસ્રાવી ગ્રંથિઓ તેમજ જ્ઞાનતંત્રની સમતુલાવાળી ક્રિયાથી આપણું આરોગ્ય જળવાય છે, અને એમાં ખામી આવતાં રોગ દેખા દે છે.

(૪) કોષની અ-સમતુલાથી થતા રોગો

જ્ઞાનતંત્ર અને આંતઃસ્રાવી ગ્રંથિઓની ઉત્તેજનાઓ ઝીલનાર કોષો છે. આપણું શરીર અબજો કોષોનું બનેલું છે. દરેક કોષ અરસપરસ સંકળાએલો રહી અખંડ અને અવિભાજ્ય શરીર બને છે. કોષનું આગવું સમતુલાવાળું જીવન છે. એના પાચક રસો (enzymes)થી શરીરના રાસાયનિક ક્રિયાઓ થાય છે. જાણવા જેવું છે કે આપણું જીવન એ રાસાયનિક ક્રિયાઓની જ પરંપરા જ છે.

સ્વાભાવિક (inherent) ખોડને લીધે કોષ વિકૃત (abnormal) રીતે વરતે છે. એનું આવું વર્તન શરીરમાં દેખા દે છે. આના પરિણામે બે પ્રકારના રોગો થઈ આવે છે: ઍલર્જી ને કૅન્સર. ખરજવું, શીળસ, દમ ને આધાશીશી એ એલર્જી રોગો છે. આ રોગો વારસાગત ઊતરી આવે છે. કુટુંબની વ્યક્તિઓમાં તે જુદેજુદે રૂપે દેખા દે છે: કોઈકમાં દમ તો કોઈકમાં આધાશીશી. સામાન્યરીતે કોઇ પણ વ્યક્તિમાં જે ઉત્તેજના રજમાત્ર પણ અસર ન ઉપજાવે તે આ રોગીના કોષમાં વિલક્ષણ અસર ઉપજાવવાથી રોગનાં ચિહ્નો થઈ આવે છે. આ કારણથી અમુક ઋતુમાં દરદીને દમ ઊપડી આવે છે, તો વળી અમુક ખોરાક ખાવાથી ખરજવું દેખા દે છે. એક અને અખંડિત રીતે કામ કરતા કોષવાળા શરીરમાં એક પણ કોષની કુદરતી અસ્થિરતાને કારણે એલર્જી રોગો થઈ આવે છે.

શરીરના કોષો અમુક મર્યાદાથી વધારે વધતા નથી, પણ કોક કોષ શરીરની સમતુલાનો વિચાર રાખ્યા વગર વધી પડે છે, ને પાસેની પેશીઓમાં પસરી લોહી દ્વારા શરીરના વિવિધ ભાગોમાં ફેલાઇ શરીરની કામગીરીમાં અંતરાય ઊભા કરે છે. આ બને છે કૅન્સર. કોષમાં વધારો થઇ કૅન્સર થઇ આવવાનું કારણ હજુ સમજાયું નથી. પણ એટલું તો જાણીતું છે કે અમુક અવયવનો કોષ ઉત્તેજિત થતાં વૃદ્ધિ પામી કૅન્સર થઈ આવવાનું લક્ષણ પેઢી દરપેઢી વારસામાં ઊતરી આવે છે.

(૫) અપૂરતા અને ખામીભર્યા પોષણથી થતા રોગ

માત્ર શક્તિ માટે આપણે ખોરાક ખાતા નથી; પણ એનાથી શરીરની વૃદ્ધિ થાય છે, ઘસારો પૂરો પડે છે અને પ્રજનનક્રિયા શક્ય બને છે. શરીરની બધી જરૂરતો સંતોષનાર આહારથી સુનિયંત્રિતતા જળવાતાં આરોગ્ય પ્રાપ્ત થાય છે. શરીરની જરૂરિયાતોને અધૂરા પ્રમાણમાં પૂરી પાડતા ખોરાકથી શરીરની યોગ્ય કામગીરીમાં ખટકો થાય છે. આમ આહાર ઉપર પણ આરોગ્ય કે માંદગી નિર્ભર છે.

માનવીના આહારનો પ્રકાર નક્કી કરનાર બાબતોમાં જમીન, આબોહવા, સંસ્કૃતિ, રૂઢિરિવાજ ને સામાજિક જરૂરિયાતો છે. જુદીજુદી જાતની પ્રજાના જુદાજુદા આહાર જીવન તો ટકાવે છે, પણ તે શરીરસુખાકારી માટે સંતોષકારક નથી હોતા. આપણા દેશની (અનુ. પૃ. ૧૦૧મે)

સુભાષિત

· અનુષ્ટુપ ·

सरसो विपरीतश्चेत्सरसत्वं न मुञ्चति ।
साक्षरा विपरीताश्चेद्राक्षसा वै न संशयः ॥

· અનુવાદ ·

સરસત્વ નહીં છોડે બોલો 'સરસ' ઊલટો;
સાક્ષરો અવળા થાતાં રાક્ષસો જ બની જશે.

[વિવરણ: 'સરસ' શબ્દને અવળો બોલીએ તોપણ તે 'સરસ' જ રહે છે,—સરસત્વ મૂકતો નથી. સરસ શબ્દ ગુજરાતીમાં તો રૂઢ છે: સારા રસથી ભરેલું તે સરસ. હવે 'સાક્ષર'–વિદ્વાન સાહિત્યકાર વિષે કવિએ સંસ્કૃત શબ્દોની સુંદર રમત કરી છે, કે તે શબ્દ ઊલટો બોલતાં 'રાક્ષસ' થઇ જાય છે. સંસ્કૃતમાં સાક્ષરનું બહુ વચન 'साक्षराः' ને ઉલટાવતાં राक्षसाः થાય છે. જોકે ગુજરાતીમાં બહુ વચન 'સાક્ષરો' અને 'રાક્ષસો' થાય છે, તેથી શુદ્ધ રીતે જોતાં ગુજરાતીમાં આ વિપરીતત્વ લાગુ પડતું નથી. એ તો હકીકત છે કે સાક્ષરોની જીભ અને કલમની તલવાર કાંઈ ઓછી તીક્ષ્ણ નથી હોતી. વિદ્વાનોમાં બુદ્ધિભેદ થાય તો તે સશસ્ત્રયુદ્ધ જેવો જ છે. 'બુદ્ધિભેદ' શબ્દ પણ બહુ સરસ છે. અજ્ઞાનોમાં બુદ્ધિભેદ ન ઉપજાવવો એમ ગીતા કહે છે. જોકે એ બે બુદ્ધિભેદમાં ફેર છે, પરંતુ સાક્ષરોમાં બુદ્ધિભેદ થાય ત્યારે એ લોકો રાક્ષસ જેવા બને છે, એવા દાખલા સંસ્કૃત સાહિત્યમાં મળે છે. એટલે જ કહ્યું છે કે **विद्या धर्मेण शोभते**–ધર્મ, સંસ્કારથી જ વિદ્યા શોભે છે. બુદ્ધિ કે વિદ્યાને એકલી રહેતાં તે અવળી જવાનો ભય રહેલો છે. ર. ભી.]

માફ કરજો, આ નાટક નહિ થાય!

પ્રબોધ જોષી

[૧૯૫૩માં મુંબાઇના ભારતીય વિદ્યાભવન તરફથી યોજાએલી 'આંતર કૉલેજ નાટ્ય હરીફાઇ'માં વિજયકળશ (ટ્રૉફી) જીત્યું. ◖ પહેલું ભજવાયું ત્યારે રંજનની ભૂમિકા માટે શ્રી ભારતી શેઠને પ્રથમ ઇનામ મળેલું. ◖ ગયા નવેમ્બરમાં ભરાએલા 'ઇન્ટર 'વર્સિટી ફેસ્ટિવલ' વેળા જુદીજુદી ભાષાઓમાં લખાએલાં ૨૯ નાટકોમાં બીજું આવ્યું. ◖ પહેલી વાર ભજવાયું ત્યારે આરૂઢ મહારાષ્ટ્રીય નાટ્યલેખક શ્રી મામા વરેરકર તરફથી લેખકને ચંદ્રક તેમજ અન્ય પારિતોષિક એનાયત કરવામાં આવેલાં.]

પાત્રો

રંજન : કુ. ભારતી શેઠ   લતા : કુ. સરોજ શાહ   ગીતા : કુ. મંજુલા પટેલ   લીના : કુ. હંસા પારેખ

આગંતુક : કુ. રમીલા શાહ

ઉપર્યુક્ત પાંચ બહેનો, જેમણે નાટકને અપૂર્વ સફળતા અને સ્થાન અપાવ્યાં, તેમને અર્પણ.

[**પ**ડદો ખૂલતાં પહેલાં ઑડિયન્સમાં અંધકાર છવાઇ જાય છે. માઇક ઉપર જાહેરાત થાય છે: 'હવે આપની સમક્ષ રજૂ કરીએ છીએ એક નાટિકા'... થોડી વાર શાંતિ. કશું જ થતું નથી. પુનઃ એ જ જાહેરાત. છતાં પડદો ઊઘડતો નથી. વળી જાહેરાત. અને તરત જ માઇક ઉપરથી ગીતા બોલે છે: 'માફ કરજો, આ નાટક નહિ થાય.' તરત જ પડદો ખૂલી જાય છે.

પડદો ખૂલતાં સ્ટેજ ઉપર કંઈ જ વ્યવસ્થા નથી. કેટલીક વિંગો ઊંધીસીધી પડી છે. બે-ચાર ખુરશીઓ પડી છે. સમગ્ર સ્ટેજનો ઉપયોગ થાય છે. કેટલાંક લાઈટ્સ પડ્યાં છે. ખૂણામાં એક ટેબલ છે, તેની ઉપર હારમોનિયમ પડ્યું છે. રીહર્સલ ચાલે ત્યારે સ્ટેજ હોય છે તેવું જ વાતાવરણ છે. રંજન આમથી તેમ આંટા મારી રહી છે. રાજાની પાછળ કારભારી ચાલે તેમ લતા તેની પાછળપાછળ ચાલી રહી છે. પડદો ખૂલતાં રંજન અટકીને પૂછે છે–]

રંજન : કોણ બોલ્યું એ?

લતા : (ખૂણા તરફ આંગળી ચીંધી) આ ગીતા બોલી. (લતા જઇને ગીતાનો હાથ પકડી તેને સ્ટેજ ઉપર લાવે છે)

રંજન : કેમ ગીતા, એ શું બોલી?

ગીતા : કંઇ નહિ હવે, મેં તો એમ કહ્યું કે નાટક નહિ થાય. જવા દેને રંજન, નાટક નહિ થાય. અને નાટક કરીને યે શું કામ છે?

રંજન : વાહ! તો તો તને ખબર નથી કે જનતા આજે શું માગે છે?

ગીતા : કેમ ખબર નથી વળી? આજે જનતા માગે છે અનાજ અને કપડાં!

રંજન : એ તો છે જ. પણ જનતા બીજું શું માગે છે?

ગીતા : બીજું? બીજું તો...(જરા વિચાર કરીને) બીજું તો જનતા માગે છે સારા પગારની નોકરી અને સસ્તા ભાડાનાં મકાનો.

રજન : ગીતા, હું તને ત્રીજો ચાન્સ આપું છું. બોલ, જનતા શું માગે છે?

ગીતા : આ બધું મળે, પછી જનતા માગે છે સારી ફિલ્મો...(રંજન ખુશ થાય) અને પાડોશીઓનાં છાપાં...

રંજન : (સહેજ ખિન્ન થઇને) ના, હવે. હવે હું તને છેલ્લો ચાન્સ આપું છું. બોલ, જનતા શું માગે છે?

ગીતા : હજુ જનતા માગે છે?

રંજન : હા હા, હજુ જનતા માગે છે.

ગીતા : તો તો હદ કહેવાય! આ જનતા પણ કમાલ છે ને! સરકાર જેટલી ઝડપે ટૅક્સ વધારે છે તેનાથી બેવડી ઝડપે જનતા માગણીઓ વધારે છે.

રંજન : હવે દોઢડાહી થયા વિના કહેને, કે તને ખબર છે કે જનતા શું માગે છે?

ગીતા : જી ના. હજુ પણ જો જનતા માગતી હોય તો આઇ રીઝાઇન. તું જ કહેને કે જનતા શું માગે છે?

રંજન : જનતા 'નાટક' માગે છે.

ગીતા : તો ભલે માગે. આપણે નાટક નથી કરવું, કારણકે આપણાથી નાટક નહિ થાય.

લતા : કેમ નહિ થાય?

ગીતા : નહિ જ થાય. આપણે કયું નાટક કરીશું તે જ પ્રશ્ન છે.

રંજન : ઓહ ગીતા, તમે લોકો તો તદ્દન બીકણ છો. ગમે તે નાટક થશે. નાટકનો કંઇ દુકાળ નથી.

લતા : હાસ્તો, નાટક તો એક કહેતાં હજાર મળશે.

ગીતા : લતા, તું તો જાણે કોઈ સ્ત્રી નોકર કે રસોયાની શોધમાં નીકળી હોય અને તેને કોઈ કહેને, તેવી વાત કરે છે.

લતા : એમ નહિ, પણ જેને નાટક કરવું જ છે તેને નાટકની શી ખોટ?

રંજન : ગીતા, લતા સાચું કહે છે. આપણી પાસે હિસ્ટરી અને માઈથૉલૉજીનાં એટલાં બધાં લીજન્ડ્ઝ છે કે ના પૂછો વાત!

ગીતા : ના શું કરવા પૂછે? લેને હું જ તને પહેલી પૂછું. તું કયું નાટક કરી શકે?

રંજન : રામાયણમાંથી કોઈ સીન લઇએ.

ગીતા : તો પછી રામ અને લક્ષ્મણ ક્યાંથી લાવીશ?

રંજન : અરે પણ રામ અને લક્ષ્મણ આવે એવો સીન જ શું કામ લઇએ? કૈકેયી અને મંથરાનો સીન જ ના કરીએ? અને પછી મંથરા તો હું જ બનીશ.

ગીતા : રંજન, તું ડોશી તરીકે સારી ન લાગે.

રંજન : ગીતા, અહીં અભિનય કરવાનો છે, સારું નથી લગાડવાનું.

લતા : બરાબર છે, રંજન. અને ગીતા, પછી કૈકેયી તો હું જ બનીશ.

ગીતા : રહેવા દે. કૈકેયી તો હું જ બનીશ. કારણકે પછી હું રામને માટે કહું ને કે...(નરમ અવાજે) મંથરા, તું જાણીને ખુશ થશે કે... (આગળ શું બોલવું તે યાદ ન આવતાં વિચારમાં પડી જાય છે.)

રંજન : ના, ના, એમ ના ચાલે. કૈકેયીમાં તો ખુમારી જોઇએ. જુઓ. (બીજાં બન્નેથી જુદી પડી, ખુમારી સાથે અભિનય કરી, કેડે હાથ દઇ મહારાણીની અદાથી બોલે છે) મંથરા, કૈકેયીનાં નિશાન કદી ખાલી જતાં નથી. મહારાજાને તેમનાં વચન પાળવાં પડ્યાં. રામને વનવાસ મળ્યો અને હવે હું પણ જોઉં છું કે કૌશલ્યા કેટલા પાણીમાં છે? કૈકેયીને તું સમજે છે શું?

લતા : ના રે, બા, આવો અભિનય આપણને તો ના ફાવે.

ગીતા : તો રામાયણનો એકે સીન ચાલે નહિ. અને મહાભારતની તો વાત જ ન થાય. યુધિષ્ઠિરથી માંડીને નકુળ સુધીમાં જ પાંચ પુરુષપાત્રો તો જોઇએ.

રંજન : લોકો નથી કહેતા કે જમાનો બદ-

લાઈ ગયો, તે આનું નામ. પહેલાં નાટકોમાં સ્ત્રી-પાત્રોની માથાકૂટ રહેતી, આજે હવે પુરુષ-પાત્રોની મુશ્કેલી છે.

ગીતા : તેથી તો હું તને કહું છું કે પુરુષ પાત્ર વિનાનું નાટક જ નહિ મળે.

રંજન : એ વાત જરા વિચારવા જેવી છે. નટીશૂન્ય નાટકો મળે છે, પણ નટશૂન્ય નાટકો તો હજુ 'ન ભૂતો ન ભવિષ્યતિ.'

લતા : અરે રંજન, પણ તેનો ઇલાજ તો મેં તને બતાવી દીધો છે.

રંજન : હા. એ વિચાર મને ગમ્યો છે, કારણ કે અસલી નાટકોનાં...

ગીતા : એટલે શું, આજે બનાવટી થાય છે? (તરત આંગળાં મોંમાં નાખે.)

રંજન : તમે લોકો સમજતાં કેમ નથી? અસલી એટલે 'સાચાં' એ અર્થમાં નહિ, પણ અસલના વખતનાં ભૂતકાળનાં એ અર્થમાં...

ગીતા : ઓહ, સમજી...(પાછાં આંગળાં મોંમાં નાખે છે).

રંજન : હાં, તો અસલનાં નાટકોમાં... ઓહ, ગીતા! તું મોંમાં આંગળાં ન નાખ. અભિનયશાસ્ત્રમાં એનો નિષેધ કર્યો છે.

ગીતા : સૉરી...

રંજન : હાં, તો અસલનાં નાટકોમાં સ્ત્રી-પાત્ર પુરુષો ભજવતા તો...

લતા : તો આજે પુરુષ પાત્ર શા માટે સ્ત્રીઓ ન કરે?

ગીતા : એ પૉસિબલ નથી. કારણ કે, આપણે રાજા બન્યાં હોઇએ તો પણ ટેવ મુજબ બોલી જઇએ કે હું જરા શિકારે ગઇ હતી!

રંજન : એવી ભૂલો તો સુધારી લેવાય.

ગીતા : નાટકમાં બોલી ગયા પછી પણ સુધારી લેવાય?

રંજન : હા હા, કેમ નહિ? નાટક અને સિનેમામાં એ જ તો ફેર છે. નાટકમાં ભૂલો થવાનો જેટલો સ્કોપ છે તેથી બેવડો તો તેને સુધારી લેવાનો છે. કેમ, લતા?

લતા : હા વળી.

ગીતા : રંજન, તું કેવી વાત કરે છે? આવી ભૂલો કેવી રીતે સુધરે?

રંજન : એ તો આવડત જોઇએ. અમે એક નાટક જોયું હતું એમાં એક છોકરો છોકરીનું પાત્ર કરતો હતો.

ગીતા : પણ?

રંજન : પછી તેને બીજી કૅરેક્ટરે પૂછ્યું કે 'બહેન, તું ક્યાં ગઈ હતી?' તો આણે તો મૂડમાં જ કહી દીધું કે 'અમદાવાદ ગયો હતો.'

ગીતા : જો, મેં તને કહ્યું હતું ને કે આના જેવી ભૂલ તો થઈ જ જાય?

લતા : હા, પણ એ કેમ સુધારી એ તો સાંભળ.

રંજન : હા ગીતા, એ સાંભળવા જેવું છે. તેણે એમ કહ્યું એટલે જોડેનો આર્ટિસ્ટ ચમક્યો. પછી આણે તો ભૂલ વાળી લેતાં કહ્યું કે 'હું મારા બાપની એકની એક દીકરી છું, એટલે તેઓ મને બેટા, ક્યાં ગયો? ક્યારે આવ્યો? એવી રીતે જ બોલાવે છે.'

ગીતા : આવી ભૂલો સુધારી લેવાય એ વાત માની લઇએ તો પણ આપણામાં પુરુષ-પાત્રો જેવી ખુમારી તો ન જ આવે ને?

રંજન : એ વાત ખોટી છે. તેં આજનાં નાટકો નહિ જોયાં હોય. એમાં તો રાજા પણ જાણે મૅલેરિયા થયો હોયને, તેમ બોલે છે.

લતા : રંજનની વાત સાચી છે. આજકાલનાં નાટકોમાં તો સ્ત્રી અને પુરુષના અવાજમાં બહુ ફેર પડતો નથી.

રંજન : મેં એવું નથી કહ્યું. મારા કહેવાનો અર્થ એમ છે કે જો અભિનય આવડતો હોય તો શું સ્ત્રી શું પુરુષ, ગમે તે પાત્ર સારી રીતે, કરી શકાય છે.

ગીતા : ઊંહું! આ બધું કંઈ ગળે નથી ઊતરતું. પહેલી વાત તો એ કે અસલમાં પુરુષો ભલે સ્ત્રી-પાત્ર કરવા તૈયાર થયા, પણ આજે કોઇ છોકરી પુરુષ-પાત્ર કરવા તૈયાર નહિ થાય. અને ધારો કે થશે તો તેનું દિગ્દર્શન કેટલા કરશે?

લતા : તો પછી રંજન અહીં શા માટે છે?

ગીતા : પુરુષ પાત્રનું દિગ્દર્શન રંજન કરશે?

રંજન : વાહ રે અલી બાઈ, તું મને સમજે છે શું? ધાર કે આપણે એક સામાજિક નાટક ભજવીએ છીએ–

ગીતા : હા, તે તેનું શું છે?

રંજન : તે તું જો, પછી પૂછ. ચાલ લતા, આપણે પેલો પતિ-પત્નીનો સ્કિટ કરીએ એટલે ગીતાને ખાતરી થશે.

(લતા પાછળના ભાગમાં જાય. સ્ટેજના ડાબા ભાગમાં ખુરશી ઉપર પગ મૂકી રંજન બૂટની દોરી બાંધવાનો અભિનય કર્યા બાદ યુવાનની પેઠે ટાઈ પહેરવાનો, માથું ઓળવાનો અભિનય કરે.) રમા!

લતા : શું છે?

રંજન : તું ક્યાં છે?

લતા : અહીં રસોડામાં; કેમ?

રંજન : જો, અહીં આવ તો. હું જરા બહાર જાઉં છું. મોડો આવીશ.

લતા : આવ્યા એવા જ બહાર ક્યાં જાઓ છો?

રજન : ગમે ત્યાં જાઉં, તારે શી પંચાત?

લતા : (મોં બગાડી) ના રે. જાણે હું તો કંઈ તમારી ગણતરીમાં જ નથી ને?

રંજન : (ખિન્ન થઇને) જો રમા, મને આ બધી લપછપ પસંદ નથી.

લતા : (રડતાં) ના રે, હું તો જાણે લપ જ છું ને? મારા ક્યાં ભોગ લાગ્યા કે હું તમારે પનારે પડી. (મોં સંતાડી રડે છે.)

રંજન : રમા, પ્લીઝ, ટ્રાય ટુ અન્ડરસ્ટૅન્ડ મી. (સહેજ વિચારી, પત્નીને બનાવવા, મનામણાંનું નાટક કરતા પતિની પેઠે) રમા, (વહાલથી) રમા...(વધુ વહાલથી પાસે જઈ) ર...મા, હું ઑફિસના કામે જાઉં છું. હમણાં જ પાછો આવીશ.

લતા : (તેનો હાથ તરછોડીને ઊભી થતાં) તમે જાણો ને તમારું કામ જાણે. હું તો હવે તમને કશું પૂછવાની જ નથી. (પાછળના ભાગમાં જતી રહે)

રંજન : સિલી! શું બૈરું મળ્યું છે? એકે વાત સમજતું નથી. કહેનારાએ ખોટું નથી કહ્યું કે ન્યાયાધીશો, સેલ્સમૅનો અને બૈરાંઓ જોડે કદી દલીલ ના કરવી. અહ! આપણા પુરુષોની તે કંઈ જિંદગી છે. (પગ પછાડી ગુસ્સાની અદાથી ચાલી જાય.)

લતા : કેમ ગીતા, પર્ફેક્ટ છે ને?

ગીતા : શું તારું કપાળ પર્ફેક્ટ છે? ઘરમાં ભાઈભાભીને જોયાં હશે બહેનબાએ, કે પછી પાડોશમાં જોયું હશે. સામાજિક નાટકો તો ગમે તે કરી શકે.

રંજન : તને એમ લાગે છે? તો ઐતિહાસિક નાટક કરી બતાવું: 'તૈલપ-મુંજ.'

ગીતા : તામિલ છે કે તેલુગુ?

રંજન : એમ કેમ પૂછે છે?

ગીતા : નામ એવું લાગે છે. તૈલાપ મુંજ...

રંજન : તૈલાપ મુંજ નહિ, તૈલપ મુંજ. અને તે બે રાજાઓનાં નામ છે. તેમાં તૈલપ અને તેની બહેન મૃણાલ વચ્ચે સંવાદ છે.

ગીતા : અચ્છા, તો તું મારવાડના મુંજની વાત કરે છે?

રંજન : જી હા.

ગીતા : એ વાત તો મેં સાંભળી છે. હા, તે તેનો શો સંવાદ છે?

રંજન : તૈલપ સિંહાસન ઉપર બેઠો છે. (બાજુમાં એક ખુરશી ઉપર રાજાની અદાથી બેસે છે.) બાજુમાં સંગીત વાગે છે. લતા, મ્યુઝિક પ્લીઝ. (લતા ઊભી થઈ હારમોનિયમ પાસે જાય છે.) ગીતા, આ તો જરા વાતાવરણ ઊભું કરું છું. (લતા હારમોનિયમ ઉપર ફિલ્મી ગીત વગાડે છે) એ લતા, ખાલી 'સા' આપ ને, અમે જાણીએ છીએ તને ફિલ્મનાં ગાયન વગાડતાં આવડે છે તે; એમાં પ્રદર્શન શાની કરે છે?

લતા : સૉરી. (ખાલી 'સા' ચાલે છે)

ગીતા : તું તારો સંવાદ ચલાવને.

રંજન : હેં! ઓ, હા. તો તૈલપ સિંહાસન ઉપર બેઠો છે. સંગીત ચાલે છે. ત્યાં મૃણાલ આવે છે. (ઊભી થઇને મૃણાલની અદાથી આવે છે, નાટકી ઢબે બોલે છે.) બંધ કરો આ સંગીત! સંગીતકારો, તમે જાઓ. મારે મહારાજા સાથે નેપથ્યમાં વાત કરવી છે. (પછી ખુરશી ઉપર બેસી તૈલપની અદાથી) જાઓ સાજિંદાઓ, બક્ષિશ લો અને વિદાય લો. (તેના હાથમાં પર્સ રાખ્યું છે તે ઑડિટોરિયમ તરફ ફેંકે છે. પર્સ સ્ટેજની બ્હાર ઑડિયન્સમાં પડે છે. સંગીત બંધ થાય છે.) મનોરંજન પછી થશે. મૃણાલબા વાત કરવા માગે છે. હાં, બહેન. શી વાત હતી? નેપથ્યમાં વાત કરવાની જરૂર? (ઊભી થઈ મૃણાલ તરીકે બોલે, સિંહાસન તરફ એટલે કે ખુરશી સામે જોયા વગર, જૂની રીત મુજબ પ્રેક્ષકો તરફ મોં, માત્ર હાથ જ એના તરફ—જૂની રંગભૂમિની અદાથી]

'ભાઇ, પૂંછું છું હું સ્વર્ગસ્થ પિતાની,
એ વાત, ભૂલી જાય છે?
મારી સંભાળ અને આજ્ઞાપાલન :
એ છે તારી ફરજ.
ભૂલી જાય છે એ વાત...?
આપ્યું હતું વચન-મુંજને-છોડવાનું,
હવે શું...એ વાત—ભૂલી જાય છે?

(છેલ્લું 'ભૂલી જાય છે.' વખતે હાથ પ્રેક્ષકો તરફ આવે, એમ સૂચવવા કે જાણે એ 'ભૂલી જાય છે' શબ્દો પ્રેક્ષકો બોલવાના ન હોય !)

(તરત બેસી જઇ) અશક્ય! એ ન બને! (ઊભી થઈ, મૃણાલ તરીકે જે બાજુ અભિનય કર્યો હોય તેનાથી બીજી બાજુ, સામે મૃણાલ ઊભી છે એ ભ્રમ ઊભો કરી તૈલપની અદાથી)

બની ઊર્મિવશ મ્હાલતી સ્ત્રીઓ,
અમારા કાવાદાવા શું સમજે?
અરે ખાખરાની ખિસકોલી બિચારી,
સાકરનો સ્વાદ શું સમજે?
હરિણીઓમાં ફરનારી તું,
સિંહોની ગર્જના શું સમજે?
અરે, બીજાના સ્નેહમાં ભાન ભૂલનાર સ્ત્રી,
પિતાના અપમાનના વેરની વાતો—
(પુનઃ હાથ લતા તરફ કરે.)

લતા : શું સમજે?

રંજન : કેમ ગીતા, કેમ લાગે છે?

ગીતા : લવ્હલી ! લવ્હલી!!

રંજન : હવે તો નાટક થઈ શકશે?

ગીતા : આ... શુડ સે સો.

રંજન: ચાલો, તો આપણે નાટક શરૂ કરીએ. લીનાએ એક સ્ત્રીપાત્રનું જ નાટક લખ્યું છે.

ગીતા : તે શું લીના લેખક છે?

રંજન : આપણે કહેવાનું કે લીના લેખક છે. બાકી મૂળ વાત તો એમ છે કે એક લેખકે પૈસા લઇને લીનાના નામ પર નાટક ચડાવી આપ્યું છે. આવી વાત હોયને, ત્યારે આંખ આડા કાન કરવાના. આવું તો ચાલ્યા જ કરે. આપણે આને 'ઈવિલ' માનવાનું અને 'સી નો ઈવિલ' 'હીઅર નો ઈવિલ', 'સ્પીક નો ઈવિલ'ની થીઅરીને ફૉલો કરવી.

ગીતા : એ નાટક તેં વાંચ્યું છે?

રંજન : ઉપરછપરથી જોઈ ગઈ છું.

ગીતા : રૂપાંતર છે કે ચોખ્ખી તફડંચી?

રંજન : મૌલિક છે.

ગીતા : ગુડ. હિસ્ટૉરિકલ છે કે ધાર્મિક?

રંજન : સામાજિક છે.

ગીતા : વેરી ગુડ. કૉમેડી છે કે ફાર્સ?

રંજન : સીરિયસ છે!

ગીતા : વેરી બૅડ; તો તો મઝા ન આવે.

રંજન: જો ગીતા, ગુજરાતમાં કૉમેડી લખાતી જ નથી.

ગીતા : તો પછી આ બધાં ભજવાય છે તે?

રંજન: એ બધા જ અનુવાદો છે. તને ખબર છે ને કે બંગાળ અને મહારાષ્ટ્રમાંથી આપણે ત્યાં શું ઇમ્પૉર્ટ થાય છે?

ગીતા : હા.

રંજન : શું?

ગીતા : બંગાળમાંથી રસગુલ્લાં અને મહારાષ્ટ્રમાંથી પાતળભાજી.

રંજન : ખોટું. બંગાળમાંથી નવલકથા, અને મહારાષ્ટ્રમાંથી...

લતા : (રંજનની વાતમાં સૂર પુરાવતાં, રંજન જોડે જ બોલે) નાટકો.

ગીતા : એ બધી અહીં કોને ખબર? સારું, હવે એ કહે કે આ નાટક સારું છે કે પછી બંડલ!

રંજન : ના ના; સારું છે, સામાજિક છે અને એમાં ચાર તો સ્ત્રીપાત્રો છે. અને એ નાટક લીના પાસે જ છે. લીના, તારું નાટક આપ તો. હેં? લીના ક્યાં ગઈ?

લતા : હેં! લીના ક્યાં ગઈ? હમણાં તો અહીં હતી. ક્યાં ગઈ? (શોધે છે.)

રંજન : (શોધે છે.) અંદર પણ નથી. વિંગમાં પણ નથી. ક્યાં ગઈ! લીના...

લતા : એ લીના...

રંજન : લીના, એ લીના ! ક્યાં જતી રહી? લીના!

લીના : (જે નાટક શરૂ થતાં પહેલાં પ્રેક્ષકગૃહમાં બેસી ગઈ છે તે પ્રેક્ષકગૃહમાંથી) શું છે?

રંજન : ક્યાંથી બોલી? ક્યાં છે?

લીના : (ઊભી થઇ) શું છે?

રંજન : ઓત્તારી! તું તો ખરી છે! તું તો કંઈ ઑડિટોરિયમમાં બેસી ગઈ છે ને?

લીના : ગીતાએ કહ્યું કે આ નાટક નહિ થાય એટલે હું ઑડિટોરિયમમાં આવીને બેસી ગઈ.

રંજન : ચાલ હવે, અહીં આવ.

લીના : તમને હું ક્યારની જોઉં છું. તમે લોકો અહીંથી એવાં ફની લાગો છો કે મને તો ખૂબ હસવું આવે છે.

રંજન : ચાલ, હવે ખોટી મશ્કરી ના કર!

લીના: મશ્કરી નથી કરતી. પૂછી જો. (પ્રેક્ષકોને ગમે તેને પૂછે) કેમ? આ લોકો ફની લાગે છે ને? હેં ને ભાઇ? કેમ બહેન?

રંજન : તું યે ભેજું છે. સ્ક્રિપ્ટ તારી પાસે છે ને? ચાલ, અહીં ઉપર આવ.

લતા : ચાલ એય હસવાવાળી, ઉપર આવ!

ગીતા : એઈ ડહાપણ, અહીં આવ, ચાલ.

લીના: તમે લોકો આમ બોલશો તો હું ઉપર નહિ આવું.

રંજન: પગે લાગું લીના, તું ટાઈમ ન બગાડ. ઉપર આવને.

લીના : આવું... (સ્ટેજ તરફ જાય. સ્ટેજ નાનું હોય તો સીડી ચડીને જ જાય, ઊંચુ હોય તો ફરીને જાય. સ્ટેજ પાસે આવે ત્યાં—)

રંજન : સ્ક્રિપ્ટ આપ તો?

લીના : આપું; લે. (લીના પ્રેક્ષકગૃહમાં ઊભી રહી રંજનને સ્ક્રિપ્ટ આપે)

રંજન : અને પેલું પર્સ પણ લેતી આવજે, દોસ્ત! ભૂલથી ફેંકાઈ ગયું છે. થૅંક્સ...

(લીના પર્સ લઈ સ્ટેજ તરફ)

રંજન : હાં ગીતા, જો આ રહ્યું એ નાટક.

ગીતા : શું નામ છે નાટકનું?

લતા : સર આઇઝૅક ન્યૂટન નથી કહી ગયા કે 'વૉટ ઈઝ ધેર, ઇન આ નેઈમ?'

ગીતા : સર આઇઝૅક ન્યૂટન નહિ, પણ શેક્સપીઅર કહી ગયો છે.

લતા : હવે રહેવા દેને. જ્યાં નામનો જ કંઈ અર્થ નથી એ વાક્ય છે ત્યાં ન્યૂટન હોય, શેક્સપીઅર હોય કે સંત તુલસીદાસ હોય; શો ફેર પડે છે?

ગીતા : તો શું આ નામ વગરનું નાટક છે?

રંજન : ના રે, નાટકનું નામ છે, 'ગામની પંચાત.'

ગીતા : ગામડાંની પંચાયત રચવા માટેનું આ નાટક છે?

રંજન : ગામની પંચાત એટલે ગામડાની પંચાયત એવું તને કઇ સ્કૂલમાં શિખવાડ્યું છે? ગીતા, આ તો 'કાઝી દુબલે ક્યૂં તો કે સારે શહેરકી ફિકર...'

ગીતા : ઓહ! હું તો સમજી કે પછી કંઇ પંચવર્ષીય યોજના કે રીલીફ ફંડ કે રૂરલ ડેવ-

સપમેન્ટના ફાળાબાળાની વાત આવી.

લીના : (જે અત્યાર સુધીમાં સ્ટેજ ઉપર પહોંચી ગઈ છે અને ગીતાની પાછળ ઊભી-ઊભી સાંભળે છે) કેમ,તને એવાં નાટક ગમે છે?

રંજન : પ્યાર કે ગમતાં હોય, તો શું છે?

લીના : તો હું એવું નાટક લખાવી લાવું.

ગીતા : પણ લીના, આપણે તો કૉમેડી જોઇએ.

લીના : તો તો ગીતા, તને ખબર નથી કે મને જે નાટક લખી આપે છેને, તેને શો અનુભવ થયો છે?

લતા : શો થયો છે?

લીના : એ શ્રીમાન એક વખત ફંડફાળા ઉઘરાવવા નીકળ્યા અને પહોંચ્યા એક શહેરના શ્રીમાનને મળવા!

લતા : પછી?

લીના : પછી એમણે પેલાને કહ્યું કે રાહતફાળા માટે આવ્યો છું તો કંઈ આપો. તો પેલાએ કહ્યું કે જમીનજાગીર તો છે નહિ, નહિતો ભૂમિ આપત!

લતા : હવે એ તો છે જ ને! શહેરમાં ભૂમિદાન ક્યાંથી મળે?

લીના: પણ પેલો ભૂમિદાન માટે ક્યાં ગયો હતો? એણે તો કહ્યું કે ફાળા વિના હું જઇશ નહિ. પછી એ સાંભળીને તમારા પેલાએ પેલાને કહ્યું કે જમીન નથી, નહિતો શહેરમાં ન રહેત;અને બુદ્ધિનથી નહિતો ગરીબ ના રહેત અને પૈસા બનાવત. પછી પેલાએ પેલાને કહ્યું ફાળો આપો નહિ તે કેમ બને? તો પેલાએ પેલાને પૂછ્યું કે—

લતા : શું પૂછ્યું?

લીના : પેલાએ પેલાને પૂછ્યું કે ભાઈ, તમે ક્યાંના છો? તો પેલાએ કહ્યું કે અમદાવાદના. પેલાએ પૂછ્યું કે કઈ નાતના? તો પેલાએ કહ્યું કે બ્રાહ્મણ. પેલાએ પૂછ્યું કે ક્યાં સુધી ભણેલા છો? તો પેલાએ કહ્યું કે એમ. એ. છું. પછી પેલાએ પૂછ્યું કે ઉંમર શી? તો પેલાએ કહ્યું કે ૨૬ વર્ષ...

રંજન : પણ લીના, આ વાતને અને પેલી વાતને શો સંબંધ?

લીના : તું સાંભળ તો ખરી. આ સાંભળીને પેલાએ કહ્યું કે ભાઈ, અમે પણ અમદાવાદના બ્રાહ્મણ છીએ અને મારી ૨૨ વર્ષની દીકરી છે જે બી. એ. છે. તો કહેતા હો તો રાહતફાળાને બદલે લાયક બાળા આપું! તમને અને મને બંનેને રાહત થશે.

ગીતા : ઓહ, તો તો શ્રીમાન પરણી ગયા એમ જ ને!

લીના : ના રે, એમણે તો ના પાડી.

લતા : તો પછી ખાલી હાથે પાછા આવ્યા એમ જ ને?

લીના : ના રે લેવા ગયા હતા ફાળો અને મળી ગાળો. (બધા હસે)

લતા : આ વિષય પણ ખોટો નથી.

ગીતા : તદ્દન ખોટો છે. આમાં તો બંને પુરુષ પાત્રો જ છે. અને થીમને ડેવલપ કરવાનો સ્કોપ જ નથી.

રંજન: હવેનાં નાટકમાંથીમ જોઇએ,અભિનય જોઇએ એ બધું તો ભૂલી જાઓ. અર્વાચીન રંગભૂમિમાં તો માત્ર લાગવગ જોઇએ કાર્યક્રમમાં ભાગ લેનારાને, અને કૉમ્પ્લીમેન્ટરી પાસ જોઇએ પ્રેક્ષકોને. બસ, પછી રંગભૂમિ દોડી જ સમજો.

ગીતા : બીજા શું કરે છે, તે આપણે નથી જોવાનું; આપણે તો આપણું ધોરણ સાચવવાનું છે.

રંજન : આ તારી ધોરણ સાચવવાની નીતિને લીધે જ તું ત્રણ વર્ષથી ઇન્ટર આર્ટસના ધોરણમાં રહી ગઈ છે.

ગીતા : જો રંજન, આપણને આવી પર્સનલ જોક જરા પણ પસંદ નથી. જો તું નાટક કરવા માગતી જ હોય તો સીધી 'ગામની પંચાત'ની જ વાત કરને!

રંજન : ઓ. કે.! જો ગીતા, આમાં ચાર સ્ત્રીપાત્રો છે. એક છે વઢકણી ડોશીનું, બીજું છે પોતાને ગંભીર માનતી પ્રૌઢાનું, ત્રીજું છે સમાજમાં કાર્યકર્તા બનીને ફરતી સ્ત્રીનું અને ચોથું છે એક અર્વાચીન યુવતીનું.

ગીતા : હવે આ પાત્રોની વહેંચણી કેમ કરીશું?

રંજન : વારાફરતી રીડિંગ કરીશું. જેને જે સ્યૂટ થશે તે કૅરૅક્ટર આપીશું. પહેલાં ડોશીનું પાત્ર લઇએ.ચાલ લીના,તું સ્ક્રિપ્ટમાંથી ડોશીનો ડાયલૉગ વાંચ તો.

લીના : (બેઠી છે તે સ્ક્રિપ્ટમાંથી શોધીને પસંદ કરી વાંચવા માંડે છે. પરીક્ષાના સમયે મોઢેથી ગોખનાર કેટલું યાદ છે તે જોવા જે ઝડપે વાંચે તે, કે આંક બોલતા બાળકની ઝડપે સડસડાટ વાંચે.) ના, તે એવું ના ચાલે.તમારે તમારાં છૈયાંને અમારે ત્યાં જમવા મોકલવાં જ પડે. આ અમારે ને નાથુભાઇને આમ, બીજી બાજુ તમારે ને દાસભાઇને આમ; પણ બોન, પાછું નાથુભાઈ અને દાસ ભાઇને ઘર જેવું હોં. ઓલા જીવણલાલના રમણના લગન ટાણે ચૉરી-કંસારમાં ચંપકલાલે શાલનો ઝઘડો કર્યો હતો ત્યારે નાથુભાઇએ દાસભાઇને સંગાથે રાખીને સમાધાન કરાવેલું. અલી બોન, નાતજાતના ઝઘડામાં અમારે શું? ના ના, તમારે ત્યાં એવો તે કેવો મેહુલિયો વરસી ગયો છે તે અલી બોન ના પાડો છો—?

રંજન : બસ, બસ. તું તો પરીક્ષા માટે છેલ્લે દિવસે વાંચતી હોય તેમ કડકડાટ વાંચે છે. મોંપાઠ જેવું લાગે છે. હાં, લતા, હવે તું આગળ વાંચ તો. (લીનાના હાથમાંથી સ્ક્રિપ્ટ લઈ લતાને આપે છે. લીના મોં બગાડે છે.)

લતા: (સોમવારના વ્રતની કથા કોઈ ડોશી ધીમેધીમે કહે તેવી શૈલી અને રિધમથી) ના તો પડાય નહિ, પાડો તો મનાય નહિ. મનાય તો સમજાય નહિ. અને સમજાય તો સમજાવાય નહિ. પ્રસંગો તો રોજ આવે ને જાય, આજે અમારે ત્યાં છે, કાલે તમારે ત્યાં હોય. છોકરાં તો જમવા મોકલવાં જ પડે. મોકલો તો ય મોકલો અને ના મોકલો તો ય મોકલો. પણ ગમે તે કરો. પણ બસ મોકલો જ મોકલો.

રંજન: બસ ગોરાણી મા, બસ! લતા, આ સોમવારના વ્રતની કથા કહેનારી ડોશીનું પાત્ર નથી કે તું આમ બોલે છે. ચાલ ગીતા, તું વાંચ તો. (લતા પાસેથી સ્ક્રિપ્ટ લઈ લે છે, ગીતાને આપે છે. લતાના મુખ ઉપર રંજનને પોતાનું વાચન ન ગમ્યું તે માટેની દિલગીરીના ભાવ)

ગીતા : (સીધું જ ભાવ, આરોહ અવરોહ વગર સરળ રીતે, નરમ રીતે બોલે) બીજાના પ્રસંગો સાચવવા તેનું નામ જ સંબંધ. પછી સામો પક્ષ પીગળીને છોકરાંને મોકલવાની તૈયારી કરે તે જોતાં ડોશી પાસું બદલે. સારું, ત્યારે ના મોકલશો. તમારે ત્યાં પણ ટાણાં આવશેને, એં, પ્રસંગ આવશેને, ના ના, જમણવાર આવશેને ત્યારે અમે પણ નહિ મોકલીએ. હા...

રંજન : ગીતા, આ સ્ટેજ-પ્લે છે, રેડિયો ઉપર ટૉક નથી આપવાની, સમજી? તમે કોઈ જ આ પાત્રને સમજ્યાં નથી. જુઓ, હું હવે બોલવાની સાચી પદ્ધતિ બતાવું:

(સ્ક્રિપ્ટ લઇને જમીન ઉપર બેસે, માથે ઓઢે, લાજનો ભાગ આગળ કપાળ સુધી આવી જાય ને વિધવા ડોશીઓ ગોઠવે છે તેમ ખેંચીને બરાબર ગોઠવે અને સ્ક્રિપ્ટ બાજુમાં ખુલ્લી મૂકી અભિનય કરતી જાય, જોતી જાય અને ડોશીની પેઠે બોલતી જાય)

(છીંકણીનો તડાકો લેતાં) ના તે બા! એવું નો ચાલે. તમારાં છૈયાંને, અમારે ત્યાં જમ્બા મોકલવાં જ પડે. આ તમારે અને નાથુભાઇને આમ, (આમ કહે ત્યારે દુશ્મનાવટ બતાવતી બે હાથની આંગળીઓ ક્રૉસ કરે) અને બીજી બાજુ અમારે ને દાસભાઇને આમ (દુશ્મનાવટ બતાવે, ફરી); પણ બોન! નાથુભાઈ અને દાસભાઈને પાછું ઘર જેવું, હોં! ઓલા જીવણ-

લાલના રમણના લગન ટાણે ચૉરી-કંસારમાં ચંપકલાલે શાલનો ઝઘડો ન્હોતો કર્યો? તેંયાં નાથુભાઈએ વચ્ચે પડી...ને, દાસભાઇને હંગાથે રાખી...ને સમાધાન કરાયું'તું. અને અલી બૉન, હાચું કે'જો, ના ના, નાતજાતના ઝઘડામાં અમ્મારે શું?! ના ના, તમારે ત્યાં એવો તે કેવો મેહુલિયો વરસી ગયો છે, તે અલી બૉન, ના પાડો છો? (ફરી છીંકણીનો ચપટોભરીને એક તડાકો મારતાં)ના તો પડાય જ નહિ. (બીજો મારી) અને પાડો તો મનાય નહિ. (ત્રીજો મારતાં) અને ધારો કે મનાય તો હમજાય નહિ. (છીંકણીવાળી આંગળી હોય તેને સાલ્લે લૂછે; તેમ કરતાં) અને ધારોને કે હમજાય, તો હમજાવાય તો નહિ જ. પ્રસંગો તો રોજ આવે ને જાય. આજ અમારે ત્યાં છે, કાલે તમારે ત્યાં હોય. છેયાંને તો જમ્બા મોકલવાં જ પડે. (અહીં અભિનય બંધ કરી બીજાને સમજાવતાં બોલે) અને સામો પક્ષ પીગળીને છોકરાંને મોકલવાની તૈયારી કરે તે જોતાં ડોશી પાસું બદલે. (અહીંથી પાછો અભિનય. લાંબા લાંબા હાથ કરીને, હાથના ટેકે ઊભી થઈ, જતી રહેતાં) હારું, તંઈયાં ના મોકલશો. તમારે તંઇયાંયે ટાણાં આવશેને? એં, પ્રસંગો આવશેને? ના ના, તમારે તંઈયાંયે જમણપ્રસંગો આવશેને? તંઈયાં અમે પણ નહિ મોકલીએ, હા આ......

ગીતા: અચ્છા, તો કૌંસમાં લખ્યું છે તે નથી બોલવાનું?

રંજન: જી ના.

ગીતા: ના રે; તેં જેવો અભિનય કર્યો તેવો આપણને નહિ ફાવે; માટે ડોશી તો તું જ બનજે.

રંજન: સારું. હવે પ્રૌઢાનું પાત્ર બોલ તો લીના, ચાલ. (બાજુની ખુરશી ઉપર બેસીને વાંચવા લીનાને બોલાવે. લીના ઉત્સાહથી આવવા જાય ત્યાં) ના ના, લીના, તું રહેવા દે. ચાલ લતા, આવ. તું મારી અન્ડર સ્ટડી છે, એટલે પ્રૌઢાનું પાત્ર તો તું જ સારું કરી શકીશ.

ગીતા: [લીના નિરાશ થઈ પાછી બેસે, લતા ખુરશી ઉપર ગોઠવાય ત્યાં સુધીમાં] અન્ડર સ્ટડી! ઓત્તારી! તું તો જાણે કોઈ વિખ્યાત અભિનેત્રી!

રંજન: જો ગીતા, તું આ લાઈનમાં નવી છે. અહીં દરેક વ્યક્તિ એમ જ માને છે કે તે ન હોય તો ગુજરાતની રંગભૂમિ સોનાપુર, દૂધેશ્વર કે અશ્વિનીકુમાર ભેગી થઈ જ ના શકે. અહીં નાટકની દુનિયામાં વાસ્તવિક દુનિયા જેવા મહામંડળેશ્વરો, સંતો ને ભક્તો છે અને તેમના ભગતો પણ છે, અને આ ભક્તો અને ભગતોના વાડા પણ હોય છે. એ પ્રમાણે હું એક ભગત છું અને લતા મારી ભક્ત છે. ચાલ લતા, વાંચ તો.

લતા: (બરાબર પ્રૌઢાની પેઠે વાંચે. તેની પાછળ ઊભી રહી રંજન તે જ સંવાદોનો અભિનય કરે—જાણે ડાયરેક્ટર કરતી હોય તેમ મૂડમાં આવીને) ચંપા બહેન, હું તમને શું કહું? મેં તો છોકરાંઓને કહ્યું કે ખાઓ સોનાનું, પણ નોકર જોડે છૂટ નહિ. આજે એક આનો છે, કાલ લાખ રૂપિયા હોય. નોકર એ ઉપાડે જ કેમ? મને ઘણી વાર થાય છે કે સાલાને છૂટો કરી દઉં. પણ પછી જીવ બળે છે કે મૂઓ રહ્યો ત્યારે. એનો ય બાપડાનો મનખો છે ને! અને સાચી વાત કહું? ચંપાબહેન, મારો સ્વભાવ જરા દયાળુ ખરો. હું તો સવારથી સાંજ સુધી કામમાંથી ઊંચી જ ના આવું. ને મૂઆ છોકરાં તોફાન કરીકરીને નોકરને પજવે. અરે બહેન, આજકાલનાં છોકરાંઓની તે કંઈ આશા છે! આ અમારી રૂપા ખાસ્સી ચૌદ વર્ષની થઈ, પણ બહેન, નથી રાંધતાં આવડતું, નથી આવડતાં વાસણ-કપડાં! (નિસાસો નાંખીને) એને હું ક્યાં ઠેકાણે પાડીશ!

ગીતા: સોનાપુર કે દૂધેશ્વર મોકલી આપ.

રંજના: ગીતા, જોક નહિ. (બધાં સાંભળે તેમ લતાને) ફાઈન! ફાઈન! (ધીમેથી કાનમાં) થોડી ભૂલો છે, એ તો હું દિગ્દર્શન કરીશ ત્યારે સુધારી લઈશ. (મોટેથી) હાં લીના, તું સમાજમાં કાયકર્તા બનીને ફરતી સ્ત્રીનું પાત્ર વાંચ.

લીના: મને તો મોઢે છે! (ઊભી થઇને અભિનય સાથે) રામા! જલદી ચા મૂક; અને નાહવાનું પાણી કાઢ. કેટલી વાર? અને હા, જો, 'સ્ત્રીઓ હમેશાં વહેલી ઊઠે છે' એ વિષય ઉપર નવ વાગ્યે તો મારે ભાષણ કરવા જવાનું છે અને સાડા આઠ તો થયા. તમારા લોકોનું તો કંઇ ઠેકાણું જ નથી...શું? શું? ફરીથી બોલ તો ખરો!...મોડી ઊઠું છું?...હું કાંઈ તમારા જેવી નવરી નથી...મારે તો બહુ કામ રહે છે. અરે...અરે...પણ તમે ક્યાં નાહવા જાઓ છો? હું જાઉં છું...રામા, પાણી મૂક. અને ચાને કેટલી વાર?

રંજન: ચાલશે, જોકે સુધારવું તો પડશે જ. બસ. ગીતા, તું અર્વાચીન યુવતીનું વાંચ એટલે આપણે શરૂ કરીએ.

ગીતા: અર્વાચીન યુવતીનું પાત્ર છેને? હું અર્વાચીન યુવતી તો છું જ એટલે હું કરી લઈશ. તું ચિંતા ના કર.

રંજન: અરે, ડિક્શન તો જોવું જોઇએને?

ગીતા: જો; તું તો ડાયરેક્ટર છે; તો અભિનય જો. સંવાદને અને તારે શું લાગેવળગે?

ગીતા: શા માટે નહિ? લેખનું દિગ્દર્શક કેવું ઇન્ટરપ્રિટેશન કરે છે તેમાં જ તેની મહત્તા અંકાય છે.

લતા: હા વળી, ડાયરેક્ટરે તો બધું જ જોવાનું.

ગીતા: અચ્છા! ભક્તે ભગવાનની ચરણરજ પાછી લીધી?

લતા: બસ, હવે કકળાટ નહિ જોઇએ.

રંજન: ગીતા, તું સમજ તો ખરી; એક વાક્યનું ઇન્ટરપ્રિટેશન તો કરવા દે. ધાર કે એક વાક્ય છે કે 'બસ, બસ, હવે બહુ થયું.'

ગીતા: તે એમાં શું છે? લેને હું જ બોલી બતાવું. ગુજરાતીમાં: બસ, બસ, હવે બહુ થયું; મરાઠીમાં: બસ કર! આતા પુરે. હિંદીમાં: બસ, બસ, બહુત હુઆ. અંગ્રેજીમાં: ઓહ, ઓહ, ધૅટ્સ ઈનફ.

રંજન: બસ, બસ, બસ! જ્યારે તું ટ્રાન્સલેશન અને ઇન્ટરપ્રિટેશનનો ફેરનથી સમજતી ત્યારે ઇન્ટરમાં કયા જન્મારે પાસ થવાની છે?

ગીતા: તો પછી તારે જોઇએ છે શું?

રંજન: જો આ વાક્ય. 'બસ, બસ, હવે બહુ થયું.' કેટલી રીતે બોલી શકાય તેમ છે તે બતાવું: (ખિન્નઇને) બસ, બસ, હવે બહુ થયું. (પત્ની પતિથી રિસાઈ હોય ત્યારે બોલે તેમ) બસ, બસ, હવે બહુ થયું. (પતિ પત્નીને મનાવતો હોય ત્યારે બોલે તેમ) બસ, બસ, હવે બહુ થયું. (કોઈ સખત હસાવતું હોય અને વધારે હસી શકાય તેમ ન હોય ત્યારે તેને વધુ ન બોલવાનું કહીએ તેમ) બસ...બસ, હવે બહુ થયું. (એકદમ રડતાંરડતાં) બસ, બસ, હવે બહુ થયું...

ગીતા: ઓહ, હવે સમજી.

રંજન: તો લે, હવે વાંચ...

ગીતા: ના, તું પ્રૅામ્પ્ટ કર. હું તે રીપીટ કરીશ.

રંજન: ઓ. કે. તું બોલ.

ગીતા: તું બોલ, પછી હું શરૂ કરું. (ગીતા આગળના ભાગમાં છે. રંજન ખુરશીની પાછળ ઊભી રહી, ખુરશી ઉપર હાથ રાખી હાથમાં સ્ક્રિપ્ટ રાખી બોલે છે. ગીતા એને જોતી નથી.)

રંજન: ખિન્નઇને, મમ્મી તમને કહેવું પડે છે પણ તમે સમજતાં નથી.

ગીતા: ખિન્નઇને મમ્મી, તમને કહેવું પડે પણ તમે સમજતાં નથી.

રંજન: 'મમ્મી, તમે ધારો છો તેવું કંઈ નથી. એ મારા ફ્રૅન્ડ છે.' જરા મલકાઇને આગળ જઈને બોલ.

ગીતા: મમ્મી તમે ધારો છો તેવું કંઈ નથી. એ મારા ફ્રેન્ડ છે. જરા મલકાઇને આગળ

જઇને બોલ.

રંજન : 'અમે કૉલેજમાં સાથે ભણીએ છીએ.' અને તું આ શું બફાટ કરે છે?

ગીતા : અમે કૉલેજમાં સાથે ભણીએ છીએ. અને તું આ શું બફાટ કરે છે?

રંજન : (સ્ક્રિપ્ટમાં જરા પણ જોયા વિના ગીતાને ધમકાવતાં) તારાથી તો તોબા! તું તો સંવાદોની જોડે સૂચનો પણ બોલે છે!

ગીતા : તારાથી તો તોબા. સંવાદોની જોડે સૂચનો પણ બોલે છે?

રંજન : તને તે મારે શું કહેવું?

ગીતા : તને તે મારે શું કહેવું?

રંજન : અરે ગીતા, હું તને કહું છું.

ગીતા : અરે ગીતા હું તને—(પહેલી જવાર રંજન તરફ ફરીને) અચ્છા, તો આમાં મારી મમ્મી બનનારનું નામ પણ ગીતા છે?

રંજન : ના, હવે ના. હું તને સંવાદોની સાથે સૂચનો આપું છું તે શાની બોલે છે?

ગીતા : તે તું તો પ્રૉમ્પ્ટિંગ કરે છે કે મશ્કરી? પ્રૉમ્પ્ટર થઇને સૂચના શાની આપે છે? હાં, બાકી અભિનય તો બરાબર છેને?

રંજન : ના, બરાબર નથી. જો હું બતાવું. લતા, તું પ્રામ્પ્ટ કર.

ગીતા : જો લતા, તું જાન જાય તો યે સંવાદ સિવાય કશું બોલતી નહિ.

લતા : ઓ. કે. (સ્ક્રિપ્ટ લે છે. પાછળના ભાગમાં તે છે, આગળ રંજન છે.) હાં રંજન, શરૂ કર. 'મમ્મી, તમે ધારો છો તેવું કઇ નથી.'

રંજન : (અભિનય સાથે) મમ્મી, તમે ધારો છો તેવું કંઈ નથી.

લતા : એ મારા ફ્રેન્ડ છે.

રંજન : એ મારા ફ્રૅન્ડ છે, અમે કૉલેજમાં સાથે ભણીએ છીએ.

લતા : (એક પગ આગળ મૂકે ત્યાં ચંપલની ખીલી વાગે અને તે અટકી જાય અને નીચી વળે. ચપલમાં એક હાથ, બીજો હાથ જેમાં સ્ક્રિપ્ટ છે તે કેડ પાછળ જાય.) એક દિવસ હું તેમના આવવાની—

રજન : એક દિવસ હુ તેમના આવવાની.

લતા : આવવાની–

રજન : આવવાની.

લતા : આવવાની–

રંજન : આવવાની.

લતા : આવવાની–

રંજન : આવવાની.

ગીતા : લતા, આગળ બોલને?

લતા : પણ પગમાં ખીલી વાગે છે.

રંજન : તો કહેતાં શું જોર આવે છે?

લતા : ગીતાએ ના કહી હતી કે જાન જાય તોયે સંવાદ સિવાય બીજું કંઈ બોલતી નહિ.

ગીતા : રંજન, આ એક દુઃખ છે. પ્રૉમ્પ્ટરને આવું કંઈ થાય ને આર્ટિસ્ટ ડાયલૉગ ભૂલી જાય કે મરી જાય ને એની એ લાઈન રીપીટ કરે તો–

રજન : નાટકમાં કોઈ મરતું નથી. આવું થાય તો–

લીના : રેડિયો-સ્ટેશન જેવું જ ના કરીએ?

રંજન : એ શું?

લીના : કોઈ કૅરેક્ટર આવું કરે એટલે બીજો તેને વિંગમાં કાઢી મૂકે અને ઑડિયન્સને કહે કે 'માફ કીજીયે ગ', યહ આર્ટિસ્ટ કા તબિયત ઝરા ખરાબ થા. સો આપ પૂરા ન સુન સકે...'

ગીતા : લીના, તું પૈસા ખર્ચી ખર્ચીને બી લોકોની સાથે રહીને ઈન્ટેલિજન્ટ થતી જાય છે.

લીના : હવે આપણે વખત ના બગાડીએ તો સારૂ; બહુ મોડું થશે નહિ તો.

રંજન : હા, આપણે શરૂ કરીએ. કેમ, ગીતા?

ગીતા : મને વાંધો નથી; બાકી મેં ઘણી જગ્યાએ જોયું છે કે નાટકનાં રીહર્સલો તો થાય છે, પણ નાટક જ નથી થતું.

રંજન : આપણે ત્યાં એવું નહિ થાય કેમ, લતા?

લતા : હા વળી. પહેલા જ પગલે નિરાશા આપણને શોભતી નથી.

રંજન : ચાલ લતા, તું સ્ક્રિપ્ટ લે. (ગીતા ખૂણાની ખુરશી ઉપર છે; વચ્ચેના ભાગમાં લતા બેઠી છે. ડાબી બાજુ નીચે ખૂણામાં રંજન બેસે છે–ડોશી તરીકે. સૂપડાથી કંઈ છડતી હોવાનો અભિનય કરે છે.)

લતા : ચાલો, શરૂઆતમાં ડોશીને મળવા કાર્યકર્તા સ્ત્રી આવે છે તે લો.

લીના : મારા સંવાદ તો મને મોઢે છે.

રંજન : અને હું તો અનુભવી છું. થોડી સ્ક્રિપ્ટ પણ વાંચી છે.

ગીતા : તો પછી શરૂ કરોને?

લીના : (અંદરના ભાગમાંથી આવતાં) નમસ્તે માજી, આવું કે?

રંજન : કોણ છે 'લી?

લીના : માજી, હું કાન્તા! (ખુરશી પર બેસે)

રંજન : (ઊભી થઈ ડોશીની પેઠે પાસેથી જોતાં) હેં, તું શાંતિલાલના છૈયાની છોડીને 'લી!

લીના : હા માજી.

રંજન : ગૅર મૂઈ! તું તો મોટી હેડંબા જેવી થઈ ગઈ છેને! ઓળખાતી યે નથી. કેમ, ઘેર બધાં મઝામાં ને?

લીના : હા માજી.

રંજન : માજી માજી શું કરે છે? મારુ નામ નથી જાણતી?

લીના : ના માજી, આપણે મળ્યાં હોઈએ તેવું મને યાદ નથી. આઈ ડોન્ટ રીમેમ્બર.

રંજન : આવું બોલે છે તે જરાયે શોભતી નથી. શાંતિકાકાને અને મારા બાપાને ઘર જેવો સંબંધ! અમે ધંધુકામાં પાસેપાસે રહીએ. આ તારી માને એમણે અમદાવાદ પયણાવી તેદુની તમે બધીયું શેરની થઈયું. તું પયણી છો 'લી છોડી!

લીના : માજી, તમે કેવા વિચિત્ર સવાલો પૂછો છો?

રંજન : લે ત્યારે, તેં હજુ મને ઓળખી નહિ. હું તો તારી ગંગી માશી?

લીના : ખાસ કંઇ યાદ આવતું નથી.

રંજન : તો તું મને ઓળખતી નથી, તો કોનું બોડાવવા અહીં ટળી છો!

લીના : મારે શાન્તાબહેનનું કામ હતું.

રંજન : એમ કહેને તંઈયાં! તારે શાંતા વહુનું કામ છે. વહુ! ઓ વહુ! અરે ઓ શાંતા વહુ!

લીના : માજી!

રંજન : ગંગા માશી કહે ગંગા માશી. અરે શાંતા વહુ ઓ! બહાર આવો તો. શાંતિકાકાની છોડી ચંપાને અમદાવાદવાળા જયંતીલાલ જોડે નહોતી પયણાવી?...હા... તે તેની ત્રીજી છોડી કાન્તા આવી છે...કેમ, એય, આગળ બોલને?

લીના : હવે તો લતાએ બોલવાનું છે.

લતા : અરે હા. હું તો તમારું જોવામાં ને જોવામાં સ્ક્રિપ્ટ જોવાનું જ ભૂલી ગઇ.

રંજન : પણ અમે ક્યાં અહીં સ્ક્રિપ્ટમાંથી બોલીએ છીએ? તારે પણ અમારી પેઠે મગજમાંથી જ કાઢીને બોલવા માડવાનું.

ગીતા : (ઊભી થઈને) હા, લતા! આ તો સરઘસ જેવું છે. ઘણા લોકોને ટેવ નથી હોતી કે ગમે તેનું સરઘસ જતું હોય તેમાં જોડાઈ જવાનું અને ફાવે તે બૂમો પાડવાની! (સરઘસમાં નારા બોલાવનારની જેમ) મુંબઈ કોણાચી? (સરઘસના માણસો બોલે તેમ, હાથ ઊંચા કરીકરીને સ્ટેજના આગળના ભાગમાં આવીને) આમચી આહે! આમચી આહે!

લીના : ગીતા, નાટક જામે છે!

ગીતા : આટલામાં શું ખબર પડે? પણ હા, એક વાત છે. જો આ રીતે જ થીમ આગળ વધવાની હોય તો આ નાટક કોઇ મરી જાય તેના ઊઠમણા જેવું લાગે.

રંજન : જા જા, હવે.

ગીતા : જાય ક્યાં! સાચું કહું છું. ડોશી અને પ્રૌઢાનાં પાત્રોવાળું નાટક ઊઠમણા જેવું ના લાગે તો શું પ્રેમકથા લાગે?

રંજન : તો પછી કરવું શું?

લીના : તમે ગભરાઓ છો કેમ? મારા નાટકમાં આગળ જતાં સરસ જમાવટ થાય

છે. ચંપાની છોકરી નાસી જાય છે ત્યારે ડોશી રડે છે અને લોકો હસે છે.

ગીતા : કોઈ રડે અને કોઈ હસે તે કેવી રીતે બને ?

રંજન : કેમ ના બને ?

ગીતા : ના જ બને. તું રડે અને લોકો હસે તેથી તને હસવું આવે તો !

રંજન : ના, હાસ્ય અને રુદન એ નાટ્યશાસ્ત્રના એવા રસ છે કે જે માત્ર ધારે તેટલું પીરસી શકે.

લીના : તારી આ વાત ખોટી છે. રડતાંરડતાં તરત હસવું અને હસતાંહસતાં તરત રડવું એ કેમ બને ?

રંજન: જો. મેં અને લતાએ એક નાટક જોયું હતું. તેમાં હીરૉઈન તેના પુત્રની વર્ષગાંઠ ઊજવે છે અને હસતીહસતી કહે છે કે-(અભિનય સાથે-સ્ટેજના આગળના ભાગમાં-આખું સ્ટેજ કવર થાય તેમ) આજે મારા જેવું સુખી કોણ હશે? મારા બાળકની આજે વર્ષગાંઠ! કેટકેટલી આશા અને અરમાનોનું સાફલ્ય !

લીના : પછી ?

લતા : પછી કોઇ આવીને કહે છે કે બાળક મોટર નીચે આવીને કચડાઈ ગયું—

રંજન : (હાસ્ય ને એકદમ ગભીરતામાં પલટી એકદમ આંખમાં આંસુ લાવી રડતાં) ઓ ઈશ્વર! તેં આ શું કર્યું! ઓ વિધિ, તારી લીલા ! પ્રભુ, તેં મને કયા પાપની આ સજા આપી! ઓ મારું બાળક રે...(ધ્રુસકે ધ્રુસકે રડે, બેસી જાય.)

લીના : પછી ?

લતા : પછી બાળકનો બાપ આવીને કહે છે કે બાળક તો નીચે રમે છે. આ તો બીજાનું બાળક કચડાઇ ગયું છે.

રંજન : (મોં ઊંચું કરે—આંખમાં આંસુ છે તે આનંદનાં આંસુ બને—રુદનનું સ્થાન મલકાટ લે.) શું ? મારું બાળક જીવે છે! મારાં પુણ્ય આજે ઊગી નીકળ્યાં! વાહ, ઈશ્વર વાહ! વાહ રે વિધિ!

ગીતા : (તાળી પાડી) વાહ રંજન, વાહ!

રંજન : ગીતા, તો હવે તો આપણે આ નાટક કરીશુંને ?

લીના : હા, પછી માત્ર સ્ત્રીપાત્રોવાળું નાટક નહિ મળે.

ગીતા : બસ, મને એક જ બીક છે. આવા નટશૂન્ય નાટકમાં સ્ત્રી-પ્રેક્ષકોની કંગાળ હાજરી રહેશે.

રંજન : તારું નામ ગીતા. અને તું જ ગીતાના બેઝિક સિદ્ધાન્તને ભૂલી જાય કે 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' તે કેમ બને ?

ગીતા : તો પછી આપણે નાટક શાને માટે કરીએ છીએ ?

રંજન : એ તો ખબર નથી. પણ નાટકો પ્રેક્ષકો માટે કે રંગભૂમિના ઉદ્ધાર માટે નથી થતાં. નાટક એ એક જ એવી કલા છે કે જે 'આર્ટ ફૉર આર્ટ્સ સેઈક'ની જેમ નાટકને ખાતર જ નાટક થાય છે. અને નાટકો તો પ્રેસના પ્રતિનિધિઓ માટે થાય છે ને ?

ગીતા : એટલે ?

રંજન : ગીતા, છાપાંમાં પોતાનો પ્રચાર થાય, વખાણ થાય, માટે લોકો નાટક કરે છે. અને જેમને નાટક કેમ થાય તેની ખબર નથી, જેમણે જિંદગીમાં કદી અભિનય નથી કર્યો કે દિગ્દર્શન નથી કર્યું તેવા બની બેઠેલા વિવેચકો પણ એમ જ ખાંડ ખાય છે કે નાટકો તેમના માટે જ થાય છે.

ગીતા : તારી વાત કંઇ સમજાઇ નહિ.

રંજન : જો ગીતા, એટલે એનો અર્થ એ કે છાપાંવાળા નાટક ઉપર લખવાનું બંધ કરે તો પ્રેક્ષકોને તો બાજુએ મૂક, કલાકારોની ખુદની હાજરી કંગાલ થઈ જાય.

ગીતા : પણ છાપાંમાં નાટકનાં તો વખાણ મેં કોઈ દિવસ વાંચ્યાં નથી.

રંજન: એ તો કહું છું કે વિવેચકો માખીઓ જેવા છે. માખી જેમ ખરાબ જગ્યાએ જ—ગંદકીમાં જ-બેસે છે તેમ વિવેચકો ખરાબ ખરાબ જ વીણે છે.

ગીતા : મને લાગે છે કે હું જો તારી જોડે વધારે રહીશ તો મારુ ભેજું ખસી જશે.

રંજન : અરે, પણ તને વાંધો શો છે?

લતા : રંજન, આ ગીતાને એક જ વાંધો છે કે પુરુષ પાત્ર તો જોઇએ જ. પછી ભલે ને કોઈ ટપાલીનું હોય કે ઊંઘતા નોકરનું હોય.

ગીતા : આટલા બધા વખત પછી મારી વાત જો કોઈ પણ સમજ્યું હોય તો તે લતા જ.

લીના : એમ તો મારા નાટકમાં એક નોકરની કૅરૅક્ટર આવે છે.

રંજન : હેં! એને સંવાદ બોલવાના છે?

લીના : નાનોસરખો છે. કાન્તા તેના નોકરને કહે છે કે જો તારે આ ઘરમાં રહેવું હોય તો મારું કહ્યું કરવાનું. હું ઊઠું તે પહેલાં ઊઠવાનું. હું સૂઇ જાઉં પછી જ સૂવાનું. ચા બહુ પીવાની નહિ. બીડીનું તો નામ જ નહિ લેવાનું. ફિલ્મ હું કહું તે જોવાની. મને પૂછ્યા વગર બહાર નહિ જવાનું. અને હું કહું તેની સાથે જ સબંધ રાખવાનો.

રંજન : નોકરનો સંવાદ બોલને ?

લીના : તે એના પર તો આવું છું. આ બધું સાંભળીને નોકર એક જ વાક્ય બોલે છે કે બહેન, આ હિસાબે તમારે નોકરની નહિ પણ વરની જરૂર છે.

(બધાં હસે છે; હસી રહ્યા પછી ગંભીર થઈ જાય છે.)

રંજન : આ સંવાદ તો કટ કરવો પડશે. કારણ કે આ કૅરૅક્ટર નહિ મળે.

લીના : વાહ, નાની નાની કૅરૅક્ટરો તો જોઇશે જ.

રંજન : લીના, તું તો ખરી છે. આપણી પાસે પુરુષપાત્ર જ નથી, માટે તો તારું નાટક કરવું પડે છે.

ગીતા : તમે લોકો મને નથી માનતા, પણ પુરુષ પાત્ર વગર નાટક સંભવિત જ નથી.

લીના : તમે લોકો વાતો જ કરશો કે પછી રીહર્સલ કરશો !

ગીતા : પણ તારું નાટક ન ભજવવું એ તો આપણે ક્યારનું નક્કી કર્યું છે.

લીના : તમને ખબર છે, આ નાટક લખવા પાછળ મને કેટલી મહેનત પડી છે?

રંજન : મહેનત શબ્દ ખોટો છે, મહેનતાણું કહે.

લીના: એમ માનો તો એમ. પણ આ નાટક પાછળ મારે ૩૦ રૂપિયાનો ખર્ચો થયો છે.

રંજન : તો તો તું મુંડાઇ જ ગઇ. એ લેખકે એમ ને એમ છપાવ્યું હોત તો તેને ૧૦ રૂપરડીથી વધુ ના મળત; અને ભજવાવ્યું હોત તો બહુબહુ તો નાટક જોવાનો પાસ મળત.

ગીતા : રૉયલ્ટી નહિ ?

રંજન : રૉયલ્ટી? ગુજરાતી રંગભૂમિમાં રૉયલ્ટી આપવાની વાત તો બાજુએ મૂક, લોકો નાટકની પરમિશન લેવાની પણ જરૂર નથી જોતા. લેખકોને ગુજરાતી રંગભૂમિમાં હોટલ બૉય કરતાં પણ નીચું સ્થાન મળે છે. એટલે કે હોટલ બૉય તો રીહર્સલમાં યે આવી શકે છે, પણ લેખક તો તેમાં પણ નહિ.

ગીતા : હશે; સો વાતની એક વાત, કે પુરુષ પાત્ર મળે નહિ ત્યાં સુધી આ નાટક નહિ થાય.

(આગંતુક પ્રવેશે છે)

ગીતા : રંજન, કોઈ આવ્યું.

રંજન : કોણ છે?

આગંતુક : હું છું.

રંજન : તમે કોણ છો ?

આગંતુક : આમ ખિજાઓ છો કેમ ?

રંજન : અમે આમ ડિસ્કસ કરતાં હોઇએ ત્યારે પૂછ્યાગાછ્યા વગર ધૂસી આવતાં શરમાતાં નથી ?

આગંતુક : તમે લોકો તો ખરાં છો! કશું સમજતાં જ નથી. હું તો એમ કહેવા આવી હતી કે તમે કલાકથી સ્ટેજ પચાવી પાડ્યું છે.

ગીતા : પચાવી પાડ્યું છે, એમ ?

લતા : જાઓ જાઓ હવે. અમે ગમે તે કરીએ, તમારે શું ?

રંજન : હાવળી, બધાંને અર્ધો કલાક સ્ટેજ વાપરવાનો હક છે.

લીના : પછી અમે કલાક કરીએ કે સિક્સ્ટીન એમ. એમ.ની ફિલ્મ બતાવીએ.

ગીતા : કે પછી મુશાયરો કરીએ! ના. ના. તમારે શું ?

આગંતુક : તમે લોકો મને બોલવા દેશો ?

ગીતા : તે તને બાંધી કોણે રાખી છે ?

આગંતુક : તમે ધાર્યા કરતાં વધુ સમય લીધો છે. તમારા પછી અમે સ્ટેજ બુક કરાવ્યું છે. જો તમે સ્ટેજ ખાલી કરો તો અમે રીહર્સલ શરૂ કરીએ.

રંજન : ઓહ ! સૉરી !! જસ્ટ આ ફ્યૂ મિનિટસ પ્લીઝ.

આગંતુક : જલદી કરો.

રંજન : માફ કરજો, તમને ઓળખ્યાં નહિ હોં.

આગંતુક : ઓ. કે. મેઈક ઈટ સ્નૅપી, સિસ્ટર્સ !

રંજન : અમે હમણાં જ પતાવીએ છીએ.

(આગંતુક જાય છે)

ગીતા : કોણ હતી આ ?

રંજન : હશે આપણા જેવી કોઈ.

લતા : લીના, તને શું થયું ?

લીના : થયું મારું કપાળ ! મને નથી લાગતું કે તમે મારું નાટક કરો. મને તો હતું કે આ નાટકથી તો મને ખ્યાતિ મળશે.

ગીતા : ખ્યાતિ ? રંજન, નાટકમાં ખ્યાતિ મળે છે ?

રંજન : લેખકને તો કંઈ જ નથી મળતું. ડાયરેક્ટરને મસ્કો મારે ત્યારે તેનું નાટક ભજવાય. અને આર્ટિસ્ટોને ? આર્ટિસ્ટોને ખ્યાતિ ત્યારે મળે જ્યારે તે છાપાંવાળાને ચાપાણી પાય અને ડાયરેક્ટર ઉપર તેને લાગલગ હોય. લાગવગ વગર આ લાઇનમાં કંઇ જ થતું નથી. અને એ લાગવગ કેવી જોઇએ તે ખબર છે ને ?

ગીતા : લતાને તારા ઉપર છે તેવી ને ?

લીના : ચાલ ગીતા, હું તો જાઉં છું. આપણો અહીં કંઈ પત્તો ખાય એમ નથી લાગતું.

ગીતા : ઊભી રહે, લીના. હું પણ આવું. આવા પુરુષપાત્ર વિનાના નાટકમાં આપણને રસ નથી. રંજન અને લતા કરશે જે કરવું હશે તે.

લીના : (સ્ક્રિપ્ટ ફાડતાં) આ મારા ડબ્બરૂપિયા !

ગીતા : અરેરે, આટલામાં તો તું વન ફાઈવમાં ૨૨ પિક્ચરો જોઇ શકી હોત. ચાલ લીના, આ લોકો એક પુરુષપાત્ર મેળવી શકતા નથી. (હસતાં હસતાં જાય છે.)

લતા : તમે લોકો હસો છો, પણ બીચારી રંજનનું શું ? એ તેની જે શક્તિઓ છે તે કેવી રીતે દેખાડશે ?

રંજન : હું ગમે તે કરીશ.

લતા : પણ રંજન, મને એક જ દુઃખ થાય છે કે બીજાં બધાં સાધનો હોવા છતાં પણ આપણે નાટક નહિ કરી શકીએ. આપણે નાટક નહિ કરીએ તો લોકો શું કહેશે ?

રંજન : લોકો ? લોકો શું કહેશે ? આપણે લોકોને કહીશું કે —

(સ્ટેજના વચ્ચેના ભાગમાં આવી આગળ આવે. ઑડિયન્સને શું કહેશે તે કહેતી હોય તેમ બોલે)

આજે જનતા નાટક માગે છે. અમે તે આપી શકીએ તેમ છીએ. અમારી પાસે અભિનય છે, શક્તિઓ છે. પણ જનતા જેમ સારાં કે ખરાબ-ગમે તેવાં પણ નાટકો માગે છે તેમ અમે જનતા પાસે પુરુષપાત્ર-સારાં કે ખરાબ ગમે તેવાં, માત્ર પુરુષપાત્ર માગીએ છીએ.

અમારી મુશ્કેલી પુરુષપાત્રોની હતી, છે અને રહેશે. આજે તો અમે તમને એટલું જ કહીશું કે— પુરુષપાત્રોના અભાવે અમને માફ કરજો, આ નાટક નહિ થાય...

[પડદો]

(આ નાટક લેખિત પરવાનગી અને રૉયલ્ટીની રસીદ મેળવ્યા વગર ભજવવાનો પ્રયત્ન કરનારને ઑડિયન્સને કહેવાનો વખત આવશે કે 'માફ કરજો, આ નાટક નહિ થાય' એ નાટક, માફ કરજો, નહિ થાય.)

અનુસંધાન **માંદગીનાં મૂળ** પૃ. ૯૩થી ચાલુ

બીજી પ્રજાઓ કરતાં ઉત્તર હિંદની પ્રજાનાં શરીર અને આરોગ્ય કેવાં સુદૃઢ હોય છે ? ઉંદરો પર હિંદના સાત પ્રાદેશિક ખોરાકોના પ્રયોગો કરતાં છ માસનાઅંતે જાણવા મળ્યું છે કે ઘઉં, દૂધ ને શાકભાજીના-શીખ પ્રજાના-સમૃદ્ધ ખોરાક ઉપર ઊછરેલા ઉંદરોનું સરાસરી વજન ૨૩૫ ગ્રામ થયું; તો મામૂલી મદ્રાસી ખોરાકવાળા ઉંદરોનું વજન માત્ર ૧૫૫ ગ્રામ થયું, બીજા પ્રદેશોના ખોરાકવાળા ઉંદરોનાં વજન આ બન્ને વજનોની વચગાળામાં ઊતર્યાં. વળી મદ્રાસી ખોરાકવાળા ઉંદરોમાં હોજરી, આંતરડાં, ફેફસાં ને જ્ઞાનતંતુના રોગોનું પ્રમાણ શીખ ખોરાકવાળા ઉંદરો કરતાં ઘણું વધારે માલૂમ પડ્યું.

પ્રાણવાયુ અને પાણી ઉપરાંત સમતોલ આહારના વિશિષ્ટ ઘટકોમાં ૪૧ પદાર્થો સમાએલા છે. આમાંના પ્રોટીનમાંથી આવતા ૧૮ ઍમૅાઇનો ઍસિડો, કેલ્શ્યમ ફૉસ્ફરસ જેવાં ૧૧ ખનિજ તત્ત્વો, દસ વિટામિનો તથા કાર્બોહાઇડ્રેટ ને ચરબીમાંથી મળતા બે ગ્લુકોઝ છે. ખનિજક્ષારોની ને વિટામિનોની ન્યૂનતાને લીધે કેટલાક રોગો થાય છે.

હાડકાંની વૃદ્ધિ ને બાવણના સર્જન માટે કૅલ્શ્યમ, લોહી દ્વારા પ્રાણવાયુના વહન માટે લોહ, અને થાઈરૉઇડ ગ્રંથિની કામગીરી માટે આયોડીન જરૂરનાં છે. લોહની અછતવાળા સાધારણ ખોરાકથી સગર્ભાને રક્તક્ષય થઈ આવે છે અને બાળકને ધવડાવવાના દિવસોમાં આ સ્થિતિ કાયમ રહે તો બાળક પણ રક્તક્ષયથી પીડાય છે.

વિટામિનો આહારનાં સહાયકારી ઘટકો છે. એમાંથી જોકે શક્તિ તો મળતી નથી, પણ સૂક્ષ્મ પ્રમાણમાં એમની હાજરી આરોગ્ય, વૃદ્ધિ અને જીવન માટે આવશ્યક છે. શક્તિ માટે સમતોલ ગણાએલા આહારમાં પણ જો આ ઘટકો ખૂટતા હોય તો તેને લીધે થઈ આવતા રોગો વિષેનું જ્ઞાન ગઈ સદીના અંતમાં જ પ્રાપ્ત થયું છે.

પૉલિશ કરેલા ચોખાના આહારને લીધે બેરી-બેરી નામનો પક્ષાઘાત થઇ આવે છે. વિટામિન-ડીની ઓછપ કે અભાવને લીધે રિકેટ્સ અને વિટામિન-બીની ઊણપને લીધે પેલાગ્રા થાય છે. રતાંધળાપણું આવવાનું કારણ વિટામિન-એનો અભાવ છે. વળી આની ગેરહાજરીને લીધે આંતરત્વચા નબળી બનવાથી ન્યૂમોનિયા જેવા ચેપી રોગો જલદી લાગૂ પડે છે. વિટામિન-એ અને વિટામિન-બી$_1$ ને બી$_2$ જ્ઞાનતંત્રની યોગ્ય કામગીરી માટે આવશ્યક છે. કોષના જીવન માટે વિટામિન-સી ઉપયોગી છે. એના અભાવને લીધે સ્કર્વી નામનો વ્યાધિ થાય છે.

અપૂરતા ખોરાકની પેઠે વધારેપડતા આહારથી જાડ્ય અને બીજી પીડાઓ ઊભી થાય છે. આહાર ઉપરાંત ચોખ્ખી હવા અને પ્રકાશવાળું રહેઠાણ આરોગ્ય જાળવવા માટે અગત્યનાં છે. સખત જીવનવિગ્રહમાંથી પસાર થતા માનવીને મળતાં અપૂરતા પોષણ ને ગંદા રહેઠાણને લીધે શરીરનો બગાડો વહોરવો પડે છે. ઉપરાંત શરીરના બાંધા સાથે કામના કલાકોનો સંબંધ પણ જાળવવો જોઇએ. રોગ અને અકસ્માતને કામના કલાકો અને શરીરની સ્થિતિ સાથે ગાઢો સંબંધ છે. પણ આ ઔદ્યોગિક યુગમાં રોટલા માટે મથતા માનવીને શરીર બગાડવાનું વહોર્યા વિના બીજું રહે છે શું ? દેહને આત્માના મંદિરરૂપ પિછાનીએ તો આહારમાં સમતોલપણું, સામાજિક પરિસ્થિતિમાં સમતોલપણું ને પ્રવર્તમાન સ્થિતિમાં માનવ-મર્યાદાઓની પિછાન આ ત્રણ માનવહક્કો અગ્રસ્થાને જોઇએ. (હવે પછી 'જીવાણુઓથી થતા રોગો')

નાની છબિ ઉપરથી મોટી કરવાનું અગત્યનું
સાધન તથા તેનાં વિવિધ અંગોનો પરિચય

ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળાનો બારમો હપતો

એન્લાર્જર


ગોવિન્દ એસ. મેવાડા

ગયે વખતે નેગેટિવ પરથી તેના માપના જ પ્રિન્ટ (કૉન્ટૅક્ટ પ્રિન્ટ) કાઢવાની રીત તથા તેનાં સાધનો વિષે જોઈ ગયા; હવે નેગેટિવ પરથી મોટા પ્રિન્ટ (પ્રોજેક્શન પ્રિન્ટ કે એન્લાર્જમેન્ટ) કાઢવાનાં સાધનોનો પરિચય કરીએ.

ચલચિત્રની ફિલ્મ અથવા લૅન્ટર્ન-સ્લાઈડ નાની હોય છે, પણ પ્રોજેક્ટર અથવા મૅજિક-લૅન્ટર્ન વડે તેનું પડદા પર મોટું ચિત્ર પાડી શકાય છે. તેવી જ રીતે એન્લાર્જરથી નાની નેગેટિવની વિસ્તૃત છબિ પાડી, તેને ફોટોગ્રાફિક પેપર પર ઝીલી, પેપરને ડેવેલપ કરવાથી મોટી છબિ—એન્લાર્જમેન્ટ મળે છે. ટૂંકામાં, એન્લાર્જમેન્ટ એ પ્રોજેક્ટરની જ આવૃત્તિ છે.

સામાન્યરીતે આપણે દસ ઇંચ અને તેથી દૂર જોવા માટે ટેવાએલા છીએ. આ દસ ઇંચની અંદર કોઈ વસ્તુ જેમ આંખથી નજીક આવતી જાય છે તેમ તે અસ્પષ્ટ દેખાતી જાય છે. મોટા ફોટો દસ ઇંચ અથવા તે કરતાં દૂર અનુકૂળ અંતરે રાખીને જોઈ શકાય છે અને તેથી તેમાં રહેલી પર્સ્પેક્ટિવ (perspective)ની અસર બરાબર દેખાતી હોવાથી દૃશ્ય આબેહૂબ લાગે છે. નાના ફોટાઓને આ પ્રમાણે તાદૃશ જોવા માટે આંખથી વધુ નજીક લાવવા જોઇએ, પણ તેમ કરવાથી તે અસ્પષ્ટ દેખાવા લાગે છે તેથી મોટા કરવા પડે છે. આ માટેનું મુખ્ય સાધન તે 'એન્લાર્જર' છે.

એન્લાર્જર બે પ્રકારનાં હોય છે: આડાં (horizontal) અને ઊભાં (vertical). આડાં એન્લાર્જર વડે પ્રોજેક્ટરની માફક નેગેટિવની છબિને સામે ઊભા ગોઠવેલા પાટિયા અથવા ભીંત પર પેપર રાખીને મોટી કરી શકાય છે. આ પ્રકારનું એન્લાર્જર વધારે જગ્યા રોકે છે અને તેમાં પેપરને ઊભો ગોઠવવો પડતો હોઈ અગવડભર્યું છે. જૂના વખતમાં તે બહુ વપરાતું, પણ હાલમાં તેનો ઉપયોગ કૉમર્શિયલ ફોટોકળામાં અને જ્યાં ઘણા જ મોટા ફોટો (life size) બનાવી ફિનિશ કરવાના હોય તે પૂરતો મર્યાદિત થઈ ગયો છે. હાલમાં ઊભું એન્લાર્જર બહુ વપરાય છે. તે ઓછી જગ્યા રોકે છે અને તેને એક નાના ટેબલ પર મૂકીને પણ કામ થઈ શકે છે. વળી નીચે બોર્ડ પર પેપર ગોઠવવાનો હોઈ તે વધુ સગવડભર્યું પણ છે. એના પર સામાન્યરીતે મોટામાં મોટી આવતી છબિ કરતાં પણ મોટી છબિ મેળવવી હોય તો સાથેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવી પડે છે; બાકી બીજી બધી રીતે તે અનુકૂળ આવે છે. આડું અને ઊભું બન્ને પ્રકારનાં એન્લાર્જરમાં લગભગ એકસરખી ગોઠવણ હોય છે, તેથી આપણે ઊભા એન્લાર્જર વિષે જોઈએ. બાજુની આકૃતિમાં બતાવેલી રચના લગભગ બધાં ચાલુ એન્લાર્જરમાં હોય છે.



પ્રોજેક્શન-લેન્સ: કોઇપણ સારો ઍનાસ્ટિગ્મૅટ (anastigmat) લેન્સ: જેની કેન્દ્રલંબાઇ (focal length) એન્લાર્જરમાં આવતી મોટામાં મોટી નેગેટિવના બે સામસામા ખૂણા વચ્ચેના અંતર જેટલી હોવી જોઇએ. સામાન્યરીતે સારા એન્લાર્જરમાં એફ/૪.૫નો ઍનાસ્ટિગ્મૅટ લેન્સ હોય છે. જેમ લેન્સ મોટો તેમ પ્રકાશ વધારે ને તેથી એક્સપોઝર ઓછું આપવું પડે. પણ મોટો કીમતી લેન્સ વાપરવા કરતાં વધારે પ્રકાશ આપે તેવો વીજળીનો ગોળો વાપરવાથી સરખું કામ થાય છે. કોઈ પણ કૅમેરાના લેન્સ તેને અનુકૂળ આવતા એન્લાર્જરમાં વાપરી શકાય. કૅમેરાનું પાછળનું ઢાંકણું નીકળે તેવું હોય ને તેમાં ટાઈમિંગ શટર (T) હોય તો તે આખો કૅમેરા પણ એન્લાર્જરને લગાવી શકાય.


લેન્સ-બારી (ડાયાફ્રામ): એન્લાર્જરના લેન્સ સાથે લેન્સ-બારી હોવી ખાસ જરૂરી છે. જરૂર પ્રમાણે તે નાની કે મોટી કરી લગભગ ત્રીસેક સેકન્ડના એક્સપોઝરથી છબિ આવી જાય તેવી રીતે પ્રકાશની તેજસ્વિતા ગોઠવી શકાય છે, હાર્ડ નેગેટિવ વખતે તે મોટી રાખવી અને સૉફ્ટ વખતે નાની. વળી ફોકસિંગ કરી રહ્યા પછી પણ તે નાની કરવાથી વધારે સારું—અણિશુદ્ધ ફોકસિંગ થાય છે. કેટલાંક સસ્તાં એન્લાર્જરમાં નાનાંમોટાં ગોળ કાણાં પાડેલું પતરાનું ચક્કર ગોઠવેલું હોય છે. આ કાણાં લેન્સ-બારીનું કામ આપે છે.

શટર: કૅમેરાની માફક એન્લાર્જરમાં ઝડપી શટરની બિલકુલ જરૂર પડતી નથી; કારણ કે સામાન્યરીતે છબિ લેતા કૅમેરાનો લેન્સ એક સેકન્ડ અથવા તેના નાના ભાગ જેટલા સમય માટે ખુલ્લો રાખવાનો હોય છે, જ્યારે એન્લાર્જરમાં કેટલીક સેકન્ડનું એક્સપોઝર આપવાનું હોય છે. આ માટે શટર કરતાં ગોળો ચાલુ તથા બંધ કરીને પ્રકાશ આપવાની પદ્ધતિ અનુકૂળ આવે છે. વળી જરૂર પૂરતા સમય સુધી જ ગોળો ચાલુ રાખવાથી ગરમ થએલું એન્લાર્જર ઠંડું પડી જાય છે અને તેથી નેગેટિવ પર ગરમીની માઠી અસર થતી અટકી જાય છે. પગ વડે દાબી ગોળો ચાલુ કરી શકાય તથા પગ ઉપાડી લેવાથી બંધ કરી શકાય તેવું બટન રાખ્યું હોય તો હાથ છૂટા રહે.

રાતો કાચ (રેડ સ્ક્રીન): લગભગ દરેક એન્લાર્જરના લેન્સની આગળ ફેરવીને લાવી શકાય તેવો રાતો કાચ રાખેલો હોય છે. જોઇએ તે માપની છબિ બોર્ડ પર ગોઠવાઇ જાય એટલે ત્યાં પેપર મૂકતી વખતે એન્લાર્જરમાંથી આવતા ધોળા પ્રકાશની અસર પેપર પર ન થાય તે માટે રાતો કાચ ઉપયોગી થઈ પડે છે. આ કાચ ખસેડી પાછો લેન્સ આગળ લાવીને પણ પેપરને એક્સપોઝર આપી શકાય.

નેગેટિવ-હોલ્ડર (ફ્રેમ): બે કાચનાં પડ વચ્ચે નેગેટિવ બરાબર સપાટ ગોઠવી શકાય તે માટેની એન્લાર્જરમાં ચઢતી મોટામાં મોટી નેગેટિવના માપની ફ્રેમ હોય છે. નાની નેગેટિવ મૂકવી હોય તો તેની આગળ વધારાનો નકામો પ્રકાશ રોકવા તેના માપનું માસ્ક મૂકવું.

કન્ડેન્સર લેન્સ: સારી જાતના કીમતી એન્લાર્જરમાં કન્ડેન્સર લેન્સ હોય છે. બંને બાજુથી બાહ્યગોળ હોય તો એક અને એક બાજુ બાહ્યગોળ તથા બીજી બાજુ સપાટ હોય તો એવા બે કાચ, બાહ્ય-



ગોળ બાજુઓ સામસામી આવે તેવી રીતે ગોઠવીને, નેગેટિવની પાછળ મૂકવામાં આવે છે. કન્ડેન્સરની કેન્દ્ર-લંબાઇ એન્લાર્જરમાં વપરાતા લેન્સની કેન્દ્રલંબાઈ કરતાં લગભગ અરધી હોવી જોઈ એ. ગોળામાંથી આવતો પ્રકાશ જેટલો નેગેટિવ પર પડે છે તેટલો જ કામમાં આવે છે. કન્ડેન્સરનું કાર્ય આ ફેલાઇ જતા પ્રકાશને એકત્રિત કરી, નેગેટિવ પર પાડી, લેન્સ પર કેન્દ્રિત કરવાનું હોય છે. કન્ડેન્સરને બદલે ગોળાની પાછળ પરાવર્તક (reflector) રાખ્યું હોય તો પણ ચાલે. મોટા એન્લાર્જરમાં કન્ડેન્સર વાપરવાથી વજન અને કીમત વધી જતાં હોવાથી પરાવર્તક વાપરવું ઠીક પડે છે.

પ્રકાશનું સાધન: નેગેટિવને પ્રકાશિત કરવા એન્લાર્જરમાં મોટી વાટવાળા તેલ અથવા ઘાસતેલના દીવાથી માંડી આર્ક-લૅમ્પ વાપરવા સુધીના અખતરા થઇ ચૂકયા છે, અને તે દરેક માટે તેની રચના પણ બદલાતી રહી છે. છેવટે દૂધિયો ગોળો (opal lamp) વધુ સંતોષકારક જણાયો છે. તેનાથી નેગેટિવને એકસરખો પ્રકાશ મળે છે. ૬૦ થી ૧૫૦ વૅાટ સુધીના આવા ગોળા આવે છે. કન્ડેન્સર વગરનું એન્લાર્જર હોય તો તેની જગ્યાએ દૂધિયો કાચ મૂકવો અને ચોખ્ખા કાચનો ગોળો અથવા દૂધિયો ગોળો વાપરવો. ગોળાની પાછળ પરાવર્તક રાખ્યું હોય તો સારું. અંદર એ પરાવર્તકની યોજના કરી હોય એવા ગોળા પણ આવે છે.

ગોળો ચાલુ હોય તો તેની ગરમીથી નેગેટિવ ગરમ થઇ જાય છે અને ઘણી વખત તેના પર ખરાબ અસર થાય છે. ઘણાં એન્લાર્જરમાં ગોળો ઠંડો કરવાની સગવડ પણ હોય છે. પ્રકાશ બહાર ન આવે તેવી રીતે હવાની અવરજવર માટે કાણાં રાખી કંઇક અંશે ગરમી ઓછી કરી શકાય તેવી વ્યવસ્થા લગભગ દરેક એન્લાર્જરમાં હોય છે. વાંકીચૂકી વાળેલી શ્વેત શીતળ પ્રકાશ આપતી વાયુભરેલી નળીઓ (મર્ક્યૂરી-આર્ગન ટ્યૂબ્સ) જો વાપરવામાં આવે તો લાંબા એક્સપોઝરથી પણ એન્લાર્જર ગરમ ન થઇ જાય. હવેનાં નવાં એન્લાર્જરોમાં આવી રચના આવે તો નવાઈ નહિ.

ફોકસિંગ: સામાન્યરીતે એન્લાર્જરનો લેન્સ-માઉન્ટ ફેરવીને ફોકસિંગ કરી શકાય છે. લગભગ બધાં આડાં તથા ચિત્રમાં જણાવેલ ઊભાં એન્લાર્જરોમાં બતાવેલ સ્ક્રૂ ફેરવીને ફોકસિંગ કરી શકાય છે. લીઝ (Lie:z)નું 'ફોકૉમૅટ' એન્લાર્જર જે ફક્ત ૩૫ મિલિમીટરની નેગેટિવ પરથી જ છબિઓ મોટી કરે છે તેમાં યાંત્રિક રીતે આપોઆપ ફોકસિંગ થાય છે.

હવે, નેગેટિવને પ્રકાશિત કરવાની મુખ્ય ત્રણ રીતો અને તે પ્રમાણે બનાવેલાં એન્લાર્જરનાં કાર્ય વિષે જોઇએ:

૧. દૂધિયા કાચવાળું (ડીફ્યૂઝન) એન્લાર્જર: આમાં નેગેટિવ ને ગોળા વચ્ચે દૂધિયો કાચ મૂકેલો હોય છે ને ગોળાની પાછળ પરાવર્તક હોય છે. લગભગ બધાં સસ્તાં એન્લાર્જરમાં આ પ્રમાણે વ્યવસ્થા કરેલી હોય છે. આ એન્લાર્જર વડે મોટી કરેલી છબિમાં તેજ-છાયાનું પ્રમાણ નાના પ્રિન્ટ જેવું હોય છે.

૨. કન્ડેન્સર અને ચોખ્ખા કાચના ગોળાવાળું એન્લાર્જર: આમાં કન્ડેન્સરમાંથી પસાર થતો પ્રકાશ નેગેટિવ પર પડતાં નેગેટિવની બારીક ખામીઓ–ડાઘ, તીરાડ, સફેદ ટપકાં, ધૂળના રજકણ વગેરે–નજીવા પ્રમાણમાં હોય તો પણ તે તેની વિસ્તૃત છબિમાં સ્પષ્ટ તરી આવે છે તથા મોટા થએલા ગ્રેઈન્સ પણ ચોખ્ખા દેખાય છે. આ ઉપરાંત મોટી છબિમાં નાની પ્રિન્ટ કરતાં પડછો વધુ આવે છે તેથી તેજસ્વી પ્રકાશની દૃષ્ટિએ સંપૂર્ણ હોવા છતાં છબિની દૃષ્ટિએ આ એન્લાર્જર અગવડભર્યું થઇ પડ્યું. જૂના વખતથી વપરાતું આવેલું આ એન્લાર્જર આજે કેટલીક વૈજ્ઞાનિક અને ટેક્નિકલ ફોટોગ્રાફી સિવાય ખાસ વપરાતું નથી. પ્રોજેક્ટરમાં બરાબર આવી જ રચના હોય છે.

૩. કન્ડેન્સર અને દૂધિયા ગોળાવાળું એન્લાર્જર: આમાં સ્વચ્છ ગોળાની જગ્યાએ દૂધિયો ગોળો વપરાતો હોવાથી પ્રકાશ એકસરખો ફેલાઇ જાય છે અને તે કન્ડેન્સરથી એકત્રિત થઇ નેગેટિવ પર પડે છે. પરિણામે પડતી વિસ્તૃત છબિ કંઇક વધુ સમતોલ હોય છે. તેના પરથી મોટી કરેલી છબિઓમાં નેગેટિવની નજીવી ખામીઓ આવતી નથી. બધાં સારાં કીમતી એન્લાર્જરમાં આ વ્યવસ્થા હોય છે.

આ પ્રમાણે નેગેટિવ તથા મોટી થતી છબિનું માપ, ફોકસિંગ કરવાની વ્યવસ્થા અને નેગેટિવને પ્રકાશિત કરવાની વિવિધ રીતો લક્ષમાં લઇ જુદાંજુદાં કામો માટેનાં એન્લાર્જર બનાવી શકાયાં છે.

એન્લાર્જરની રચના સંપૂર્ણપણે જાણી લીધા પછી સમજી શકાશે કે નેગેટિવને પ્રકાશિત કરવાની કેટલીક સાદી સગવડો કરી લેવાથી (ઉપર ૧ મુજબ) ઓછી કિંમતમાં કૅમેરાને પણ એન્લાર્જરમાં ફેરવી શકાય તેમ છે.

(આવતે અંકે: 'એન્લાર્જિંગ')

ગુજરાત સાહિત્યસભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તથા લલિતેતર વાઙ્મયોનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ૧૯૫૫ માટે પ્રો. વિજયરાય ક. વૈદ્ય (૧૫૮૨, કૃષ્ણનગર, ભાવનગર સૌરાષ્ટ્ર)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખક-પ્રકાશકોને સાહિત્યસભાની વિનતિ છે કે તેમના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થાય કે તરત ઉપર જણાવેલા સરનામા પ્રમાણે મોકલીને તેઓ આભારી કરશે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આત્મકથા

[૬૩]



હવે તો છેડો આવ્યો; છૂટીએ. '૪૦થી '૫૨નાં બાર વરસના રેડિયો-દફ્તરમાંના મારા વનવાસ દરમ્યાનનાં જંગલમગલ ચીતરવાનાં હજી બાકી છે. એમાંના કડવામીઠા સંબંધો, અવનવીન અને અનેરા અનુભવો, અને ત્યાર પછી આજ સુધીના બનાવો તેમજ હવે પછી પણ કદાચ કંઈ બની જાય એ બધું બાકી છે. છેડો તે ક્યાંથી આવ્યો? કેમ છુટાશે, કોનાથી છુટાશે ?

'ધરતી છેડો ઘરનો નેડો'; ફરીફરીને ગુજરાત. સદીના પહેલા દાયકામાં, શરૂઆતમાં જ આપણે વડોદરાનું જૂનું સ્ટેશન જોયું હતું: ત્યાંનું મેલું કારખાનું અને એના કલીનરો તથા બાજુમાં રાજકુમારી સાથેની બાળરમત. એ રેલવેની ફાટક ને વાવટીવાળા મઘાની ૨૩૫ નંબરની કોટડી એટલું અત્યારે છે, બાકી બધું સાફ થઈ ગયું છે. એ કોટડીને સહેજ મોટી કરવામાં આવી છે. એટલા કામ માટે પચાસ વર્ષ થયાં. બાકી એ જ ફાટક આગળથી સવારે દસે ને સાંજે પાંચે જતો જોએલો મુંબાઈ-અમદાવાદનો ફાસ્ટ અરધી સદી પછી પણ આજે ઍલેમ્બિક કેમિકલ વર્ક્સ આગળથી એ જ જગાએથી જતો જોઉં છું. આસપાસ મિલો વધી છે, ઍલેમ્બિક વિસ્તર્યું છે, નજીકની અંગ્રેજ રેસિડેન્સીમાં યુનિવર્સિટીનું દફ્તર ગોઠવાયું છે, એના પાછલા ચોગાનમાં સેંકડો વિદ્યાર્થીઓને રહેવાનાં છાત્રાલયો બંધાયાં છે. બાળપણમાં ૧૯૦૬માં કાંપની નિશાળે જતાં આ જ ચોગાનમાં, આ બાગમાં પગ મૂકતાં ધ્રુજારી આવતી, બહારના દરવાજા આગળ ભરાઉ ઘોડા પર ફૂમતેદાર ટોપી પહેરી છટાથી સુસજ્જ બેઠેલા અંગ્રેજ ઘોડેસવારનો ભાલો જોઈ ગભરામણ થતી, એનો લાલચટક પોશાક દૂરથી જોઈ રસ્તે સીધા ચાલ્યા જતા, ત્યાં લગભગ અરધી સદીને અંતે રૂઆબથી હરીએ-ફરીએ છીએ.

૨૫ વર્ષ પહેલાંની વાત: નાટકચેટકનો શૉખ, અને એ અંગે શ્રી ભુલાભાઈ દેસાઈના પ્રમુખપદે મુંબાઈમાં એક કલા સમાજ કાઢી 'અખો' ભજવ્યું હતું. ત્યારે ઉપપ્રમુખ શ્રી હંસા મહેતા. પચ્ચીસી વીતતાં, આ જ રેસિડેન્સીના ચોગાનમાં રેસિડેન્ટના બંગલામાં બેસી વાઈસ ચાન્સેલર તરીકે તેઓ મારી સાથે નાટક લખવા-ભજવવા ને નાટકના વિષયો વિશે અભ્યાસક્રમની ચર્ચા કરશે, ચાર વર્ષનો અભ્યાસ યોજી મૅટ્રિક પછી એ ભણાવવાની થોડીઘણી જવાબદારી મારે માથે નાખશે–એનો ન હંસાબહેનને કે ન મને સ્વપ્ને ય ખયાલ હોય, એ પણ વિવિધ ફેરફારોની બલિહારી જ છે. નાટકસાહિત્ય શીખવા એ યુનિવર્સિટીમાં પહેલી કૉલેજ ઊઘડે છે, એવાએવા અણધાર્યા વિકાસ થયા છે, થાય છે; પણ આપણો ફાસ્ટ એ જ ઝડપે એ જ પાટા ઉપરથી એમ જ જાય છે. જોકે એન્જિન બદલાયાં છે,–મોટા પેટાળનાં ભુંડ જેવાં ભૂરકતાં ને અડીખમ આવ્યાં છે. ડબ્બાનો રંગ બદલાયો છે–ઘાટ એનો એ જ રહ્યો છે. અંગ્રેજોએ ડબલ છાપરાંના બાંધ્યાં હતાં–કારણ ગરમી ઓછી લાગે. હવે અંદર પંખાની સગવડ આપવામાં આવે છે, અને પંખાની જરૂરિયાત વધારવાને ડબ્બામાં સંકડાશ વધારી છે! ઊતરવાનાં બારણાં ઓછાં કરવામાં આવ્યાં છે, દોડ એની એ છે. એ જમાનામાં લોકો ડાકોરની જાત્રા માલગાડીના ડબ્બામાં કે ડબ્બાને છાપરે બેસી કરતા, આજે પચાસ વર્ષે પણ ગુજરાતમાં અમદાવાદ-મહેસાણા વચ્ચેની લોકલ ગાડીઓનાં છાપરાં ઉપર માણસો બેઠેલાં જણાશે. હા. સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદનાં સ્ટેશનો મોટાં થયાં છે, નવેસરથી બંધાયાં છે, પણ માણસોને બેસવા માટે ખપ પૂરતા ડબ્બા હજી બંધાયા નથી. સ્ટેશનો બાંધવાનું કામ (એની ઇમારત ચણવી) સહેલું છે; પણ સોળ પૈડાં ઉપર તગડાનો એટલે કે ત્રીજા વર્ગનો ડબ્બો બાંધવાનું કામ અઘરું લાગે છે. ૧૯૨૮માં દીવાન બહાદુર હરિલાલ દેસાઇભાઇએ મુંબાઇના સરકારી દફ્તરે બાંધવા દોરેલો મુંબાઇ અમદાવાદનો સળંગ રસ્તો હજી ૧૯૫૫માં પૂરો બંધાવો બાકી છે. ઘણું થયું છે, પણ એથી ઘણું હજી કરવાનું રહે છે, થશે. ગુજરાતમાં બધો બંધાશે, નદીઓ આંતરાશે, આવતી રેલો ઓછી થશે, બરકત વધશે, લોકને સગવડ મળે એ રીતે નવા પાટા નંખાશે; થશે. એ બધું જોવાશે, પણ એથી સંતોષ નહિ થાય.

અભરખા તો છે ગુજરાતમાં વડોદરા અમદાવાદ વચ્ચે ચાર પાટે દોડતી વીજળીની ગાડીઓ જોવાના–એ સાઠપાંસઠ માઈલ પોણા કલાકમાં સંધાતા જોવાના, અહીંતહીં દોડતી મોનોરેલ એટલે કે એક પાટે દોડતી ટ્રેનો જોવાના, વરસાદ ઉપર માનવોએ મેળવેલો કાબૂ જોવાના, એ થકી ઉત્તર ગુજરાતનાં રણમેદાનોને લીલીકુંજાર વનરાઇઓમાં બદલાએલાં જોવાના, ગુજરાતનાં રળિયામણાં સ્થળોએ સરળતાથી અને ઝપાટાભેર પહોંચાય એ માટે મળતી સગવડો જોવાના, કલાકૌશલ્યનાં ધામોની આસપાસ સરજાએલાં સુંદર વાતાવરણો જોવાના; જોવાશે! કેટલીક વાર તો ચીડ ચડે છે, મને ચડે છે એમ બીજાઓને કેમ નહિ ચડતી હોય એવા વિચારો આવે છે. એ બધા ઠરેલ, ઠાવકા, શાણા, ટાઢા, ચતુર હશે! હશે. આપણી રેલવે થઇ છે, પણ આપણા ઉત્કૃષ્ટ કલાધામ મોઢેરા જવાના રસ્તા વિશે ઇશારો યે નથી. રાણકપુરનું મંદિર એશિયાભરનો સ્થાપત્યકળા તથા કારીગીરીનો નમૂનો ગણાય છે, પણ રેલવેની ગાઈડમાં એનું નામનિશાન નથી, ત્યાં જવા કયા સ્ટેશને ઊતરવું એની યે સૂચના નથી. રેલવેનાં ટાઈમટેબલો દર છ છ મહિને બદલાય છે, ફરી છપાય છે, ગાડીઓના ટાઈમ બે મિનિટ આમ કે ત્રણ મિનિટ તેમ, એમ ફેરવાય છે, પૂઠું નવેસરથી છપાય છે, બાકી અંદરનું ખોખું એમ ને એમ! ભારત પ્રત્યે સૂગ. 'સૂગ' કડવો બોલ હોય તો ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અજ્ઞાન–બેદરકારી રાખનાર પહેલાંના જેવા જ ટોપીટંગીઓ પહેરનારા અધકચરાઓ જ હજી આજે યે એ અંદરના ખોખામાં બિરાજમાન છે કે કેમ એવી દુષ્ટ શંકા મનમાં આવ્યા કરે છે! અરે અમદાવાદ જેવું અમદાવાદ, રત્નમણિરાવ જોટે જેવાના વિદ્વાન મતે સ્થાપત્ય-રત્નોનું ધામ અને ગુજરાતનું પાટનગર, પણ રેલવેના ટાઇમટેબલમાં જોવાલાયક સ્થળોમા નામની યાદીમા એનું જ નામ નહિ. ખૂબી તો એ થઇ છે કે હવે એવાં જોવાલાયક સ્થળોની યાદી જ કાઢી નાખવામાં આવી છે એટલે કશી પંચાત જ નહિ. જોવાલાયક સ્થળો જોવાં જ નહિ!

ચાંદોદ-કરનાળી વડોદરાથી છે હાથવેંત, પણ ગાડીઓને જતાં કલાકો લાગે છે. ૧૯૫૫નું જ ટાઈમટેબલ જુઓ: વિશ્વામિત્રીથી ડભોઇ વીસ માઈલ, ડભોઇથી ચાંદોદ દસ માઈલ; ના આ ઝડપના જમાનામાં આગગાડીની સરેરાશ ગતિ કલાકની આઠ માઇલ આવે છે–કહો કલાકના દશ માઈલ. બર્ગેસના એ જમાનામાં શી હિમ્મત કે એણે ત્યાં વારંવાર મુસાફરી કરી ડભોઈના દરવાજાને કારીગરીનો ઉત્તમ નમૂનો કહ્યો. બર્ગેસ તો ગયો, એક સુંદર પુસ્તક આપીને. બ્યૂરૉક્રૅટિક સરકારનો સત્તાધીશ અમલદાર હતો; આપણી આજની લોકશાહીમાં

સ્થાપત્યને માટે નહિ તોયે કરનાળી જેવા સુન્દર સૌન્દર્યધામને નિહાળવાની ભાવનાવાળા પશ્ચિમ રેલવેમાં એક પણ અમલદાર નહિ હોય! સારો મોટર-રસ્તો તો થતાં થશે, પણ વિદ્યાર્થીઓને આવાં સ્થળો જોવા જવાને પ્રેરવા રેલવે જહેમત ઉઠાવી સગવડ ન કરે તો કોણ કરે? તમે કહેશો ટ્રૅક જૂના છે, લેન છોટી છે. તો ત્રણ ઇંચ ત્રણ ફૂટ નહિ, ત્રણ ઈંચની ગાર્ડન-રેલવે વરાળથી ત્રીસ માઇલે ચાલતી આ બન્દાએ જોઇ છે તો આ છોટી લેન ઝડપથી નહિ જ ચાલે? વીસ માઇલનો ટ્રૅક નહિ સુધારી શકાય એમ? એક કલાકમાં વડોદરાથી ડભોઈ-કરનાળી જઈ અવાય એવી સગવડ જોવી છે.ભરૂચ ભાવનગર વચ્ચે વરાળ કિસ્તીનો બંધાએલો વ્યવહાર જોવો છે,ક્યારે થશે કોણ જાણે? સ્ટેશને-સ્ટેશને સવારના ચારથી નવ નહિ, દસે-અગિયારે, બપોરે બારે, એકે-બેએ અને ત્રણથી આઠ સુધી તો ખરી, પણ રાતે નવે-દસે ને અગિયારે, મધરાતે, એકે-બેએ પણ ચા-ચા-ચા અને સાથે એ જ તળેલાં બગડેલાં વાસી સેવ-ગાંઠીઆ-ભજિયાં-પાતરાં અરધી સદીની પરંપરા સાચવી રાખતાં હજી તૈયાર મળે છે, ત્યાં સાત્ત્વિક ખોરાકની તો વાત જ ક્યાં? ત્રણચાર દાયકા પહેલાં રેલવેમાં એકાએક કેટરિંગ'ઈનસ્પેક્ટરો'ની જગ્યા ઊભી કરવામાં આવી હતી. એ સાહેબ બહાદુરો લેન ઉપર તપાસ કરવા નીકળતા ત્યારે ઇસ્ટૉલ ઉપર જઇ કદીક બેચાર ફાકા મારતા, યા આસપાસ ઊડતી માખીને દૂર રાખવા સૂચવતા.પરિણામે આજે ઘણે ઠેકાણે મચ્છરદાની જેવી લોખંડી માખદાનીઓ વપરાશમાં આવી છે. એથી ચોખ્ખી હવા અને ઓછી ધૂળને ખાદ્ય પદાર્થ ઉપર માખી સાથે ઊભરાવાનો મોકો ઓછો થયો એ વાત બરાબર, પણ પદાર્થો તાજા જ છે એના તપાસસંચા રાખનારા નવા 'ઈનસ્પેક્ટરો' હવે નિમાય ત્યાં સુધી તો મુસાફરોએ આ મસાલેદાર માલ જ ખાવો રહ્યો! આ બધું બદલાતું જોવાના અભરખા છે, ત્યાં ગુજરાતથી કેમ છુટાશે?

ગુજરાતના શહેરેશહેરની ફિશિયારી,જાતભાતની લબ્બાસી,ઍંટ, પતરાજી, શેખી, દાઝ, ઠંફાસ, ડહાપણ, વરણાગિયાવેડા, કંજૂસાઈ, નાજુકાઈ,વ્યવહાર,રંગીલાપણું,ચાલચાતુરી,ઢબ-લઢણ,મિજાજ-દિમાગ અને કળાકૌશલ્ય જોવા-મહાલવાના જ્યાં સુધી મનસૂબા છે ત્યાં સુધી કેમ છુટાશે? ગુજરાતનો રંગીલો છેલછબીલો છોગાળો સલૂણો સાહ્યબો, એનો કિરમજી ખેસ અને એનાં ખખડતાં ખાંડાં; અલ્યા, અમે જાતે નથી જતા તોયે વારતહેવારે 'શીઝીન' ચાલે ત્યારે અળસિયા જેવી જતી ઊભરાતી જાનો, એના થાકચાપાકચા જાનૈયા, ચાંલ્લા સાથે છોગે, તો ક્યાંક મેશની ટીલીએ પરખાતા વરરાજા—અને, ધારાસભામાં બિલ લાવનારા ભલે બિલો લાવે, ભાષણો ઝાડે, અને ઉમર-હદ વિચારી કાયદાની કલમોને પોથીમાંનાં રીંગણાં બનાવે, પણ કેડ-કમ્મરે બેઠેલી વહુડીઓ જોવાની જે મજા પડે છે, એ વિચારતાં કેમ છુટાશે? જોવા મન કરો કે ન કરો, તોયે મુસાફરી કરવાના ત્યાં ગાડીમાં જાનજાનૈયા અથડાવાનાં જ, અને ભારેની ભીડ કરવાનાં; એટલે ભવિષ્યમાં રેલવેના કોઈ મિનિસ્ટર સા'બ બુસા કે બુડથલ ન હોય અને રસિક રંગીલા આવે, તો એને એવી અરજી કરવાના કોડ છે કે જે જમાનામાં લગનસરામાં લગ્નો કરવા પૂરતી વાડીઓ કે ચોક-ચોગાન લોકોને ન મળે, ત્યારે રેલવે જ લગ્ન માટેના એકબે એવા ખાસ મોટા ડબ્બા બનાવે: સીધા સપાટ; એમાં એકે બેઠક નહિ;પાથરેલી જાજમ તૈયાર; એક ખૂણામાં વરરાજા અને વહુની બે માચડિયા ખુરશી; બીજે છેડે નાનબટાઇ ભૂંગળિયા બૅન્ડ માસ્તરો માટે બે બાંકડા, અથવા જરા ઊંચે એક પાટિયા ઉપર ઢોલ-શરણાઇવાળું ટકોરખાનું-દે દડિંગ-ધ્રીમ, દે દડિંગ-ધ્રીમ; અને વચગાળે જમણ પતરાવળ ચાલુ, 'સમય વર્તે સાવધાન' થવા મુહૂર્ત ચાલ્યું જતું હોય તો રેલવેના જાતજાતના ઇનસપેક્ટર સાહેબોની જેમ રેલવે જ મામૂલી ફી લઈ સંસ્કારી બ્રાહ્મણ આપે એ ચાલતી ગાડીએ જ લગ્ન કરાવી દે, તો રેલવેને પણ ખાસ્સી કમાણી થાય, અને જતા-આવતા બીજા મુસાફરોને ભીડની અગવડો ન નડે. અલાયદા જ ડબ્બા, —જાત્રાધામ માટે રાંધણી સાથે ખાસ બનાવ્યા છે એવા લગ્નના ડબ્બા; જોઈ લ્યો પછી મઝા! અને કોઇ મિનિસ્ટર આ માટે તૈયાર ન હોય તો મારી કને મરતી વખતે જો કંઈ બાશ્રી મૂડી નીકળે તો મારા સ્મારક તરીકે રેલવેને એવો એક ડબ્બો ભેટ આપવાની પણ મારી તૈયારી છે;—આવાઆવા ચિત્રવિચિત્ર મને અભરખા છે, ત્યાં સુધી આ મનખાથી ગુજરાતની ભોંયમાંથી કેમ છુટાશે?

હજી ઘણું જોવું છે: ગુજરાતના સટ્ટાજુગારમાંથી ઊભરતો વેપાર જોવો છે, ગુજરાતમાં વિકસતી ખેલદિલી જોવી છે, ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર એની ફોરમ ફોરતી ઉદારદિલી જોવી છે, બેનમૂન છે. એથી યે વધારે પ્રકીર્તિત થઈ દશે દિશામાં વિસ્તરતી એની કલાસમૃદ્ધિ જોવી છે, જોવાશે? જોઇએ!

કેમ છુટાય? અને કોણ કોનાથી છૂટે છે જે? કંઇક સાધુ-સંન્યાસી, જતિ-ફકીરો વૈરાગને માર્ગે જતાં, ગઠરીનો ભાર ઓછો કરવાને બદલે મંદિર-દેરાસરો માટે, આશ્રમ-થાણાંઓ માટે, ફંડ-ફાળાઓ માટે રાગ-મમત્વ વધારતા જાય છે, ગુજરાતમાં જીવી, ત્યાં સેવાકામ કરી પરપ્રાંત માટે મન-મમતા રાખતા જાય છે, એવા કંઈક મહારથીઓ વિવિધ વૃત્તિ વાસનાઓથી એકાએક છૂટી શકતા નથી તો હું પામર ગુજરાતની મિટ્ટીનું મમત્વ કેમ છોડી શકીશ? ઉપરાંત, નવા સંબંધો બંધાતા જ જાય છે, કોઈ જૂની લેણદેણ ક્યાંની ક્યાં પ્રગટી નીકળે છે, પલક વારમાં હાથ અને હૈયું મિલાવી દે છે; કેમ છુટાશે? (ચાલુ)

જૂઠાણા વિષે સંશોધન

જૂઠાણાનાં કારણો બાબત હૉલેન્ડમાં થએલા પ્રયોગોમાં આશરે ૭૦૦ જાતનાં જૂઠાણાં નોંધાયાં છે. તેની ટકાવાર યાદી આ પ્રમાણે છે:

૪૧ ટકા જૂઠું બોલનાર સામાની નાપસંદગી ન વહોરી લેવા માટે યા તો પોતાને ગેરલાભ ન થાય તે માટે
૧૪ ,, પોતાના ધંધા યા મતલબને આગળ ધપાવવા
૮ ,, પોતાની જાતને માટે સહાનુભૂતિ મેળવવા
૬ ,, આળસુપણાને લીધે
૪ ,, પોતાના મંડળમાં પોતાની જાતને હાસ્યાસ્પદ ન બનાવવા
૩ ,, પોતાની સારી છાપ પાડવા
૨૪ ,, પરચૂરણ કારણો

સ્ત્રીઓ પુરુષો કરતાં ઓછી જૂઠી જણાઇ! સ્ત્રીઓમાં ૧૦ અને ૧૪ વર્ષ વચ્ચેની બાળાઓ વધારે જૂઠું બોલે છે. સૌથી વધારે જુઠ્ઠા ૧૫ અને ૧૮ વર્ષની વચ્ચેના છોકરા માલૂમ પડ્યા છે.

સામાન્યરીતે બાળકો પાંચ વર્ષની ઉમરે જ જૂઠું બોલવાની શરૂઆત કરે છે—તે પહેલાં નહિ. આ જૂઠાણું તેઓ મોટાઓનું જોઇને જ શીખે છે, અને જૂઠું બોલવાથી કોઈ પણ જાતનો લાભ થાય છે એમ સમજીને જ જૂઠું બોલવાની શરૂઆત કરે છે. શાંત અને માયાળુ કુટુંબોમાં, છોકરાંઓ જૂઠું બોલતાં શીખતાં નથી.

જૂઠું બોલનાર છોકરાંમાંથી ૭૫ ટકા તેમની હિલચાલ ઉપરથી જ પકડાઈ ગયાં. સામાન્યરીતે તેમની આંખ ચાડી ખાય. નાડી અને બ્લડ-પ્રેશરમાં પણ તરત જ ફેર પડે છે; અને આ કુટેવ લાંબે ગાળે તબિયત અને શરીરને નુકસાનકર્તા થઇ પડે છે. —સાધુરામ દવે



ટિકિટસંગ્રહ

આ યુગના એ સંસારવ્યાપી શૉખનો વિભાગ

રશિયન ટિકિટોનું વૈવિધ્ય

અનેક પ્રકારના વૈવિધ્યભરી આકર્ષક ટિકિટો બહાર પાડવામાં રશિયા અગ્રગણ્ય ગણાય છે. રંગ અને રચના ઉપરાંત રશિયાની ટિકિટોમાં વસ્તુ-વૈવિધ્ય પણ કેટલું છે એનો ખયાલ બાજુમાં આપેલા નમૂનાઓ પરથી આવશે. પહેલી હારથી અનુક્રમે : પહેલી ટિકિટમાં આકર્ષક કિનારી બાંધી એ પ્રદેશની ભૌગોલિક વહેંચણી બતાવતો રશિયાનો નકશો દર્શાવ્યો છે. બીજી-માં 'પાયોનિયર્સ'–બાળકો બારણાં પર 'લેટર બૉક્સ' જડતા બતાવ્યા છે. ત્રીજીમાં ૧૯૪૯ની સોવિયેટ રશિયાની રમતનું આલેખન છે,જેમાં એક ખૂણે એ રમતોત્સવનું સંજ્ઞાચિહ્ન ને મધ્યમાં વજન ઊંચકતા ખેલાડીનું લાક્ષણિક આલેખન છે. ચોથીમાં વૃક્ષો અને વનરાજિથી ભરપૂર બાગમાં ફુવારો બતાવ્યો છે. પાંચમી ટિકિટ સમસ્ત રશિયાના સ્કાઉટ્સ અને ગર્લ ગાઇડની રૅલી નિમિત્તની છે. જુદાજુદા રશિયન વિભાગોના ધ્વજોની પશ્ચાદભૂમિ પર સ્કાઉટ અને ગર્લગાઈડને તેમાં રશિયન ઢબે સલામી આપતાં બતાવ્યાં છે.

બીજી હારમાં પહેલી બે ટિકિટો ૧૯૪૯ના 'સ્પોર્ટ-સેટ'ની છે. પહેલી ટિકિટમાં બાજુ પર 'મૅરેથૉન રનર'ના આલેખનવાળો 'સ્પોર્ટબૅજ' અને વચ્ચે બોટ રેઇસનું દૃશ્ય બતાવ્યું છે. એવી જ રીતે બીજી ટિકિટમાં પર્વતારોહણનું દૃશ્ય મૂક્યું છે. એમાં આગળના ભાગમાં દોરડા અને પર્વતારોહણમાં ઉપયોગી એવી કોદાળી 'આઈસ ઍક્સ'ની મદદથી આરોહણ કરતા આરોહક સાથે દૂરદૂર બીજા આરોહકો બતાવી સમગ્ર દૃશ્યની રચના દૃષ્ટિગમ્ય બનાવી છે. ત્રીજી ટિકિટ સોવિયેટ પોસ્ટલ સર્વિસની ૨૫મી સંવત્સરી નિમિત્તની છે જેમાં આગગાડી, સ્ટીમર અને વિમાનના આલેખન સાથે વચ્ચે વિશ્વના નકશા પર રશિયાની વિવિધ ટિકિટો છે. છેલ્લી ટિકિટ યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની ૭૫મી સંવત્સરી વખતની છે. તેમાં ટપાલવાહકો–ઘોડાગાડી, આગગાડી, સ્ટીમર ને વિમાન બતાવવા સાથે વચ્ચે પૃથ્વીના ગોળાને વીંટળાઇ વળતી કવરોની હાર બતાવી છે. (અજીતકુમાર સંઘવીનો સંગ્રહ)

જાપાન અને ઇજિપ્તની નવી ટિકિટો

ગયે વર્ષે (૧૯૫૪માં) જાપાને બહાર પાડેલી રમતગમત અંગેની ટિકિટો પૈકી ત્રણ નીચે ડાબી બાજુએ આપી છે, તેમાં (૧) કુસ્તી દર્શાવતી, (૨) ટેબલ-ટેનિસ રમતી યુવતીના ચિત્રવાળી અને(૩)તીરંદાજ યુવાનની ટિકિટો છે. તે પછીની બે ટિકિટો ઇજિપ્તે ૧૯૫૪ના ઑક્ટોબરમાં બ્રિટિશ સૈન્ય સુએઝ કૅનાલના પ્રદેશમાંથી પાછું ખેંચી લેવાયું તે પ્રસંગની છે; જેમાં પહેલી, એ પ્રદેશના નકશા ઉપર સ્થાપિત કરેલા ત્યાંના રાષ્ટ્રધ્વજની છે અને બીજી-માં બ્રિટિશ સૈન્યની વિદાય પોકારતા બ્યૂગલ વગાડતા સૈનિકનું ચિત્ર છે.

(મોકલનાર : હિંમત સી. શાહ)



બે સ્વિસ પત્રમિત્ર સંસ્થાઓ

ભાઈ ગિરીશ જે. ત્રિવેદી(કેશવકુંજ, રાયપુર અમદાવાદ)ને સ્વિટ્ઝરલૅન્ડના એલચીખાતા તરફથી મળેલાં ત્યાંની બે પત્રમિત્ર સંસ્થાનાં સરનામાં અહીં આપીએ છીએ:(1)Good Will Club, Greenzaflistrasse 6, Basel; (2) Good Will Club, Schlūflistrasse 6, Berne.

જર્મન પત્રમિત્રો

કલકત્તાથી ભાઈ અરુણ અ. મોદી જણાવે છે કે 'મેં મારું નામ જર્મનીના 'Beacon' પત્રમાં મોકલેલું. તેના જવાબરૂપે આવેલ સંખ્યાબંધ પત્રોના ઉત્તર લખવા એ મારે માટે ઘણું મુશ્કેલ હોવાથી તે સરનામાં 'કુમાર' માટે મોકલું છું.' પત્રવ્યવહાર કરતી વખતે Arun A. Modi, C/o A. K. Modi, M/s. Burn & Co. Ltd., W S.K. Section, Howrah W. Bengal (India)નો અને 'કુમાર'નો ઉલ્લેખ જરૂરી છે. દરેક સરનામાને છેડે Germany ઉમેરવું.

(1) Brigitte Hatz, Augsburg Martin Luther-Plate-3, Age 15, Reading, Correspondence, Stamps; (2) Sieglinde Kranich, Poppenweiler-Ludwigsburg, Lindenstr 19, Wūrettenberg, Girl, Age 16, Correspondence, View-Cards, Music; (3) Waltraut Me ssner, Bad Oberdorf 75, b. Hintelang-Allg, Animals, Stamps, General; (4) Ellen Weller, 67 Ketteleralee, Frankfurt-Main, Girl, Age 16, Swimming, Stamps, Riding; (5) Maria Dalmus Wolfstrabe 32, 22c, Bonn-Rhein, Correspondence, View-Cards, Music; (6) James Weingaertner 16, Hassenroth-Hessen, ueber Hoechst, Odenwald, American Zone, Correspondence, Interested in India; (7) Gertrud Platzōder, Ansboch-Mittelfranken, Nūrubergerstrasse 32, Age 15, Correspondence, Stamps; (8) Alfred Maelicke, 17b, Gaienhafen-Bodensee Schlobschule, Boy, Age 16, Correspondence, View-Cards, Stamps, Music, Cinema; (9) Monika Loose, W.-Elberfeld, Vogelsangstrabe 85, Age 15, Books, Sports, View-Cards, Theatre;(10)Margit Kestrzynski, Karlshuld 181 1/3, ūb Ingolstadt, Age 15, Correspondence; (11) Helga Egerer, 13 b, Mūhldorf a-Inn. Mūnchnerstr Girl, Age 16, Correspondence; (12) Ursula Alting, Leek-Ustfriesland, Buifernerweg 14, Age 17, Photography, View-Cards;(13)Helli Knoblauch, Oker-Harz. Steinfeld 6, Girl, Age 15, Music, Sports, Dancing; (14) Waliraud Pantzer, Nūruberg, Moltkestrasse 14, Age 16, Music, Tennis, View-Cards; (15) Frl. Hiltrud Stauer, 22 b, Strōmberg-Hunswick, Rhanland-Pfalz, August gerlochatrobe 9, Girl, Age 15, Correspondence, Reading, Swimming, Stamps; (16) SieglindeKohler Aschaffenbūrg-ufr.grūnewaldstabe 18, Girl, Age 16, Correspondence, View-Cards; (17) Traudi Gerstmayer, garmisch-Partenkirchen, Haunstr, 45, Girl, Age 16, Correspondence, Stamps, View-Cards; (18) Karin Scholler, 13a, Heroldsberg, b. Nūrnberg, Oberer Markt 83, Girl, Age 16, Sports, Correspondence, Music, Books; (19) J. Kroll. Rheinbach-Bonn Pensionat St. Joseph, Age 15, Stamps, View-Cards; (20) Waltraud Baldau', Goslar-Harz. Klubgarten Str. 10, Girl, Age 16, Stamps, View-Cards; (21) Rosemarie, Blūw Oberbieber-Newired Rheinland, Alkckstr 10, Girl, Age 15, Cinema, Cycling, Dancing; (22) Dietrich Labine, 13a, Neumarkt Onf. Friedensstr 17, Age 15, Swimming, Tennis, View-Cards, Music, Photography, Dancing, Animals, Books, Cinema; (23) Renate Flemming, Lechenich-Ahsembei Kōln, Hauptstrabe 16, Age 14, View-Cards, Sports, Cinema; (24) H. Hohfeld, 16, Limburg-Lahn, Duzerstr 33, Girl, Age 15, Sports, Music, Correspondence, Dance; (25) Marlies Alphaus, 21a, Ibbenbūren-Wespfalen, Grabestrabe. 4, Age 16, Stamps, Cinema, Tennis, Swimming, Correspondence; (26) Christa Mond Rheinbach-Bonn. Pensionat, St. Joseph, Girl, Age 16, Sports, View-Cards; (27) Karla Schuler, Koburg, Probstgrund, 36 a, Girl, Age 15, Stamps, Reading, Music, Sports, Cinema; (28) Rosemarie Mitterer, Fraūen-Chiemsee, 13c, Post Prien, obb., Girl, Age 16, Stamps, View-Cards, Sports, Cinema;(29)Christa Briggemann, Wattenschud-Westfalen, Ostskr. 27, Girl, Age 16, View-Cards, Sports, Old Traditions, Reading; (30) Roswitha Mūller, Muehldorf-Inn-Obb, Hohenduerstr 19, Bavaria, Girl, Correspondence, Stamps; (31) Ehrontraud Hruza, Mūdcheninternat, Au am Inn, bei Gars Bavaria, Girl, Age 16, Swimming, Dancing, View-Cards, Stamps, Tennis; (32) Hanna Koller, Dietramszell 52, über Holzkirchen, Girl, Age 14, Swimming, Reading, Music, Skating, Cinema, Interested in India; (33) Sigrid Meckalburg, Benshiem an der Bergshab, Privates Schūlerheim, (Boarding-School) Darmstadstersh-104, Girl, Age 15, View-Cards, Stamps, Music, Cinema; (34) Ursel Dors. 78 Konigsallee. Dūsseldorf, Girl, Age 16, Sports, Stamps, Languages; (35) Heidemarie Werner, Hannover-Nord, Beethovenstrasse 14, Girl, Age 16, Sports, Stamps, View-Cards; (36) Luduig Fees Jun Mūnchen 9, Perlacher Stn. 68 c. Boy, Correspondence View-Cards, Travelling; (37) Ubrike Engel, Flossenbūrg-opf, bei Weidcu-opf. Postfach 24, Girl, Age 16, Correspondence, View-Cards, Swimming, Ski-ing; (38) Traude Kuhn, 14a, Bopfingen-Wūrtemburg, Am Stadtgraben 52, Girl, Age 16, Stamps, View-Cards; (39) Ingenboy Schmidt, 14 a, Stubbgart-Bad Cannstadt, Rei-

chenhallerstr 15, Würteinberg, Girl, Age 16, Tennis, Riding, Stamps, View-Cards, Stone-Collecting; (40) Sigrid Rueff, address, age, sex and hobbies as above (41) Sindbert Heidi, Neuendettebsau, b, Ansach, Ufr, Wohnheim, R-6, W. Ger., Girl, Age 15, Riding, Tennis, Swimming, Stamps, View-Cards; (42) Regine Protolsky, Bod-schwalbach-Ts, Brunnenstra-3e 20, Girl, Age 15, View-Cards, Stamps, Nature-Study, Reading, Music, Dancing, Languages, Sports, Travelling, Animals; (43) Helga Ortner, gunrenhausen, Hensoltshope schule, Girl, Age 15, View-Cards, Discriptions of Foreign Countries; (44) Ulrike Püchner, Bayreuth, Kreuz 3, Girl, Age 15, Stamps, Correspondence; (45) Walter Klausen, Haar b. München, Jon, Seb. Bachstr. 15/1, Boy, age 15, Stamps, View-Cards; (46) Therese Eckel, Giebelstadt, Casino 7, Würzburg, Girl, Age 14, Sports, Music, Drawing, Stamps; (47) Christa Voit, Buchloe -Bayern, Ander Halde 17, Bez. Augsburg, Girl, Age 17, Stamps, Correspondence.

હિંદી પત્રમિત્રો

(160) Shashikumar Kalyanji, 15 F-149 Burrous Lane, Thakurdwar, Bombay-2—18, Cycling, Photography, Music, Languages, Cricket, Science; (161) BharatkumarM.Ingreji, C/o Madhusudan R.Ingreji, Wadi-Falia, Store Street, Surat—16, Stamps, Photography, Sports; (162) Miss Latika Tank, C/o J.M.Tank, Gandhi Chawk, Surat—16, Stamps, Photography, Swimming; (163) Jayantkumar R. Parikh, 20 Dahya Vasanji's Bunglow, Near Imperial Bank, Rajkot—20, Coins, Photography; (164) Ramniklal Punamchand Shah, Mepani Street, Juna Deesa (Banas Kantha)—16, Reading, Stamps, Playing Cards, Films, Travelling; (165) Mahidharlal K. Bhojak, C/o Amritlal Kanji Nayak, Bhadawa Wada, Near Post Office, Patan (N. G.)—23, Stamps, First Day Covers; (166) ManharM.Shah, Patelwaga, Shah Street, Dabhoi (W. Rly.)—18, Music, Literature, Politics, Travelling; (167) Suresh Virchand Shah, 1267 Shamla's Pole, Raipur, Ahmedabad—20, View-Cards, Literature; (168) Kantilal V. Patel, 1136, Harman Pole, Dariapur, A'bad—20, Travelling, Writing, Literature; (169) Hasmukh K. Parikh, Patolia Pole, Keshari's Khadki, Baroda—19, Science, Literature, Sports, Picnics; (170) Ishwarkumar Jain, C/o R. K. Jain, Thatairwarwara, Meerut City (C.P.)—12, Stamps, Correspondence; (171) Aroda O. K., 1228 Talia's Pole, Sarangpur, Ahmedabad—18, Stamps, Coins; (172) Niranjan Madanlal Munshi, Radhakrishna's Chawl, Kanda-wadi, Bombay-4—21, Stamps, First Day Covers, Coins; (173) Firoz Ahmed Meherally, Bombay-View, Raghavji Road, Bombay-26—19, Stamps; (174) Jayantilal Chandulal Shah, Shirola-vaga, Dabhoi (Baroda Dist.)—18, Travelling, Games, Photography, Cinema; (175) Pareshkumar G. Vyas, Near Mill, Joravarnagar (Saur.)—18, Stamps, Languages; (176) Divyakant Kalidas Bhavsar, Tower Road, Near Pratap Vijay Press, Dabhoi (Dist. Baroda)—17, Cricket, Bad-Minton, Politics, Travelling, Table-Tennis; (177) Ashokkumar Motilal Shah, Mali-vaga (Patel-vaga), Shah Street, Dabhoi (Baroda Dist.)—16, Music, Reading, Travelling; (178) Jayantilal Kalidas Bhavsar, Tower Rd., Dabhoi (Baroda Dist.)—16, Cricket, Travelling, Politics, Swimming, Novels; (179) Raman B. Pa el, Narker, Varnama (Baroda Dist.)—18, Swimming, Cinema, Literature, Languages, Travelling; (180) Mahendrakumar Dhirajlal Brahmabhatta, K.P. Ashrama, Kadi—16, Stamps, Cricket, Swimming; (181) Pravin R. Shah, 1132 Talia's Street, Sarangpur, Ahmedabad—16, Stamps, View-Cards; (182) Homi N. Dastoor, Parsi Street, Rander (Dist.Surat)—24, Photography, Painting, View-Collecting, Stamps, Gardening, Poultry-Keeping; (183) Praful P. Mehta, C/o Dr. P. M. Mehta, Govt. Hospital, Upleta (Saur.)—16, Cricket, Stamps, Swimming, Hand-Writing; (184) Arvindkumar Damodardas Soni, Lambeshwar, Mandiwala Sheth's Dela, 695/8, Kalupur, Ahmedabad—15, Stamps; (185) Nirmalabahen, C/o Ramniklal C. Patel, 5/1 Govind Dhar Lane, Calcutta-7—16, Cinema, Swimming, Novels; (186) Jethalal Manilal Patel, 7 Patel-Sadan, Tilak Road, Bombay-39—15, Stamps, Match-Lables, Cricket, Drawing, First Day Covers, Playing Cards; (187) Vasant Ratilal Chheda, Add. as above—15, Stamps, Reading, Photography, Games; (188) Bhailal T. Kotak, Sharma Chawl, Sadan Wadi, Bhandup, Bombay-40—19, Correspondence, (189) Govindlal Bhailalbhai Thakkar, Shri Mahireva Lohana Boarding House, Baroda—15, Music, Reading, Stamps; (190) Jayantilal B. Thakrar, 435, Khad Khad Line No. 4, Veraval (Saur.)—22, Stamps, Photography, Drawing; (191) Rameshchandra Narshibhai Patel, Outside Shahpur Gate, Municipal Quarters, Block 3, Room 4, Ahmedabad-1—16, Playing Cards, Cinema, Stamps, Cricket, Ditective Novels, Photography, Drama; (192) Ramnik M. Bhatti, Pinjara Wad, Under the Piper, Bhavnagar (Sau.)—Touring, Literature, Reading, Stamps, Politics, Table-Tennis, Foreign Pen-pals; (193) Jaswant R. Parikh, C/o Ramanlal H. Parikh, 20 Dahya Vasanji's Bldg., Near the Imperial Bank, Rajkot (Saur.)—21, Short Stories, Sports, Music, Art, Science, Touring.

(ચાલુ)



પચ્ચીસ વર્ષ પહેલાં



ફાગણ '૮૭
અંક ૭૫

આજથી બરાબર પચ્ચીસ વર્ષ પર ૧૯૩૦ની ૧૨મી માર્ચે મહાત્મા ગાંધીજીએ, બ્રિટિશ સરકાર સામેની આખરીલડતનું ઉગ્ર મંડાણ કરીને મીઠાનો કાયદો તોડવા સાબરમતીના સત્યાગ્રહાશ્રમમાંથી ઇતિહાસખ્યાત 'દાંડીકૂચ' આરંભેલી, એ તમારા ખયાલમાં હતું? એ ભવ્ય પ્રસંગને સ્મરણાંકિત કરતું એક પ્રતીકાલેખન શ્રી કનુ દેસાઈએ તત્કાલ તૈયાર કરેલું, તે એ જ માસના 'કુમાર'ના અંક (૭૫) માં આવેલું, એ આ નીચે રજૂ કરીએ છીએ. પુષ્પાચ્છાદિત માર્ગ પર કૂચ કરી રહેલાં ખુલ્લાં પણ વિરાટ ચરણ, યજ્ઞવેદિ, ત્રિશૂલ, ઘૂઘવતાં સાગરમોજાંની પાછળ રણતૂરી ગજવતી ટુકડીઓ અને દૂર ક્ષિતિજે ઉદીયમાન સ્વાતંત્ર્યસૂર્ય, એબધી એમાંની સંજ્ઞાઓનો અર્થ સમજાવવો પડે તેમ નથી. **લો**કકલ્યાણક પ્રવૃત્તિઓ માટેનાં પ્રચારચિત્રો (પોસ્ટર)ની જે માળા એ કાળે 'કુમારે' શરૂ કરેલી તે પૈકીનું એક સૂચક ને ચોટદાર ચિત્ર એ અંકના મુખચિત્ર તરીકે બે રંગમાં પ્રકટ થએલું. અક્ષરજ્ઞાનના પ્રચાર માટેનું એ ચિત્ર આજે પણ એટલું જ ઉપયુક્ત હોઈ સામેના કૉલમને મથાળે નાના સ્વરૂપે રજૂ કર્યું છે.

શ્રી હરિનારાયણ આચાર્યની વિવિધવિષયસ્પર્શી કલમનો પરિચય 'કુમાર'ના વાચકોને આપવાનો ન હોય. ગુજરાતના 'પુરાણ તીર્થ તારંગા'નો એ અંકમાં એમણે, પોતે પાડેલા સુંદર ફોટોગ્રાફો સાથે આપેલો ટૂંકો મનનીય પરિચયલેખ ટૂંકાવીને પણ ઉતારવા જેવો છે:


'વેણી વચ્છરાજ અને તેની ગૃહિણી નાગપુરીને થયું કે આપણને ધન તો ખૂબ છે, પણ ધરામાં નામ રહે એવું કંઈક કરી જઈએ. આવા વિચારમાં દહાડા જવા લાગ્યા, એવામાં એક રાતે બંનેને સ્વપ્નમાં આરાધ્ય દેવતાએ દર્શન દીધાં અને મંગળ વાણી કરી કે તમે ગુજરાતમાં જાઓ. શ્રી અને સરસ્વતીના વિલાસસ્થાન જેવા આ દેશમાં ઉત્તરે આરાસુરવાળી અંબાનો પહાડ છે, તેના દક્ષિણ પગથીએ સાબરમતીના તટે દેવોનો ગુપ્ત નિવાસ છે. ત્યાં દેવપ્રાસાદની રચના કરો.

વહાણું વાતાં હર્ષેલાં દંપતીએ બધાંને વાત કરી અને શુભ ચોઘડીએ નીકળ્યાં. ઘણા દહાડા વીતી ગયા. વનેવન ખૂંદી વળ્યાં અને અથડાતાં કુટાતાં આવી પહોંચ્યાં ધાનધરામાં. ભારે વનમાં ભલભલાનાં પણ હાજાં ગગડી જાય; સાબરમતી અને સરસ્વતીની રૂપાવેણ સેરો ઉનાળે આછુંઆછું ઝળકે અને ચોમાસામાં ઊભો કાંઠો જળજળાકાર કરી મૂકે; વાઘની બરાડો તો બારબાર ગાઉ સંભળાય અને ઊભાં વન ચીરીને હરણ ને રોઝનાં જૂથ આખાં ભોંખરાં સોંસરાં ચરતાંચરતાં નીકળી જાય; એવી ગુજરાતની ભોમમાં આખરે પગ મૂક્યો. હરિયાળાં ખેતરોમાં વીંઓટોતા ખેડૂને પૂછ્યું, ગાયભેંસોનાં ધણ ચારતા ગોવાળિયાને પૂછ્યું ને એંધાણી લીધી કે જેના ડુંગરે દેવ હોય, જેનાં પાંદડે પાંદડે ફૂલની ફોરમ ટપકતી હોય એવા, નદીનાળાંથી ઊભરાતા ધાંધારમાં તમારા જોગ થાનક મળશે. આશાભર્યાં દંપતી ભોંખરાંમાં આવી પહોંચ્યાં અને જોયું તો અઢારે ભાર વનસ્પતીથી લચી રહેલો એક પહાડ. પહાડની વચ્ચે જળથી છલોછલ ભરેલું સરોવર અને સરોવરની પાળે દેવભોમ. હર્ષેલાં નારીભરથારે સરોવરમાં સ્નાન કર્યું, આરાધ્ય દેવતાની ઉપાસના કરી અને યોગ્ય કાળે આ સ્થાનના પ્રાચીન તીર્થનો ઉદ્ધાર કર્યો.

કોટિ જૈનોનાં ભવબંધનોને કાપનાર આ સ્થાન તે પ્રાચીન તારણગઢ. મધ્યકાળમાં તેમ હાલ એને તારંગા નામે સૌ ઓળખે છે. કાળબળે જીર્ણ થએલા મંદિરનો ઉદ્ધાર કરી કુમારપાળે એમાં જિન પ્રતિમા બેસાડી. ઈડરના રાજ પૂંજાજીના આશ્રિત અને વચ્છરાજ સંઘવીના પુત્ર ગોવિંદ સંઘવીએ પંદરમા સૈકામાં એનો ફરીથી ઉદ્ધાર કર્યો અને હાલની પ્રતિમા એણે સ્થાપી. ગુજરાતી ઢબથી બાંધેલું મંદિરનું શિખર સોળમા સૈકાની મરામતની સાક્ષી પૂરે છે.

મહેસાણાથી પાંત્રીસેક માઈલ છેટે તારંગા હિલ નામનું સ્ટેશન છે. ત્યાંથી આશરે બે ગાઉ જેટલે તારંગાનો આ પહાડ આવેલો છે. સિદ્ધપુર અહીંથી ૨૬ ગાઉ, અંબાજી બાર ગાઉ અને સાબરમતી પાંચ ગાઉ થાય.

આ સ્થાનની પ્રસિદ્ધિ બૌદ્ધોના વખતથી હશે એમ આસપાસની સ્થળરચના અને પુરાણી મૂર્તિઓના અવશેષો પરથી જણાય છે. બૌદ્ધોની શાસનદેવી તારાદેવી તેનું અહીં સ્થાન હતું તેથી આ પહાડ તારંગા નામથી જાણીતો થયો, એવી એક કલ્પના છે. ઈસવી સનની તેરમી-ચૌદમી સદીમાં પણ આને



સુદ્ધપથ: આજથી બરાબર પચ્ચીસ વર્ષ પર, ૧૯૩૦ની ૧૨મી માર્ચે ગાંધીજીએ કરેલી દાંડીકૂચને સ્મરણાંકિત કરતું શ્રી કનુ દેસાઇનું પ્રતિક ચિત્ર



અઢારે ભાર વનસ્પતિથી લચી રહેલો પહાડ, પહાડની વચ્ચે છલોછલ જળથી ભરેલું સરોવર, અને સરોવરની પાળે દેવભોમ : તારંગા.

તારંગા કહેતા. અહીંનાં બૌદ્ધધર્મસ્થાનો કાળબળે નાશ પામ્યાં અને જૈન ધર્મના મધ્યાહ્નકાળમાં જૈન મંદિરની પ્રતિષ્ઠા થઈ, આવો પણ એક પક્ષ છે. ગમે તે હોય, પણ આ સ્થળની આજની પ્રસિદ્ધિનો યશ તો જૈનોને જ છે.

નાનામોટા પહાડોનો ઉપયોગ કરી, કુદરતી ન હોય ત્યાં ચણતરની દીવાલ કરી, વિશાળ જગ્યાને ઘેરી લઈ એક વિશાળ ગઢ બનાવી લીધો છે. પશ્ચિમ દરવાજેથી પેસીને ગઢમાં થોડેક દૂર નીચે ઊતરીએ તો વનથી વીંટળાએલો મનોહર જિનપ્રાસાદ નજરે પડે છે. ભારે પ્રયત્ને દૂરદૂરથી સામગ્રી ભેગી કરીને બાંધેલા આ દેવમહાલયની રચના સાદી છતાં સુંદર અને કલામય છે. અંદર અંધારામાં જૈનોના બીજા તીર્થંકર અજિતનાથની ૧૦૧ આંગળ ઊંચી, બૃહત્પ્રમાણ, અત્યંત સુરેખ, સ્વચ્છ આરસની શ્વેત પ્રતિમા છે. રંગમંડપમાંથી આવતા પ્રકાશના વક્રીભવનને લીધે આ પ્રતિમા અંધારામાં અદ્ભુત સુંદરતા ધારણ કરે છે. ઊડીને આંખે વળગે એવા ચિત્રવર્ણવાળી ભીંતોમાં અને અષ્ટકોણ મહાકાય સ્તંભો પર ટેકવેલા ઘુમટમાં ઊંચે, વિવિધ અંગભંગીમાં જડી દીધેલી પાષણની પૂતળીઓમાં દેવમૂર્તિની સ્વચ્છતા અને વિશાળતા સુંદર રીતે ભળી જાય છે. નથી અહીં ઝીણું અને ગૂંચવણભર્યું કોતરકામ કે નથી અહીં કોઈ કળાકારની ભવ્ય સૌંદર્યકલ્પના. બધું ય સાદું અને સરળ હોવા છતાં આસપાસની વનશ્રીમાં તે એવું તો ઓતપ્રોત થઈ ગયું છે કે 'આ પ્રાકૃતિક' અને 'આ માનવીકૃત' એવો ભેદ પાડવાનું ક્ષણભર સૂઝતું નથી. ચંદન અને વડની વનરાઈમાંથી ડોકિયાં કરતું આ સ્થાન રજ પણ નિસર્ગભિન્ન નથી દેખાતું. ઇંટ ચૂના ને પથ્થરથી બાંધેલું છતાં, કાળના ઘસારાથી એને ઊની આંચ પણ આવી નથી. ઉપલા ભાગને અંદરથી આધાર આપવા સારુ લાકડાનાં ભારે ચોકઠાં ગોઠવી કૌશલ્યપૂર્વક માંચડો બાંધ્યો છે. એમાં વપરાએલું 'કેગર' નામનું લાકડું ખૂબ મજબૂત અને ચીકણું છે. સળગાવતાં એ લાગતું નથી; –ઊલટું ગરમી લાગતાં એમાંથી પાણી ઝરવા માંડે છે એવું પણ કહેવાય છે!

મુખ્ય મંદિરની ત્રણ દિશાએ ત્રણ નાની ટેકરીઓ છે. તેનું ચઢાણ કઠણ અને થકવનારું છે. દરેક ટેકરી પર વિશિષ્ટ સજ્ઞાવાળી દહેરી છે. આ દહેરી પરથી જોતાં નીચે ઊંડાણમાં રમકડા જેવું લાગતું જિનમંદિર, પૂર્વમાં નાના લીસોટા જેવી ચારપાંચ પહાડોની આડે ડોકિયાં કરતી સાબરમતી, બીજી બાજુ ધાન્યથી લચી પડેલી ગુજરાતની નવપલ્લવ વાડી, ઉત્તરે આછાં ઝાડપાનથી ખરડાએલો ધાંધારનો પહાડી પ્રદેશ, આ બધું આંખને કૈંક કર્કશ છતાં મોહક લાગે છે,

જૈનોમાં જાણીતું, જૈનેતરથી અજાણ્યું તારંગા ગુજરાતનાં સુંદર સ્થળોમાં ઉમેરી શકાય. એની લૂખી પ્રાકૃતિક મનોહરતા યાત્રાને નામે ભડકનાર છતાં સુંદરતાના સાચા ઉપાસકની ગે નજર ઠારે છે."

~

એક તદ્દન નવતર વિષય એ અંકમાં આપેલો : 'રસાયણી પૂતળાં!' એમાં, ચિત્રવિચિત્ર સ્વભાવના માણસોના ગુણદોષ, તેમનામાં રહેલાં વિવિધ રાસાયનિક તત્ત્વોને લીધે હોય છે એમ રસળતી શૈલીમાં પ્રતિપાદિત કરેલું. છ પૃષ્ઠના એ લાંબા લેખની વાનગીરૂપ એમાંના એકેએક પ્રકારના માનવીનો પરિચય ટૂંકાવીને તેનાં સર્વ સૂચક ચિત્રો સાથે ઉતાર્યા વિના અમે રહી શકતા નથી. આજે પણ જેમને 'કુમાર'ની પાછલી ફાઇલ ઉપલબ્ધ હોય તેમને એ લેખ વાંચવાનું અમે જરૂર કહીએ :

'માણસ પંચમહાભૂતનો બન્યો છે એ જૂની માન્યતા ઘડાયા પછી તો આજે દુનિયા ક્યાંય આગળ વધી છે. આજના રસાયનશાસ્ત્રે માણસના શરીરમાં સોળ તત્ત્વો તો શોધી પણ કાઢ્યાં છે! આપણે જાણીએ છીએ કે પદાર્થમાંનાં અનેક તત્ત્વો પૈકી તેમાં જે તત્ત્વ સૌથી વધુ હોય તેના ગુણદોષ પર તે પદાર્થના ગુણદોષ નક્કી થાય છે. આ સત્ય માણસોને લાગુ પાડતાં જણાશે કે માણસ જન્મથી સારો કે નઠારો નક્કી ન થઈ શકે તોપણ તેના શરીરમાં, જે તત્ત્વ સૌથી વધુ જણાય તેના ગુણદોષ પરથી તે માણસના ગુણસ્વભાવ જાણી શકાય.

એક દાખલો લઇએ. કોઈ માણસમાં ચૂનાનું તત્ત્વ (અટલેકે કૅલ્શ્યમ) વધારે હોય તો આપણે તેને 'કૅલ્શ્યમ માણસ' કહીએ. એમાં મનની નિશ્ચયાત્મકતા વધારે હોય છે, કારણકે કૅલ્શ્યમ પૉઝિટિવ છે. તેથી ઊલટું, જેનામાં કાર્બન વધારે હોય તેનામાં સંકલ્પશક્તિ ઓછી અને સ્વભાવ અડુકદડુકિયો દેખાય છે, કેમકે કાર્બન એ નેગેટિવ તત્ત્વ છે. એવા માણસની કાર્યશક્તિ વધારવા માટે તેના ખોરાકમાં કૅલ્શ્યમ તત્ત્વ વધારવાથી ધાર્યો ફેરફાર થઈ શકે. જે બાળકને પુષ્કળ કાર્બનવાળા ખોરાકો ઉપર જ ઉછેરવામાં આવતું હોય–એટલે કે મીઠાઈ વધારે ખવડાવવામાં આવતી હોય–તે બાળ-









ક્ની ઇચ્છાશક્તિ જરા પણ વિકાસ પામતી નથી. ફૉસ્ફરસનું તત્ત્વ માણસમાં કાર્યશક્તિ અને બુદ્ધિપ્રભાવ ઘડે છે, અને ગંધકનું તત્ત્વ આધ્યાત્મિકતા ને કલાની સમજણ આપે છે. જે સ્ત્રીમાં ગંધકનું તત્ત્વ હોય તેની ચામડી સુંવાળી હોય, શરીર મરોડદાર અને ઘાટીલું હોય, તેમજ ગંધકમાં વાળ વધારવાનો ગુણ હોઈ તેને વાળ પણ પુષ્કળ હોય. તે સ્વભાવે કલાપ્રેમી હોય. પણ ગંધક એ શીઘ્રજ્વાળા-ગ્રાહી પદાર્થ છે, એટલે એવી સ્ત્રીની ખૂબસૂરતી-થી લોભાઇ તેને ઉતાવળે પરણવાની ઇચ્છા કર-વામાં લાભ નથી; કેમકે એ સ્ત્રીની રીસ પણ ગંધકની જેમ જલદી સળગી ઊઠે તેવી હોય!

કોઇમાં જેમ 'સિલિકન' વધારે તેમ તેનું આશાવાદીપણું પણ વધુ. એવી વ્યક્તિઓ ઘેર-ઘેર માટીના ચૂલા નહિ, પણ સોનાના જુએ છે!

પોટૅશ્યમનો સારો જથ્થો હોય તેનું શરીર માંસલઅનેકસાએલું હોય.તેના તંતુઓ એવા સ્થિતિસ્થાપક હોય કે ઘા વાગ્યો હોય તો પણ તેને રૂઝ વહેલી આવે. કોઈનું સ્થિતિ-સ્થાપક શરીરબંધારણ, તેજસ્વી મગજ અને માંસલ સ્નાયુઓ જુઓ તો તેને પોટૅશ્યમ માણસ તરીકે ઓળખી લેવો.


કૅલ્શ્યમ જાતના માણસો કદમાં ઊંચા હોય છે. તેમના હાથ, પગ, બાવડાં વગેરે લાંબાં હોય છે. તે સ્થિર, ધીમી, છતાં દઢ ગતિથી ચાલે છે. તેમને ઉત્તેજિત થતા વાર લાગે છે, પણ એકવાર ઉત્તેજિત થયા પછી અટકતા નથી.


કૅલ્શ્યમ જાતથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિનાં મા-ણસોને સોડિયમ વર્ગમાં મૂકી શકાય. તે તેજ અને ચપળ હોય છે. શાંત રહેવું તેને ગમતું નથી એટલે તે કાંઈ ને કાંઈ કર્યા જ કરે છે. 'ગુજરાતના નાથ'માં 'કાક'નું જે વર્ણન છે તે સોડિયમ વર્ગના પુરુષને ખૂબ મળતું આવે છે.


સોડિયમ વર્ગની સાથે મૈત્રી માટે ઑક્સિ-જન વર્ગના માણસો સૌથી વધારે લાયક ગ-ણાય. ધંધામાં ભાગીદારી કરવી હોય કે લગ્ન કરવાં હોય તેમાં આ બેનો યોગ શુભ ફળ-દાયક હોય છે. ઑક્સિજન વર્ગનાં માણસો-ની છાતી ભરેલી હોય છે અને ફેફસાં જોરદાર હોય છે. છાતીથી તે કરોડરજ્જુ સુધી શરીર-નો ઉપલો ભાગ ઘણો મોટો અને વજનદાર હોય છે; પણ પગ પાતળા.


વિજ્ઞાનમાં ઑક્સિજન જલદી ભળી જાય એવું તત્ત્વ ગણાય છે, તેમ ઑક્સિજન માણસ પણ મિલનસાર ને હસમુખો હોય છે. તેનો અવાજ મોટો, આનંદી ને રણકારવાળો હોય છે. તેને ખાવાપીવાનો બહુ જ શોખ હોય છે અને તેની પાચનશક્તિ પણ સારી હોય છે.

હાઈડ્રોજનજાતના લોકો જાડા, ધીમા અને કઢંગા હોય છે. તેમના મધ્ય ભાગો આગળથી ફુલેલા હોય છે. હાથપગ અને શરીર પહોળાં, મુદ્રા શાંત અને દિલગીરીભરેલી અને ચહેરો નરમ હોય છે. તેમનામાં સહનશક્તિ ઓછી











હોય છે, કેમકે પાણીમાં કાંઇ જોર નથી.

હીરો એ ઘણી મૂલ્યવાન વસ્તુ છે; પરંતુ જે માણસને આપણે હીરાના ઉપનામથી વધાવીએ છીએ, અથવા કશી પણ પ્રવૃત્તિ કે હેતુ વગર જે નામધારી ધોધે જઇને પાછા આવે છે; તે સર્વ એમ બતાવે છે કે હીરાના જેવા કાર્બનપ્રધાન ગુણો માણસમાં આપણે જોવા ઈચ્છતા નથી! કાર્બન ગુણવાળા માણસોની ઇચ્છાશક્તિ બહુ નબળી હોય છે. એ લોકોને મીઠાઇ અને ઘઉંબાજરી જેવા સ્ટાર્ચવાળા ખોરાકો બહુ ભાવે છે. તેમનાં હાડકાં નાનાં, સ્વભાવે તેઓ બીકણ અને ગભરુ તથા ચિત્તે અસ્થિર અને વ્યગ્ર હોય છે.

નાઇટ્રોજન એ ધીમું, નિશ્ચેષ્ટ અને બીજાં સાથે ન ભળે એવું તત્ત્વ છે. નાઇટ્રોજન જાતનો માણસ પણ તેવો જ હોય છે. તેનો વાન ભીનો, વાળ ખૂબ કાળા અને આંખો ઘેરી હોય છે. તે ટટ્ટાર ને અમીરની અદાથી ચાલે છે, કેમકે તેને પોતાને વિષે સૌથી ઉત્તમ મત હોય છે.

ફૉસ્ફરસ વર્ગના લોકો બુદ્ધિપ્રધાન હોય છે. તેના બંધારણમાં મગજનો ભાગ મોટો અને શરીરના જેટલો જ હોય છે. હાડકાં નાનાં અને નાજુક, ચામડીનો રંગ સહેજ શ્યામ અને કપાળ ઉન્નત વિસ્તારવાળું તથા ફૉસ્ફરસ તત્ત્વના ગુણને લીધે ચળકતું હોય છે. તેઓ દેખાવમાં સ્વચ્છ અને સુઘડ તથા પહેરવેશમાં કલા પ્રત્યે વધારે ધ્યાન આપે છે. તેઓની ઇચ્છા સ્વપરાક્રમથી વિખ્યાત થવાની હોય છે. તેઓ સ્વપ્નાં જુએ છે પણ તે કદી ફલિભૂત થતાં નથી!'

અગ્નિજીવન જીવેલા એક 'યુવાન વૃદ્ધ'ના એ અંકમાંના પ્રેરક ચરિત્રના પાત્રનો ટૂંકો પરિચય આપવા તેનો આમુખ જ ઉતારવો બસ થશે:

'માથેપળિયાં આવ્યા છતાં પણ જે વિચારે, આચારે અને હૃદયે હજી, બલ્કે હમેશાં જુવાન જ છે એવા શ્રી નરસિંહભાઇ પટેલને જેણે જોયા હોય તેને પહેલી જ મુલાકાતે લાગે કે તે ખરેખર 'નિત્યયુવાન' છે. ભાવનાની ઉગ્રતા, વિચારની તેજસ્વિતા અને જીવનના ઉત્સાહમાં એ આ ઉમરે ય કોઈપણ નવયુવાનને હઠાવે એવા છે. બંગભંગ અને સુરત કૉંગ્રેસના પ્રસંગોથી જ્યારે દેશ ખળભળી ઊઠયો હતો અને ગુજરાત 'શાંતિ તથા સુવ્યવસ્થા'ના ધારણ નીચે નિરાંતે ઘોરતું હતું એ સમયમાં વિપ્લવકારી સાહિત્ય ફેલાવવાના ગુનાહ માટે સરકારનો ખોફ અને જેલ વેઠી, અનેક હાડમારીઓ, રખડપાટ અને દેશવટા ભોગવી ભોગવી જીવન જોગવેલા એ યુવાન વૃદ્ધનું લખેલું ગૅરીબાલ્ડીનું ચરિત્ર જેણે જેણે વાંચ્યું છે, વિચારની નવીનતા અને ઉગ્રતાથી ભરેલા છૂટા છવાયા લેખો જોયા છે, અથવા 'પ્રીટીદાર'માં આવેલી એમની 'પ્રસંગકથા' વાંચી છે તે સૌને એમની તેજસ્વિતાનો સારો પરિચય છે. પણ એમનો ખરો પરિચય તો એમના અંગત પ્રસંગમાં આવનારને જ થાય. હાસ્યથી સદા યે પુલકિત રહેતા એમના ચહેરા પર પડેલી જીવનની કડવીમીઠી અનેક રેખાઓ પાછળ, દુનિયા પરનો કટાક્ષભાવ અને અંદર ધૂંધવાતી વિચારજ્વાળાઓ, જોનારને જણાઈ આવે. અને તમે એક વાર પરિચયમાં આવ્યા, કોઈ નવો વિષય ઉપાડયો, વાતને જરા વેગ આપ્યો, કે પછી તમારી મગદૂર નહિ કે એમની અવિરત વહેતી વિચારધારાના રસમાંથી બહાર નીકળવાનું મન કરી શકો. જીવનની હરકોઇ બાજુનું સજીવ રીતે નિરૂપણ કરવાની, તેને નવા જ દૃષ્ટિબિંદુથી જોવાની અને પોતાના અનુભવ તથા બહુશ્રુતતાની કસોટી પર કસી કાઢવાની તેમનામાં સરસ શક્તિ છે. સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી અને જર્મન ભાષાનો સારો પરિચય ધરાવવા ઉપરાંત 'ફાઈલૉલૉજી' (ભાષાશાસ્ત્ર) અને 'ઇન્ડોલૉજી'ના તે અચ્છા અભ્યાસી છે. પણ અભ્યાસીની જડતા કે શુષ્કતા એમનામાં નથી. સદા વહેતા ઝરણ જેવું એમનું જ્ઞાન સજીવ, તાજું અને જીવનની સર્વે બાજુઓને સ્પર્શતું વહ્યા કરે છે.'

કિશોરોનાં વીરત્વની કદર કરતો ચન્દ્રક

૧૯૫૩ના જુલાઈની ૩જી તારીખે ડૂબી ગએલી એક હોડીમાં સપડાએલાં ચાર જણને બચાવવા તરુણ બાઈ મેરિલીન બેકર હૅરે વારંવાર ડૂબકીઓ મારી તેમને બચાવ્યાં ત્યારે તેને વીરતાના ચંદ્રકનો વિચાર કરવાનો નહોતો. ચૌદ વરસના કિશોર જિરાલ્ડ રે બર્ગમને એક ખેતર પર પોતાના પિતા ને ભાઇને વીજળીનો ભોગ બનતાં બચાવ્યાં ત્યારે તે પણ ચંદ્રકનો વિચાર નહોતો કરતો. ઓગણીસ વર્ષના યુવાન જેમ્સ ટૉમસ વેલ્શે કાંઈ ચંદ્રક માટે પોતાના પગમાંથી સાડા આઠ ઈંચનું હાડકું કાપવા દીધું ન હોત. પણ હમણાં જ આ ત્રણેને અમેરિકાના પ્રમુખ આઈઝનહોવરના હસ્તે 'યંગ અમેરિકન મેડલ' અર્પણ થયો છે.


એ ચંદ્રક ૧૯૫૦માં અમેરિકાની પ્રજાએ નિર્માણ કર્યો ત્યારે તેમના મનમાં જેવી વીર વ્યક્તિઓનો ખયાલ હતો તે આવી જ હતી. આ ત્રણેએ જાતે મોતનું જોખમ ખેડીને અન્યને ખાતર કાંઈક કાર્ય કર્યું હતું.

૪૫ ફીટ લાંબી જે નૌકામાં મેરિલીન હૅર, તેનું કુટુંબ અને તેમના મિત્રો વિહાર કરતાં હતાં તે નૌકા જ્યૉર્જિયાના કિનારે ૧૯૫૩ના ઉનાળાની એક રાતે તોફાનમાં સપડાઈ ગઈ. પરિણામે નૌકા ડૂબી અને ઉપર્યુક્ત માણસો તેમની કોટડીમાં ફસાઈ ગયાં. એમનામાંથી મેરિલીન બચી ગઈ અને હોડીમાં ફસાઈ ગએલાં માણસોને છોડાવવા તેણે અંધારાં પાણીમાં દસ વાર ડૂબકીઓ મારી. નૌકાની બારીઓ ખોલી નાખીને તેણે એક કૅબિનમાંથી બે મિત્રોને અને બીજીમાંથી એક મિત્ર તથા પોતાની માતાને છોડાવ્યાં. મેરિલીનના આ અસાધારણ વીરત્વ માટે તેને 'યંગ અમેરિકન મેડલ' ઉપરાંત 'કાર્નેગી હીરો ફન્ડ કમિશનનો બ્રૉન્ઝ સ્ટાર' પણ મળ્યો છે.

જિરાલ્ડ રે બર્ગમનની ઝડપી અને બુદ્ધિશાળી વિચારશક્તિએ તેના પિતા ને ભાઈની જિન્દગી બચાવી હતી. તેમના ખેતર પરના કૂવામાંથી પાણીનો નળ તારની એક વાડમાંથી પસાર થતો હતો. પિતા-પુત્રોને ખબર નહોતી કે આંધીથી ઇલેક્ટ્રિક પંપનું વીજળીનું જોડાણ 'શૉર્ટ સર્કિટ' થઈ ગયું હતું. એટલે તેઓ તો ત્યાં પાણી પીવા ગયા.

પ્રથમ નાનો છોકરો રિચર્ડ એકાએક વાડમાં સજ્જડ થઈ ગએલો જણાયો! પછી પિતાએ એ છોકરાને બચાવવાનો પ્રયત્ન કર્યો એટલે તે પણ ચોંટી ગયો! જિરાલ્ડને તરત ખયાલ આવી ગયો કે વાડમાં વીજળીનો પ્રવાહ પ્રસરી ગયો છે. એટલે તેણે વાડને કે તેની આસપાસ ઢોળાએલા પાણીને અડયા સિવાય વાડ ઓળંગી. પોતે વીજળીનો વાહક ન બની જાય તે માટે હવામાં કૂદકો મારી તેણે પંપનું બટન બંધ કરી દીધું. તેના પિતા ને ભાઈ બેભાન થઇને પડયા હતા તે બંનેને જિરાલ્ડે બનાવટી શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરાવી.

જેમ્સ ટૉમસ વેલ્શે આપણા દધિચિ ઋષિ માફક હાડકાનું દાન કરવાની ઝિંદાદિલી દાખવી હતી. આઠ વરસથી અપંગ થઇ ગએલી એક બાલિકાને સાજી કરવા માટે તેના પગમાં બેસાડવા સારુ આઠ ઇંચનો હાડકાનો એક ટુકડો જોઇતો હતો. ત્રણ મહિના માટે તેના પગને ચોકઠામાં બાંધી રાખવો પડયો અને ત્રણ માસ સુધી તે પગનો પૂરેપૂરો ઉપયોગ કરી શકયો નહિ. પણ પેલી બાલિકા તો સાવ સાજી થઇ જ ગઇ. એક વર્તમાનપત્રના છાપખાનામાં, કંપોઝ થએલાં બીબાંની ગૅલી ઉપાડનારનું મામૂલી કામ કરનાર આ વીર વેલ્શને ચન્દ્રક અર્પણ કરતી વખતે પ્રમુખ આઇઝનહોવરે કહ્યું હતું કે 'તારે માટે હું ગૌરવ અનુભવું છું અને તારી ઉદારતાને પરિણામે તને કાંઈ કાયમી ખોડ નથી રહી તે માટે મને આનંદ થાય છે.'



ફાગણ આગળ મ્હોર્યા મોગરા ને પછવાડે ગલગોટ;
સવળા વાતા વાયરા, એની અવળી વાગે ચોટ!
ખીલ્યાં કેસૂ ખાખરે, એની વગડે વગડે આગ;
ફૂલડે ફૂલડે ફરી વળે મારું મન જાણે મધમાખ!
રાતે વસમી ચાંદની ને દા'ડે વસમી લૂ!
વસમી વિરહની શારડી, મન વિચાર કરજે તું.


—બાલમુકુન્દ દવે

મુંબઇના નવા ગવર્નર હરેકૃષ્ણ મહેતાબ

મરહૂમ ગિરજાશંકર બાજપેયીના અવસાન બાદ આ મહીને મુંબાઈ રાજ્યના ગવર્નરનો હોદ્દો સંભાળનાર શ્રી હરેકૃષ્ણ મહેતાબ પહેલેથી જ દેશભક્તિ-પ્રેર્યા માનવી છે. એમનો જન્મ ૧૮૯૯ની ૨૧મી નવેમ્બરે થએલો. ભારતીય રાજ્યોના ગવર્નરોમાં તેઓ કદાચ સૌથી નાના ગવર્નર હશે. સ્વાતંત્ર્ય-જંગના એ પીઢ સાથી પ્રત્યેનો વિશ્વાસ લોકોને તેમનામાં છે. કટકની રૅવનશૉ કૉલેજમાં તેઓ ભણતા ત્યારથી જ દેશસવાનો નાદ તેમને લાગેલો, અને જાહેર કાર્યમાં પડ્યા બાદ કેટલાં યે વર્ષો સુધી બાલાસોરની જિલ્લા લોકલ બોર્ડના ચેરમૅન રહેલા. ૧૯૨૪માં તેઓ ઑરિસ્સાની ઉપલી ધારાસભાના સભાસદ બન્યા ત્યારે 'પ્રજાતંત્ર' અને 'રચના' નામનાં બે સામયિકોનું તંત્રીપદ પણ તેઓ સંભાળતા. ૧૯૩૦ પછી સ્વાતંત્ર્ય લડત તેમજ દેશસેવાનું એકમાત્ર ધ્યેય લઈ તેમણે અસહકારની ચળવળમાં ઝુકાવ્યું. જોકે કૉલેજ-અભ્યાસ દરમિયાન વર્ષો લગી રાષ્ટ્રની સ્વાતંત્ર્ય-ચળવળમાં તેમણે ભાગ લીધેલો. પરંતુ તેમની ખરી કારકિર્દીની શરૂઆત તો ઈ. ૧૯૩૮માં સુભાષબાબુને પ્રમુખપદે ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ મળી ત્યારથી થાય છે. તે પછી તરત ૧૯૩૮ થી '૪૬નાં વર્ષો દરમ્યાન તે કૉંગ્રેસની કારોબારી—વર્કિંગ કમિટીના સભાસદ રહ્યા હતા. ૧૯૪૭માં દેશને આઝાદી મળ્યા બાદ ત્યારે પછાત ગણાતા પોતાના ઑરિસ્સા પ્રાન્તાના વડા પ્રધાનપદે તેમની નિમણૂક થઈ. એ પ્રાંતમાં ત્યારે ઘણા અટપટા અને ગૂંચવાડિયા કોયડાઓ હતા. તે સર્વને હલ કરવા તથા ભવિષ્યનો માર્ગ સ્વચ્છતર બનાવવા તેમણે હામ ભીડી. ત્યાંના સેરીઆકાલા અને ખરસવણ જિલ્લાઓનું એકીકરણ તેમની અને મરહૂમ સરદાર વલ્લભભાઈની કુનેહભરી વહીવટી નિપુણતાથી જ શક્ય બન્યું. ૧૯૫૦માં તેમને ઓરિસ્સાના વડા પ્રધાન પદેથી મધ્યસ્થ સરકારના પ્રધાનમંડળમાં લેવામાં આવ્યા અને વ્યાપાર તથા ઉદ્યોગનું જવાબદારીભર્યું ખાતું તેમને સોંપાયું. એ પ્રધાનપદ દરમ્યાન તેઓ કાચા માલ વિષે વિચારણા કરવા મળેલી કૉમનવેલ્થના વ્યાપારખાતાના પ્રધાનોની કૉન્ફરન્સમાં હાજરી આપવા લંડન જઇ આવેલા. એ પછી તેઓને 'કૉંગ્રેસની પાર્લમેન્ટરી પાર્ટી'ના મહામંત્રી પદે નીમવામાં આવ્યા, જ્યાંથી રાજ્યરાજ્ય વચ્ચેની ધારાકીય પ્રવૃત્તિઓનું સામંજસ્ય સ્થાપવાનું હતું. એ હોદ્દા દરમ્યાન તેઓ અમેરિકાને પ્રવાસે જઇ આવેલા.



પણ શ્રી મહેતાબની ખરી શક્તિ તો ઇતિહાસવિદ્ અને સાહિત્યકાર તરીકેની છે. ઓરિસ્સાના ઇતિહાસ માટે એમનું વાક્યે વાક્ય પ્રમાણભૂત મનાય છે. ઊંડા અભ્યાસ અને



જૂ

બીજા કોઈ પણ જંતુ કરતાં માણસનો વધુ નિકટનો સંબંધ હોય તો જૂને. જૂ બે જાતની થાય છે. લોહીચૂસણી અને કરડકણી. આપણે પરિચિત છીએ પહેલી જાતની જૂથી. એની પાછી બે જાતો છે: વાળમાં, અને શરીર પર થનારી. વાળની જૂ નાની, કાળી, ટૂંકા-બુઠ્ઠા માથાવાળી ને ટૂંકા છતાં મજબૂત પગવાળી હોય છે.

માથાની જૂ કેટલા યે તાવોની જનની ગણાય છે. ચામડીનાં દર્દો ને મેનિન્જાઇટિસનું તે આદ્ય કારણ છે. પોતાના પોષણ માટે બાળકોનાં, ઘરડાંઓનાં ને ખાસ કરીને સ્ત્રીઓનાં માથાં તેને વધુ પસંદ હોય છે. કાન ઉપરના માથાના ભાગમાં તે બહુ જલદીથી ફેલાય છે.

એક મહિનાની વય થતાં જ તે ઈંડાં (લીખ) મૂકવા માંડે છે. ફારેગ થતાં સુધીમાં એક જૂ પોણા ત્રણસોથી ત્રણસો ઈંડાં મૂકે છે! ઈંડાં જણીને તરત જ તે ચીકણી રસીથી વાળ સાથે ચોંટાડી દે છે. રસી સુકાઇ જતાં ઈંડાં વાળ સાથે ગંઠાઈ જાય છે. સાતેક દિ'માં સેવાઈ ને સત્તર દિવસે તો તે પુખ્ત પણ બની જાય છે.

શરીર પર થતી જૂ—માદા કદે ૩·૩ મિલિમીટર ને નર તેથી નાનો હોય છે. પશ્ચિમ આફ્રિકા ને ઑસ્ટ્રેલિયાવાસીઓનાં શરીર પર થતી જૂ કાળી, પીળા દેશોની પીળી ને સફેદ દેશોની કંઈક ભૂખરા રંગની હોય છે. તેને છ પગ હોય છે ને દરેક પગને છેડે અકેક નહોર હોય છે. આથી કપડાંની અંદરના ભાગમાં તે સહેલાઇથી વળગી રહે છે. લોહી ચૂસવાં તે માથામાંની અણીદાર સૂંઢ વડે ચામડીમાં છેદ પાડી લે છે. લોહી ચૂસતી વખતે જૂ પોતાનું માથું ચામડી પર દબાવી આખું શરીર અધ્ધર કરી લે છે ને પછી સૂંઢ અંદર ભોંકી લોહી ચૂસવાનું ચાલુ કરે છે. ધરાઇ ગયા છતાં ફરી લોહી પીવા તે ગાંડી પડે છે ને ન પચેલા લોહીને ઉત્સર્ગદ્વારે બહાર કાઢતી આવે છે.


આ જૂ મરતાં સુધી પોતાના પરિવારની સંખ્યા ચાર હજાર સુધી પહોંચાડે છે. સાતદસ દિ'માં ઇંડું સેવાઈ ગયે તેમાંથી જૂ બહાર નીકળતાં જ લોહી ચૂસવું શરૂ કરી દે છે.

મોઠી જહેમતે તૈયાર કરેલો પોતાના એ પ્રાંતનો કડીબદ્ધ ને માહિતી-સમૃદ્ધ ઇતિહાસ ત્યાંના પ્રધાનપદે આવ્યા પછી એમણે બહાર પાડચો. એ એક સમર્થ ને અપૂર્વ ગ્રંથ ગણાય છે. એ ઉપરાંત તેમણે અંગ્રેજી અને ઉડિયા બંને ભાષાઓમાં વર્તમાનપત્રો તથા સાપ્તાહિકોનું તંત્રીપદ પણ સંભાળેલું. હજુ પણ પત્રકારત્વ પ્રત્યેનો તેમનો રસ અખંડ છે.

મૂળ તો તે ગરીબ કુટુંબમાં જન્મેલા, પણ કોઈ ધની જમીનદારે તેમને દત્તક લીધેલા એટલે નાનપણથી જ શૉખ ને વૈભવના વાતાવરણમાં તેમનો ઉછેર થએલો. ને તે પછી દેશસેવાની ઊભરતી ધગશની અનુસારી તેમની આજ સુધીની કારકિર્દી આજે મુંબાઈ જેવા વિશાળ રાજ્યના ગવર્નરપદે થએલી નિયુક્તિથી વધુ ઊજળી બની છે.

માટીનું જનતા–ફ્રિજીડેર (રેફ્રીજરેટર)

નીચે દર્શાવેલું માટીની બનાવટનું સાદું 'ફ્રિજીડેર' કોઈ યાંત્રિક તરકીબ પર રચાએલી વસ્તુ નથી. એ તો હાથે બનાવી લેવાય તેવું સાદું માટીનું ગૅાડેલ છે. છતાં શાકભાજી, દૂધ, માખણ, પાન ઇત્યાદી વસ્તુઓને ઠીકઠીક લાંબા સમય માટે તે તાજી રાખી શકે છે. અને એટલી એની ઉપયોગિતા સામાન્ય કુટુંબ માટે પૂરતી ગણી શકાય.



એની શોધનું માન હૈદરાબાદના જાણીતા ઇજનેર ડૉ. રાજુને છે. બેત્રણ માસ પહેલાં તેનો પ્રયોગ મેં તેમની પાસેથી જાણેલો. ત્યાર પછી જુદા જુદા પ્રકારનાં માટીનાં વાસણો લઇને પ્રયોગ કરી જોયા બાદ પરિણામથી સંતોષ થયો, તેથી હવે આમ જનતા આગળ મૂકું છું.

આશરે ૧૮ ઈંચ વ્યાસનું ને ૬ ઈંચ ઊંચાઇનું માટીનું કૂંડુ લેવું—પાનની દુકાનવાળા વાપરતા હોય છે તેવું. એમાં દોઢથી બે ઇંચ પાણી ભરવું. કૂંડાની વચમાં, માટીની બનાવેલી તથા ઉપરના ભાગમાં થોડાં છિદ્રોવાળી એક નાની પાટલી રાખવી. આ પાટલી પર જે વસ્તુ સાચવવાની હોય તેને કાચની કે અન્ય ધાતુની રકાબીમાં રાખવી. પછી આ કૂંડાની અંદર સમાઈ શકે અને છતાં એકાદ ઇંચની જગા ચોફરતી રહે તેવું એક ઊંધી હાંડીના આકારનું–નીચેથી સીધું અને ઉપર ગુંબજવાળું માટીનું વાસણ ઊંધું મૂકવું. આ વાસણના ઉપરના ભાગમાં પોણાથી એક ઇંચ વ્યાસનું એક છિદ્ર હોવું જોઇએ. વળી તેને સહેલાઇથી લઈ-મૂકી શકાય તે માટે બન્ને બાજુ હૅન્ડલને મળતો આકાર રાખવો. માટીના ગુંબજવાળા આ વાસણ પર ઝીણા કાપડનો કકડો એવી રીતે ઢાંકવો કે જેથી તેના છેડા નીચેના પાણીના કૂંડામાં ભીંજાએલા રહે.

આ થયું આપણું ફ્રિજીડેર. તેને ખુલ્લી હવા લાગે અને છતાં જ્યાં ઠંડક હોય તેવે ઠેકાણે એક ઘડમચી પર ગોઠવવું. સામાન્ય રીતે પાણિયારાની જગ્યા વધારે અનુકૂળ પડશે. બે ત્રણ કલાકને અંતરે થોડું થોડું પાણી ઉપર ઢાંકેલા ઝીણા કપડા પર છાંટતા રહેવાથી વધારે સારાં પરિણામો આવશે. પાણી છાંટવામાં અતિરેક ન થાય તે ખૂબ મહત્ત્વનું છે.

બહુ સાદા વૈજ્ઞાનિક સિદ્ધાંત પર આ ફ્રિજીડેર કામ કરે છે એ તો હવે સમજાઈ ગયું હશે. માટીના ગુંબજ પરના કપડાના છેડા કેશાકર્ષણથી ભેજ ઉપર ખેંચ્યા કરે છે. આ ભેજનું બાષ્પીભવન ચાલુ રહે છે અને તે ક્રિયામાં વાસણની અંદરના ભાગની ગરમીનો ઉપયોગ થયા કરે છે. આ કારણથી અંદરની ગરમી ઓછી થતી જાય છે અને જાળવવા રાખેલી ચીજો લાંબા સમય સુધી બગડતી નથી. મેં આશ્રમમાં કરેલા પ્રયોગો મુજબ કોથમીર જેવી નાજુક ભાજી પાંચથી છ દિવસ સુધી એમાં તાજી રહી શકે છે અને મેથીની ભાજી, રીંગણાં, ટમેટાં વગેરે શાકભાજી એક અઠવાડિયા સુધી. પાનના શોખીનો માટે તો આ ફ્રિજીડેર આશીર્વાદરૂપ નીવડશે. મેં તો પ્રયોગ ખાતર તૈયાર કરેલાં પાન પણ પાંચથી છ દિવસ રાખેલાં અને છેવટે બાળકોની ધીરજ ખૂટવાથી તે ખાઈ ગયાં! દૂધનું વાસણ રાખીને પ્રયોગ કરતાં જોવામાં આવ્યું કે ચાલુ મોસમમાં-હવે ઠીક ઠીક ગરમી પડે છે ત્યારે–છત્રીસ કલાક સુધી દૂધ નથી બગડતું. આમ અત્યાર સુધીનાં પરિણામો સારી રીતે સંતોષજનક ગણી શકાય.

(ફૂલછાબ) —અકબરભાઈ નાગોરી

દાંતના આરોગ્ય માટે તેલના કોગળા

આજે આપણા દાંત જુઓ. ઘણાંના મોં વાસ મારતાં હોય છે. દાંતના ડૉકટરો પાસે જઇ દાંત કઢાવીને દાંતનાં ચોકઠાં લેવામાં આવે છે, પરન્તુ દાંતની સંભાળ માટે જે કરવા જેવું છે તે કયાંય જોવામાં નથી આવતું. આયુર્વેદ કહે છે કે જેમ એક જાતનો ખોરાક રોજ રોજ ન હોય તેમ દાતણો પણ એક જ પ્રકારનાં નહિ, પરન્તુ ભિન્ન ભિન્ન રસવાળાં હોવાં જોઇએ. તૂરા રસ માટે ઉત્તમ દાતણો ખેર, બાવળ, આવળ, તીખા રસ માટે ઉત્તમ દાતણ કણઝીનું, કડવા રસ માટે ઉત્તમ દાતણ લીમડાનું, મધુર રસ માટે મહુડાનું અને બોરસલીનું—આમ વિવિધ રસનાં દાતણો કરવાં જોઇએ એ કોણ જાણે છે? પાણિયારામાં પડ્યાંપડ્યાં કાળાં મેંસ જેવાં થઇ ગએલાં વાસી બાવળનાં દાતણ કરવા કરતાં દાતણ ન કરવું એ જ સારું છે. દાતણના કૂચા સાથે હિમાલયમાં થતા તેજબલની છાલનું, અંદર કપૂર લવિંગ વગેરે સુગંધી પદાર્થો નાખીને બનાવેલું મંજન વાપરવું જોઇએ. મુખશુદ્ધિ પછી તૈલગણ્ડૂષ–મોંમાં જરા પણ જગો બાકી ન રહે એવો મોટો તલના તેલનો કોગળો ભરવો. તે ભરીને ૧૦-૧૫ મિનિટ બેસી રહેવું, પછી મુખ ધોઇ કાઢવું. આયુર્વેદ કહે છે કે જે માણસ રોજ તૈલગણ્ડૂષ–તેલના કોગળા કરે છે તેનાં જડબાંનાં હાડકાં મજબૂત રહે છે, સ્વર સારો રહે છે, મોઢું સુંદર ભરાવદાર રહે છે, રસનું સૂક્ષ્મ જ્ઞાન થઇ શકે છે, અન્ન ઉપર ઉત્તમ રુચિ જન્મે છે, એને કદી કંઠશોષ કે હોઠ ફાટવાનો ભય રહેતો નથી, એના દાંત મરતાં સુધી બગડતા નથી અને દૃઢ મૂળવાળા થાય છે, દાંતમાં એને કદી ચસકા મારતા નથી, ગમે તેવા ખાટા પદાર્થો ખાવાથી પણ એના દાંત અંબાતા નથી ને કઠિન પદાર્થો તે સહેલાઈથી ચાવી શકે છે. બચપણથી જ પ્રત્યેક માબાપ બાળકને આ ટેવ પાડે. પોતે પણ આ તૈલગણ્ડૂષ કરે તો આજે જે દાંતનાં ચોકઠાં જોવા મળે છે તે ભાગ્યે જ જોવામાં આવે, દાંતના ડૉકટરોની જરૂર મુદ્દલ ન રહે. પ્રાથમિક શાળાઓમાંથી જ આ માટે ભાર મૂકવો જોઇએ. આપણાં પાઠ્ય પુસ્તકોમાં આ વાતોનો સમાવેશ શે ન હોય? —બાપાલાલ ગ. વૈદ્ય

વધુમાં વધુ છોકરાંનો બાપ

આ વીસમી સદીમાં, એક જ માતપિતાને ત્યાં જન્મેલાં વધુમાં વધુ બાળકો એક સ્કૉટને ત્યાં જન્મ્યાં છે. તેને ત્યાં ૪૪ છોકરાં છે. તેના ૩૩ વર્ષના પરિણીત જીવનમાં ૧૩ વાર જોડકાં બાળકો અને ૬ વાર ત્રણ ત્રણ એમ કુલ્લે ૪૪ બાળકો જન્મેલાં! અત્યારે જ જીવતાં માણસોમાં સૌથી વધુ બાળકોનો પિતા જ્યૉર્જ બેરી છે, જે ઑકલાહોમા(અમેરિકા)નો ખેડૂત છે. તેને ૩૮ છોકરાં છે, જેમાં એક વાર પાંચ સાથે જન્મેલાં, બીજી વાર ચાર સાથે, ત્રણ વાર ત્રણ ત્રણ, પાંચ વાર જોડકાં અને ૧૦ વાર એક એક બાળકની જ પ્રસૂતિ થએલી છે.

ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરી, અમદાવાદ
(આપણી વિજ્ઞાન-સંસ્થાઓ–૧૪)



૧૯૪૭ની વાત. કૉસ્મિક કિરણોનો અભ્યાસ કરવા માટે એક પ્રયોગશાળા કર્મક્ષેત્ર એડ્યુકેશનલ ફાઉન્ડેશન (સારાભાઈ કુટુંબ) તરફથી શાહીબાગમાં એક નાના મકાનમાં શરૂ કરવામાં આવી. અને શેઠ અંબાલાલ સારાભાઈના પુત્ર ડૉ. વિક્રમે સંશોધનના ક્ષેત્રમાં પગલાં માંડચાં. આ નાનકડી શરૂઆતે સૌનું ધ્યાન ખેંચ્યું. અમદાવાદ અને ગુજરાતની સાંસ્કૃતિક ખિલવણીમાં અગ્રગણ્ય ભાગ લેતી અમદાવાદ એડ્યુકેશન સોસાએટીએ આ પ્રયોગશાળામાં રસ લેવા માંડચો. ૧૯૪૮માં સોસાએટીએ પ્રયોગશાળા પોતાને હસ્તક લીધી અને વાતાવરણના ભૌતિક વિજ્ઞાન(ઍટ્મૉસ્ફેરિક ફીઝિક્સ)નો એક વિભાગ કાઢી તેની પ્રવૃત્તિઓની મર્યાદા વિસ્તારી. નવું મકાન તૈયાર થાય ત્યાં સુધી એમ. જી. સાયન્સ ઇન્સ્ટીટ્યૂટની એક પાંખમાં તેને જગ્યા મળી અને ડૉ. કે. આર. રામનાથન તેના નિયામક નિમાયા.

સંસ્થાના મુખ્ય સંશોધકો—ડૉ. વિક્રમ અને ડૉ. રામનાથન—જે વિષયમાં રસ લેતા હતા તેને અનુષંગી સંશોધનનો કાર્યક્રમ શરૂઆતમાં યોજવામાં આવ્યો. સૂર્યમાંથી અલ્ટ્રા–વાયોલેટ કિરણો વડે વાતાવરણમાં ૧૫ થી ૩૦ માઈલના વિસ્તારમાં પેદા થતા ઓઝોન નામના વાયુ અંગેના સંશોધનમાં, તેમજ કૉસ્મિક કિરણોના સામયિક ફેરફારોનાં કારણો શોધવામાં ડૉ. રામનાથનને અને ડૉ. વિક્રમને રસ હતો. પરંતુ પ્રકાશ, કૉસ્મિક કિરણો અને અલ્ટ્રા વાયોલેટ કિરણો, આ બધાં આપણી પૃથ્વીને અખિલ વિશ્વની સાથેના જે સંસર્ગો છે તેમાંના કેટલાક અંશો છે. રેડિયોનાં મોજાં તેમજ બીજાં કિરણો પૃથ્વીની બહારથી આવે છે, અને તેને સ્પર્શે છે. ટૂંકમાં, રેડિયો–ખગોળના અભ્યાસથી વિશ્વને લગતા આપણા જ્ઞાનમાં નૂતન અને આકર્ષક દૃષ્ટિબિંદુ ઉમેરાયું છે. એટલે અનેક વિચારણાઓ બાદ, જુદીજુદી જાતનાં પ્રકાશ-કિરણો જે આપણી પૃથ્વી પર આવે છે એ બધાંના અન્વેષણ અંગે સમન્વિત કાર્ય હાથ ધરવામાં આવે તો સારું પરિણામ આવે એમ નક્કી થયું. આ હેતુ બર લાવવા સૈદ્ધાંતિક ભૌતિક વિજ્ઞાન, રેડિયો અને ઇલેક્ટ્રૉનિક્સ વિજ્ઞાનનો અભ્યાસ થાય એવી સગવડો કરવી જોઇએ. એટલે ઍટમિક એનર્જી કમિશન પાસે આયોજના રજૂ કરવામાં આવી અને નાણાંકીય મદદ માટે માગણી કરવામાં આવી. ૧૯૪૯માં આ માગણી સ્વીકારવામાં આવી અને ૧૯૫૦માં પ્રયોગશાળા માટે કાઉન્સિલ ઑવ મૅનેજમેન્ટની રચના થઈ. ૧૯૫૨માં નવા મકાનનો પાયો નાખવામાં આવ્યો અને ૧૯૫૪ના એપ્રિલમાં વડા પ્રધાને તેનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રયોગશાળાનું મકાન ગુજરાત યુનિવર્સિટીની પાછળ આવેલું છે.

આ પ્રયોગશાળાનો મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ પશ્ચિમ હિંદમાં ભૌતિક વિજ્ઞાનના અનુસ્નાતક અભ્યાસ માટે એક કેન્દ્ર તરીકે કામ કરવાનો, અને સૈદ્ધાંતિક તેમજ પ્રયોગાત્મક ભૌતિક વિજ્ઞાનમાં સંશોધનની તાલીમ આપવાનો છે. અત્યારે દેશના જુદાજુદા ભાગોમાંથી આવેલા ૩૦ ઉપરાંત સંશોધકો અહીં કામ કરે છે. ગુજરાત યુનિવર્સિટીએ આ પ્રયોગશાળાને ઉચ્ચ અભ્યાસ અને સંશોધન માટે માન્ય રાખી છે. વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પણ ફી લેવામાં આવતી નથી, ઊલટું લગભગ દરેકને શિષ્યવૃત્તિઓ અથવા ફેલોશિપ આપવામાં આવે છે.

પ્રયોગશાળાનું કામ ચાર વિભાગોમાં ચાલે છે: (૧) વાતાવરણનું ભૌતિક વિજ્ઞાન (૨) કૉસ્મિક કિરણ-વિભાગ, (૩) સૈદ્ધાંતિક ભૌતિક વિજ્ઞાન-વિભાગ અને (૪) રેડિયો ઇલેક્ટ્રૉનિક્સ-વિભાગ.

પ્રથમ વિભાગમાં વાતાવરણના ઉપરના થરોમાં થતાં દબાણ, ઉષ્ણતામાન વગેરે ફેરફારોનો અભ્યાસ થાય છે. હિંદના હવામાનખાતા તેમજ આંતરરાષ્ટ્રીય ઓઝોન કમિશન સાથે આ વિભાગ સહકારપૂર્વક કાર્ય કરે છે. ડૉ. રામનાથન આ વિષયમાં દુનિયામાં ખ્યાત છે. જર્નલ ઑવ ઇન્ડસ્ટ્રીઅલ અને સાયન્ટિફિક રીસર્ચમાં દરેક મહિને આ લૅબોરેટરીમાંથી આયોનોસ્ફિયરને લગતા આંકડા પ્રકટ થાય છે.

બીજા વિભાગમાં ડૉ. વિક્રમ સારાભાઈ કૉસ્મિક કિરણો પર સંશોધન કરે છે. તેને લગતી આધુનિક સાધન-સામગ્રી ત્યાં વસાવેલી છે. આ સંશોધનનાં પરિણામો ડૉ. વિક્રમે પરદેશોનાં વિજ્ઞાનનાં માસિકોમાં પ્રકટ કરેલાં છે. આ વિભાગોમાંથી બધા થઇને ૪ પીએચ. ડી. અને ૯ એમ. એસસી. બહાર પડ્યા છે. આમ ટૂંક સમયના ગાળામાં આ પ્રયોગશાળાએ સારી પ્રગતિ સાધી છે. **નરસિંહ મૂ. શાહ**

આત્મઘાત

ગયા જાન્યુઆરીથી મે માસ દરમિયાનના પાંચ મહિનામાં જાપાનમાં ૮૦૯૫ આત્મઘાત થયા; એટલે કે સરાસરી રોજના ૫૪ જાપાનીઓ આત્મઘાત કરે છે. આ સંખ્યા વધારે કહી શકાય, છતાં સ્વિટ્ઝરલૅન્ડ, ડેન્માર્ક અને ઑસ્ટ્રિયા કરતાં આ આંકડા ઓછા ગણી શકાય. પશ્ચિમ જર્મનીમાં જાપાન જેટલો જ આત્મઘાતનો સરાસરી આંકડો છે.

રંગનું વિજ્ઞાન

રંગના ફેરફારથી શાં પરિણામ આવે તે વિષે ખાસ કરીને અમેરિકામાં હમણાં ખૂબ સંશોધન થયું છે. તેમાં લાલ રંગ ખાસ કરીને વ્યાયામ-શોખીનોને પ્રિય હોય છે. તે રંગ હમેશાં પ્રવૃત્તિ તથા તરવરાટ માગી લે છે. લાલ પૂઠાંવાળી ચોપડીઓ પણ વધારે જ વેચાય છે.

પીળો રંગ સ્પષ્ટ વિચારસરણી બતાવે છે. લીલો રંગ શાંત છે. લંડનના એક પુલ ઉપરથી ખૂબ જ આત્મઘાત થતા. તેનો રંગ લીલો કર્યા બાદ તેમાં ત્રીજા ભાગનો ઘટાડો થઇ ગયો!

આછો આસમાની રંગ ઠંડો છે. પરંતુ તેને જ બદલે જો નારંગી રંગનો ઓરડો હોય તો ત્યાં તાપ લાગશે. સર્જનો માટે લીલાશપડતો વાદળી રંગ ખૂબ અનુકૂળ છે કારણ કે તેનાથી આંખને આરામ મળે છે અને હાથ પણ ધ્રૂજ્યા વિના કામ કરી શકે છે. જો સિમેન્ટના રસ્તાઓ આછા નારંગી રંગાય તો અકસ્માતો ઘણા જ ઓછા થાય.

કોઈ પણ તેજસ્વી વસ્તુ કાળી ભોંય પર મૂકવાથી તે હોય તેના કરતાં મોટી જ જણાશે. વાદળી રંગની પેટી હમેશાં હોય તેના કરતાં વધુ વજનદાર લાગશે અને આછા પીળા રંગની પેટી હલકી જણાશે! તેજસ્વી લાલ અને પીળા રંગની સપાટી હમેશાં હોય તેનાથી મોટી જ આપણે ધારીશું અને લીલા–આસમાની રંગની ઓછી જ લાગશે.

સામાન્ય રીતે લાલ રંગ અખાડીઅનોનો, વાદળી રંગ બુદ્ધિશાળીઓનો, પીળો આત્મશ્લાઘીઓનો અને નારંગી આનંદી માણસોનો પ્રિય રંગ કહી શકાય. —સાધુરામ દવે

ઈંજેક્શનની પીડા ન કરે તેવી સોય

તબીબો, શસ્ત્રવૈદો, દન્તવૈદો વગેરે સહેલાઇથી અને વગર પીડાએ ઇન્જેક્શનો આપી શકે તેવી 'એનેલ્જિક' નામની સોય બ્રિટનમાં તાજેતરમાં તૈયાર કરવામાં આવેલી છે. એની ખૂબી એની અણીમાં રહેલી છે. ઈંજેક્શનની હાલ વપરાતી સોયની અણી લખવાની ટાંક જેવી હોય છે, જ્યારે આ સોયની અણી ગોળ ને પ્રમાણમાં બુઠ્ઠી હોય છે; પણ તેની બધી બાજુઓ ખૂબ ધારદાર હોય છે અને તેથી તે શરીરમાં ઘોંચવામાં આવે એટલે તેનાથી ઠીકઠીક મોટું કાણું પડે છે, તેમાં સોય સહેલાઇથી પેસી જાય છે અને બિલકુલ પીડા કરતી નથી.

'સ્ટેઈન્ડ ગ્લાસ'—રંગીન કાચ—ની કલા

કાચની બનાવટમાં વિવિધ ધાતુઓના ઑક્સાઈડ મિલાવીને કે તેના પરરંગોના મીના ચડાવીને બનાવેલા રંગીન કાચ, મહેલ-મહેલાતો—અને યુરોપમાં ખાસ કરીને દેવળોની બારીઓમાં જૂના વખતમાં જડવામાં આવતા. પરંતુ યુરોપમાં તો તેની એક વિશિષ્ટ કલા મધ્ય યુગમાં ખીલી : જેમાં દેવળો કે જાહેર મકાનોમાં, બાઈબલ તથા પુરાણોની બોધકથાઓના પ્રસંગો તથા પાત્રો, તેમજ ઉન્નત ભાવ પ્રેરતાં ચિત્રો વિવિધ રંગના કાચના ટુકડાઓ વડે ચોડીને તેની મોટી બારીઓ જ બનાવવામાં આવતી. ઊંચાં દેવળો, ટાઉન હાલ વગેરેની વિશાળ ભીંતોના છતની નીચેના ગાળાઓમાં રચેલી આવી રંગીન કાચની બારીઓ (જે અંગ્રેજીમાં 'સ્ટેઈન્ડ ગ્લાસ વિંડોઝ' નામથી જાણીતી છે) મકાનનું એક મોઘું સુશોભન અને આભૂષણ ગણાય છે, અને એવી બારીઓની રચના એ એક ઊંચો કલાપ્રકાર લેખાય છે. મધ્ય યુગમાં ખૂબ ઉન્નત કક્ષાએ પહોંચીને વચ્ચે આથમી ગએલો આ કલાપ્રકાર આ યુગમાં પાછો યુરોપ-અમેરિકામાં પુનરુજ્જીવન પામતો જાય છે. અમેરિકામાં હાલ દેવળો બાંધવાનું કાર્ય ખૂબ વેગથી શરૂ થયું હોઈ લગભગ બે હજાર જેટલા અમેરિકન કલાકારોની આ એક દેશવ્યાપી પ્રવૃત્તિ થઈ પડી છે. તેમાં પ્રથમ તો, જેવી બારી કરવી હોય તેનો હૂબહૂ ખયાલ આપતું નાના કદનું પણ પૂરુંરંગી ચિત્ર તૈયાર કરીને પછી તે પરથી, એ બારીના જ કદનું મોટું ચિત્ર કરવામાં આવે છે. એવો એક ફોટો સામે આપ્યો છે. ચિત્રમાં આવતા વિવિધ રંગોના, તથા સળંગ આકૃતિઓને જે રીતના ટુકડાથી ઉતારવી હોય તે રીતના સાંધા જ્યાં કરવા પડે ત્યાં તે દાખવતી રેખાઓ પણ એમાં જણાશે.

(આ કલાપ્રકાર સમજાવતો એક વિસ્તૃત અને પુષ્કળ ચિત્રો સાથેનો લેખ 'કુમાર' માટે તૈયાર થાય છે.)



માનવશરીર

તમને ખયાલ નહિ હોય, પરંતુ વિજ્ઞાને એ શોધી કાઢયું છે કે દરેક માણસના માથા પર એની ઉમરના પ્રમાણમાં આશરે ૯૦ હજારથી માંડીને ૧ લાખ ૪૦ હજારની સંખ્યા સુધીના વાળ હોય છે. શરીરમાં વ્યાપેલી શિરાઓ માથાથી શરૂ કરીને પીઠ સુધીમાં જ ૧૪૦ અબજ જેટલી થઈ જાય છે. શરીરમાં રહેલા પરસેવાને શરીરની બહાર ફેંકતી ગ્રંથિઓની સંખ્યા ૩૦ લાખ જેટલી છે. તેમાંથી ફક્ત પગના તળિયાની અંદર જ બે લાખથી અધિક ગ્રંથિઓ સમાએલી છે. આ ઉપરાંત શરીરમાં લગભગ ૨૨૨ હાડકાં છે; જ્યારે સાત રતલ રક્ત શરીરમાં ફેલાએલી અસંખ્ય રક્તવાહિનીઓ દ્વારા વહેતું રહી શરીરને જીવંત અને તાજગીભર્યુ રાખી રહ્યું છે.



યુનાઇટેડ નેશન્સની નવી ટિકિટ : 'પૃથ્વીના નકશા પર ઊડતી પાંખો'ના આલેખનવાળી આ નવી ટિકિટ ગઈ ૯મી ફેબ્રુઆરીએ યુનાઇટેડ નેશન્સ(સંયુક્ત રાષ્ટ્ર સંઘ)ના ઈન્ટરનૅશનલ સિવિક ઍવીએશન ઑર્ગેનિઝેશન નામના વિભાગની ૧૦મી જયંતી નિમિત્તે યૂનો તરફથી બહાર પડી છે. એન્જેલ મેડીના મેડીના નામક ઉરુગ્વાયન કલાકારની એ કૃતિ છે.

હેલન કેલર (અનુ૦ પૃ. ૮૧થી ચાલુ) અણગમો જન્મતો, છતાં તે સૌનો વીરતાપૂર્વક સામનો કરી, તેમને નામોશીપૂર્વક હરાવી તેણે હમેશાં પોતાનો વિજય જ નોંધાવ્યો. અને આમ અખંડ ઉપાસના તથા પુરુષાર્થ ખેડીને હેલન કેલરે બી. એ., એલએલ. ડી. અને ડી. લિટ્‌ની ડિગ્રીઓ પ્રાપ્ત કરી છે.

ઇતિહાસ, કાવ્ય, નાટક, બાઈબલ, ફ્રેન્ચ, જર્મન: આ હતા હેલનના કિશોરકાળ દરમ્યાનના પ્રિય વિષયો. પુસ્તકો સાથેની પોતાની મૈત્રી જણાવતાં હેલન કહે છે: 'એક શબ્દમાં કહું કે સાહિત્ય મારું મનોરાજ્ય છે. એમાં હું બહિષ્કૃત નથી. અપંગતાનું એકે બંધન મારાં પુસ્તકમિત્રો જોડે મીઠી મજાની ગોઠડી કરવામાં મને રોકતું નથી. કશી ય અકળામણ કે અતડાઈ વિના તેઓ મારી જોડે વાત કરે છે.' છતાં વાચન એ જ એમનું એકમાત્ર આનંદસાધન નથી. એમનાં આનંદ અને રંજનનાં બીજાં અનેક અને વિવિધ છે.

ઈ.૧૯૩૬માં હેલનના જીવનમાં એક અત્યંત શોકજનક પ્રસંગ બની ગયો. એમનાં આજીવન શિક્ષિકા આન સલિવનનું અવસાન થયું ત્યાર પછીથી તેઓ પોતાનાં મિત્ર અને મંત્રી કુ. પૉલી ટૉમસનની સાથે રહ્યાં છે અને પહેલાંના જેટલો જ પરિશ્રમ આજે પણ ઉઠાવે છે. પૉલી ટૉમસનની સહાયથી તેઓ વાતચીત કરી શકે છે. એમને જે પ્રશ્નો પુછાય તે ટૉમસન એમના હાથમાં આંગળાં વડે સમજાવી આપે છે. હેલન પાસે સાચા માણસની બોલી સાંભળવાનો બીજો એક માર્ગ પણ છે, જેમાં, આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે તેઓ બોલનારના મોઢા ઉપર પોતાનાં આંગળાં મૂકે છે અને એ રીતે એની વાણી સમજી જાય છે. ઘણુંખરું જ્ઞાન તેઓ પોતાનાં આંગળાંનાં ટેરવા વડે જ મેળવી શક્યાં છે. હેલનનાં હમેશનાં સાથી પૉલી ટૉમસન પણ તે નાનાં હતાં ત્યારથી જ તેમની સાથે છે. છેલ્લાં ૩૯ વરસથી તેઓ હેલનનાં વફાદાર મિત્ર, વિશ્વાસુ ગૃહરક્ષક અને સ્નેહાળ સ્વજન બનીને રહ્યાં છે.

હેલન કેલરે કેટલાંક પુસ્તકો લખ્યાં છે ને ૧૯૩૮થી એક સામયિક પણ ચલાવે છે. તેમનું પહેલું પુસ્તક 'સ્ટૉરી ઑાવ માઈ લાઈફ' ૧૯૩૨-ની સાલમાં લખાયું હતું. તેમાં તેમનાં ૨૧ વરસ સુધીની જીવનકથા આવે છે. તેની આગળની કથા 'મિડ સ્ટ્રીમ' ૧૯૩૦માં લખાએલી. તે ઉપરાંત તેમનાં પુસ્તકો છે: 'ઑપ્ટિમિઝમ'(૧૯૩૦); 'ધ વર્લ્ડ આઈ લિવ ઇન'(૧૯૦૮); 'ધ સૉંગ ઑાવ ધ સ્ટોન વૉલ'(૧૯૧૦); 'આઉટ ઑાવ ધ ડાર્ક' (૧૯૧૩); 'માઈ રીલીજિયન' (૧૯૨૭); 'લેટ અસ હૅવ ફેઈથ' (૧૯૪૦).

હેલન કેલર કોઈ પણ વસ્તુને માત્ર સ્પર્શ વડે તરત જ પારખી લે છે. નાનપણમાં પતંગિયાંની પાંખોનો સ્પર્શ કરીને એનાં સૌંદર્ય ને નાજુકાઇનો ખયાલ એમણે મેળવેલો. હાથીની વિશાળતા ને વિચિત્રતાનો અભ્યાસ તેમણે એની આજુબાજુ એક કલાક ફરીને અને સ્પર્શ કરીને મેળવેલો. જ્યારે વૃન્દવાદન થતું હોય ત્યારે હવામાં ઊડતાં અવાજનાં મોજાંને પોતાની સ્પર્શેન્દ્રિયથી ઝીલીને તેઓ સંગીતની મોજ માણે છે. કોઈ ઠેકાણે હેલન કેલર બેઠાં હોય તો એમની પાસેથી આવજા કરનારા માણસોની, જમીન પર પગ ઠોકવાથી થતા અવાજોની ધ્રુજારી તેઓ પકડી લે છે અને એ ઉપરથી એ માણસની મનોવૃત્તિ, એ દુ:ખી છે કે આનંદમાં વગેરેનું તેઓ માપ કાઢી લે છે!

ચક્ષુરિન્દ્રિય અને શ્રવણેન્દ્રિય કુંઠિત થઈ ગઈ હોવાને કારણે એમની સ્પર્શેન્દ્રિય જ નહિ, પણ ઘ્રાણેન્દ્રિય અને રસેન્દ્રિય પણ વધારે સતેજ બની છે. એમની આ ત્રણે જ્ઞાનેન્દ્રિયો અસાધારણ પ્રમાણમાં જાગૃત અને તીવ્ર રહે છે. એક વેળા તેઓ લંડનમાં ફરતાં હતાં ત્યારે ઘાસની સુગંધ સાથે બળતાં પાંદડાંની ગંધ પારખી જઇને તુરત જ તેઓ સમજી ગએલાં કે ગ્રીન પાર્કમાં હું ઊભી છું. ન્યૂ યૉર્કમાં પોતે ફિફ્થ ઍવન્યુમાંથી પસાર થતાં હોય ત્યારે બારણાંઓમાંથી આવતી ગંધ વડે તેઓ એ લત્તાને ઓળખી કાઢે છે.

એક બસમાં મુસાફરી કરતાં અચાનક હેલન કહે આ બસમાં કોઈ રંગારો છે. અને ખરેખર, એમનાથી વીસેક ફૂટ દૂર એક રંગારો બેઠો હતો! એમની પાસે બેસીને કોઈ સ્ત્રી પાઉડર, લિપસ્ટિક કે એવું કાંઇ લગાડતી હોય તો એની વાસ ઉપરથી જ એ સ્ત્રી કઈ જાતનો પાઉડર કે લિપસ્ટિક લગાડે છે તે તેઓ કહી શકે છે. ઘરમાં તેલ, મીણબત્તી કે કોલસા બળે છે તે પણ એની વાસ પરથી તેઓ કહી શકે છે. એમના હાથમાં સફેદ કમળ અને લાલ કમળ આપવામાં આવે તો એની વાસમાં રહેલા ફેર ઉપરથી તથા એની પાંખડીના ઘડતરમાં રહેલા સૂક્ષ્મ ફેર ઉપરથી પણ કયું લાલ અને કયું ધોળું કમળ છે તે તેઓ કહી શકે છે!

હાલ હેલન કેલર અમેરિકાના કનેકટિકટ પ્રદેશનાં પૂર્વીય જંગલો માંહેના સુખદ અને શાંત નિવાસસ્થળે રહે છે. એમના ઘરનો બગીચો અને એમાં ફરવાના રસ્તા વાળીઝૂડીને સાફ રખાએલા હોય છે. હેલન જાતે જ એ કામ કરે છે. રોજ સવારે પાંચ વાગ્યે ઊઠીને ફૂલના ક્યારામાંનાં ઝાંખરાં કાઢી નાખવાનું અને બીજી વાળઝૂડ કરવાનું કામ પણ એમનું જ. સતત જલતી રહેતી જ્યોતવાળું આઠ ફૂટ ઊંચું પથ્થરનું એક જાપાનીઝ ફાનસ ત્યાંના ઘાસના મેદાનને એક ખૂણે ઊભું છે, આ પ્રતિભાવંતી વ્યક્તિની હયાતીને સૂચવતું.

હેલન રોજના સરેરાશ દસ કલાક કામ કરે છે. સવારના નવ વાગતાં પહેલાં તેઓ પોતાના લેખનમેજ ઉપર બેસી જાય છે. એમણે દસ પુસ્તકો ઉપરાંત અખબારો અને સામયિકોમાં અસંખ્ય લેખો લખ્યા છે. ઉપરાંત તેઓ પોતાનાં પ્રવચનો તૈયાર કરે છે. રોજેરોજ દુનિયાભરમાંથી આવતા પત્રોના તેઓ ઉત્તર આપે છે. મહત્ત્વના પત્રો એમના મંત્રીઓ બ્રેઇલ ભાષામાં ઉતારીને રજૂ કરે છે, અને તેઓ પોતે જ પોતાના બ્રેઇલ ટાઈપરાઈટર પર એના ઉત્તરો લખે છે! દર મહિને એમને બ્રેઈલ લિપિમાં છપાએલાં છ સામયિકો ઉપરાંત ઇંગ્લંડથી 'વર્લ્ડ ડાઈજેસ્ટ' અને પારીસથી ફ્રેન્ચ ભાષાનું એક સામયિક આવે છે.

અંધ લોકો માટે શ્રીમતી કેલરે બજાવેલી નિ:સ્વાર્થ સેવાઓની જનતાએ કદર કરી છે. એમના જીવનની દરેક ક્ષણ અપંગોની સેવા અને તેમના ઉત્કર્ષની વિચારણા, યોજના અને કાર્યો પાછળ જ જાણે કે વીતી રહી છે. બધા જ દેશોએ આ મહાન મહિલાનું બહુમાન કર્યું છે. નાનપણથી જ તેઓ જગત્પ્રખ્યાત બનેલાં. પોતાની વિશ્વપ્રસિદ્ધ આત્મકથા તેમણે પચીસ વર્ષની ઉંમરે લખેલી. એમના મિત્રવર્તુળમાં દુનિયાની મહાન વ્યક્તિઓનો સમાવેશ થાય છે: બર્નાર્ડ શૉ, આલ્બર્ટ આઈન્સ્ટાઈન, ઑલિવર વેન્ડેલ હોમ્સ, શિલ્પી જો ડેવિસન અને ગ્રોવર ક્લીવલૅન્ડ પછીના અમેરિકાના બધા જ પ્રમુખો.

હેલન કેલરને દેશપરદેશમાંથી અનેક ઇનામો ને ખિતાબો એનાયત થએલા છે. ઈ. ૧૯૩૧માં ૫૦૦૦ ડૉલરનું 'સિદ્ધિ પારિતોષક' ('ઍચીવમેન્ટ પ્રાઈઝ') અમેરિકાની અંધ સંસ્થા માટે એક લાખ ડૉલર ઉઘરાવી આપવા માટે તેમને મળેલું, જે તે સંસ્થાને જ તેમણે અર્પણ કર્યું. 'યુનાઇટેડ સ્ટેટ્સ એડ્યુકેશનલ એસોસીએશન' તરફથી ૧૯૩૮માં તેમને સુવર્ણપારિતોષિક મળેલું. ૧૯૪૧માં મહિલાઓની ક્લબોના આંતરરાષ્ટ્રીય મંડળે તેમને અપંગોની સૌથી આગળપડતી અને અપૂર્વ સેવા કરવા બદલ માનપત્ર એનાયત કર્યું. ફિલાડેલ્ફિયાની ટેમ્પલ યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑાવ હ્યુમન લેટર્સ'ની અને ગ્લાસગો યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑાવ લૉઝ'ની ડિગ્રીઓથી તેમને નવાજ્યાં છે. બે વર્ષ અગાઉ 'ફ્રેન્ચ લીજિયન ઑાવ ઑાનર' અને 'લૅબેનન ગોલ્ડ મેડલ ઑાવ મેરિટ'થી તેમને નવાજવામાં આવેલાં. (અનું૦ પૃ. ૧૨૧મે)

ઘેરી લિયે કંટક છો ગુલાબને;
ના આંચ આવે કશીયે સુવાસને.

—ચન્દ્રશેખર ઠક્કર

પોતે જમતા હતા ત્યાં આવી ચડેલા એક ભૂખ્યા વૃદ્ધને સંત ઇબ્રાહીમે થોડું ખાવાનું આપ્યું. તે વૃદ્ધે તરત જ ખાવું શરૂ કર્યું, આથી સંતે તેને કહ્યું: 'ખુદાની બંદગી પણ જમતાં પહેલાં ન કરી?' વૃદ્ધ ચિડાઇને બોલ્યો: 'હું ખુદામાં માનતો જ નથી.' આ નાસ્તિકતા સહન ન થવાથી સંતે તેને ત્યાંથી હાંકી કાઢયો. તે રાતે જ સંતને સ્વપ્નું આવ્યું તેમાં એક દેવદૂત તેમને કહી રહ્યો હતો: 'પેલા વૃદ્ધની નાસ્તિકતા ખુદા તો સો વરસથી સહી રહ્યો છે; તમે ક્ષણ પણ સહી ન શકયા?' આ પછી એ સંતે કદી ચિત્ત પરનો કાબૂ ગુમાવ્યો નહિ.

અનેકાર્થી શબ્દ: **ટંક**=નક્કી કરેલો વખત; સિક્કો કે પૈસો; પૈસાભાર, ટાંક; રોકડ, નગદ; કાંઠા તૂટી ગએલું તળાવ; ટંકણખાર; પથ્થર કાપવાનું ટાંકણું; આંબા તેમજ હાથીની એક જાત; કુહાડો; કોદાળી જેવું ખોદવાનું સાધન, ક્રોધ; ખજાનો; જાંઘ; તલવાર કે તેનું મ્યાન; પર્વતની ટોચ; મોતીના વજનમાં ૨૧ા રતીનું માપ; જમીનની ફાટ; લોઢાની પેટી; જરાક.

કહેવતોના અર્થ: 'મૂઇ પાડી તે લાભમાં લેખું.' કોઈ પણ નુકસાનથી નિરાશ ન થતાં તેમાંથી જે કાંઈ બચાવી કે લાભ મેળવી શકાય તેવું હોય તેને ગનીમત ગણવાનું આ કહેવત પ્રબોધે છે, અને મોંઘા મૂલની પાડી મરી ગઇ તેનું દુઃખ લગાડવા ન બેસતાં તેના ચામડાના પૈસા તો છેવટ મળશે, એવી ધરપત ધરનાર કણબીનું ઉદાહરણ દાખવે છે. એને મળતાં બીજાં કથન: 'આગ લગંતે ઝૂંપડે જે નીકળ્યું તે લાભ.' વગેરે.

બળદ બહુ થાકી જાય ત્યારે તેને પરસેવો વળતો નથી; મોઢે ફીણ વળે છે. (૨૫)

પૃથ્વીના ઉત્તરદક્ષિણ ધ્રુવના બે છેડાઓમાંથી સામસામો અદૃશ્ય વિદ્યુત્પ્રવાહ સદા વહ્યા જ કરે છે ને તેની અસર પૃથ્વી પરની દરેક ચીજ પર થાય છે. તમારી છરી કાતર કે બીજાં હથિયાર, ઉત્તરદક્ષિણ દિશામાં સામસામા છેડા રહે તેમ મૂકશો તો ધાર સારી રહેશે.

ઝાંખાં પડી ગએલાં પિત્તળનાં વાસણો પર હરડાંનો લોટ ચોપડીને ઊટકવાથી ખૂબ ચળકાટ નીકળશે.

આંબાનાં સૂકાં ફૂલ(મોર)નું ચૂર્ણ ગમે તેવો જૂનો મરડો મટાડે છે. (૨૫)



અવ્યવસ્થિત રીતે પડેલા રૂમાલમાં પંખીની આકૃતિ

ગણિતગમ્મત

તો અનેક જોઇ છે; એમાં આ એક વધારે: ૧૪૨,૮૫૭ આ રકમ જાદુઈ લાગે છે. એને બે વડે ગુણી જુઓ: જવાબ ૨૮૫૭૧૪. એટલે કે આંકડા પણ એ અને ક્રમ પણ એનો એ; ફેર એટલો કે શરૂઆત બગડાથી થઈ. હવે ત્રણે ગુણી જુઓ: જવાબ ૪૨૮૫૭૧-ચોગડાથી શરૂઆત થઇને એ જ ક્રમમાં એના એ આંકડા! ચારે ગુણતાં ૫૭૧૪૨૮ જવાબ આવે તેમાં પણ એ જ સ્થિતિ. પાંચે ગુણો તો ૭૧૪૨૮૫ અને છએ ગુણો તો ૮૫૭૧૪૨ જવાબો આવે તેમાં પણ એ જ આંકડા અને એ જ ક્રમની રમત!—પણ બસ; આ રમતનો અહીં અંત આવે છે. સાતે ગુણશો એટલે અંત તો આવશે જ, પણ જવાબ પણ નવતર આવશે ગુણી જુઓ; શું?—૯૯૯૯૯૯!

કેસરનાં ટીપાં ગંધકના તેજાબમાં નાખતાં પ્રથમ તેનો કાળો રંગ થઈ પછી લાલ થાય તો તે ખરું કેસર જાણવું, અને તેથી ઊલટું થાય તો તે બનાવટી સમજવું.

આખલાની આગળ ચાલતાં, ગધેડાની પાછળ ચાલતાં, અને ધૂર્તની તો કોઈ પણ બાજુ ચાલતાં સાવધ રહેવું.


મેથિલેટેડ સ્પિરિટમાં મેળવેલી રાખ વડે માંજેલાં રૂપાનાં વાસણ ઝટ ઝાંખાં નહિ પડે. રૂપાની ચીજો માંજવા માટે તો બટાટાં બાફેલું પાણી પણ સારું. (૨૫)

ચોરને પકડી એક પોલીસ ખરે બપોરે તેને થાણે લઇ જતો હતો. રસ્તામાં જ ચોરનું ઘર આવતાં તેણે સિપાહીને કહ્યું, 'થોડી વાર અહીં ચોભોને; ઘેર જઇ હું છત્રી લઇ આવું!'

'પણ એ બહાને તું નાસી નહિ જાય તેની શી ખાતરી?' પોલીસે પૂછયું.

'પણ, આ તડકામાં તો હું શેકાઇને ભડથું થઇ જઈશ.' ચોરે લાચારી ગાવા માંડી.

એ સાંભળીને પોલીસદાદા પીગળ્યા: 'વારુ, તું અહીં જ રહે, હું તારે ઘેરથી છત્રી લઇ આવું છું!'



કલાકણિકા: મીનાકારી સુશોભનોથી મંડિત પંજાબની સુરાહી

હેલન કેલર (અનુસંધાન પૃષ્ઠ ૧૧૭થી ચાલુ)

એમનું હૃદય ખૂબ આધ્યાત્મિક છે. બાઇબલને ફરી ફરી વાંચતાં તેમને તૃપ્તિ જ નથી થતી. ઈશ્વરશ્રદ્ધા એ અહીંત્યહીં વિભિન્ન અને વેરવિખેર થઈ ગએલા જીવનમાં એકમાત્ર ધ્રુવ સમાન છે એમ તેઓ કહે છે. તેમની ચોપાસ ચારિત્ર્યની નિર્મળ જ્યોત જાણે કે અખંડ જલે છે.

'અપંગો પ્રતિ મારો સંદેશ છે કે દાનધર્મને ઠોકરે મારીને તેમણે પોતાના પગભર થઈ જવું.' હેલન કેલરના આ શબ્દો સ્વસ્થ સમાજ અને અપંગ સમાજને જોડનારી દૃઢ કડી જેવા છે. 'અપંગોએ દીન બનવાનું કોઈ કારણ ન હોઇ શકે. પોતા પાસેથી હવે તો જિંદગી હરાઈ ગઇ છે તેમ તેઓએ હરગીઝ માનવાનું નથી. હું ભારપૂર્વક કહું છું કે સુખી નાગરિક જીવનથી તેમને તલમાત્ર પણ વિખૂટા પાડી શકે એવું કોઇ તત્ત્વ અહીં નથી. જેણે જ્ઞાન તરફ ખાસ કરીને ઉપેક્ષાવૃત્તિ જ સેવી છે તેવા આંખવાળા મનુષ્યો કરતાં આંખવિહોણા મનુષ્યો જગતને વધુ આપી શકશે, કેમકે તે જ્ઞાનની પોતાને નિતાંત અપેક્ષા છે. સમાજે અપંગોને અત્યાર લગી ઉપેક્ષિત ગણ્યા કર્યા છે. પરંતુ સાચી જરૂર 'આંખ'ની નથી, 'આપ'ની છે.'

માનવ મહાકાંક્ષાઓની સિદ્ધિની એક સુંદર-સુરેખ, પ્રોજ્જ્વલ ને પ્રતિભાવંતી પ્રતિમા જેવાં હેલન કેલરને પરમેશ દીર્ઘાયુ બક્ષે.

પ્રવાહી ગ્રેફાઈટવાળી નવી પેન્સિલ

નક્કર સીસાને બદલે પ્રવાહી સીસું ભરેલી યાંત્રિક પેન્સિલો પાર્કર પેન કંપની ઉત્પન્ન કરી રહી છે. તેનો એવો દાવો છે કે મધ્યયુગમાં સીસાની પેન્સિલ શોધાઇ તે પછી તેમાં આ પહેલી જ વાર મૂળભૂત ફેરફાર થાય છે. ચાલુ પેન્સિલ કરતાં આનાથી છગણું લખી શકાય છે, એટલે કે તેનાથી ત્રણ માઈલ લાંબી લીટી દોરી શકાય છે. પ્રવાહી ગ્રેફાઇટના ઉપયોગથી પેન્સિલ છોલવાની બિલકુલ જરૂર રહેતી નથી.

આ પેન્સિલમાં પ્રવાહી ગ્રેફાઈટ ભરેલી એક નળી હશે, જેનું કદ સામાન્ય પેન્સિલમાં આવતા સીસાના કદ જેટલું જ હશે. નળી ચાલે ત્યાં સુધી એમાંનું ગ્રેફાઈટ ભીનું રહેશે અને પેન્સિલને છેડે આવેલા ગોળાકાર બિન્દુ સુધી ઊતરી શકશે. ચાલુ પેન્સિલ કરતાં આ પેન્સિલથી વધારે લખાશે, કારણ કે તેમાંનું બધું જ પ્રવાહી ગ્રેફાઇટ વાપરી શકાશે, જ્યારે ચાલુ પેન્સિલનું છેલ્લા એકબે ઇંચ જેટલું ગ્રેફાઈટ વાપરી શકાતું નથી. પ્રવાહી ગ્રેફાઇટમાં નક્કર ગ્રેફાઇટના બધા જ ગુણ છે, પણ તેમાં એક વધારે લાભ એ છે કે તેનાથી ડાઘા પડતા નથી.

નવાં પુસ્તકો

ગુજરાતી પર અરબી-ફારસીની અસર (ભાગ ૧લો): એ વિષય પર બંને દેશોનાં લિપિ અને સાહિત્યની ચર્ચા સાથે માહિતીસમૃદ્ધ પુસ્તક, લે. ડૉ. છોટુભાઈ રણછોડજી નાયક, ૪-૮-૦; **ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (ખંડ ૨જો)**: અહમદશાહથી મહમૂદ બેગડા સુધીનો ગુજરાતનો વિવિધ સાંસ્કૃતિક બળોને આવરી લેતો ઇતિહાસ, લે. રત્નમણિરાવ ભીમરાવ જોટ, ૫-૦-૦; **વિચાર-માધુરી (ભાગ ૨જો)**: આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવના મનનીય લેખો, ૨-૦-૦; આ અને ઉપરનાં ત્રણે પુસ્તકોનું પ્રાપ્તિસ્થાન: ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ-૧; **સોનાનો મહેલ**: સળંગ રસિક અને બોધદાયક બાળવાર્તા, લે. શ્રીકાન્ત ત્રિવેદી, પ્રકાશક: સંદેશ પ્રકાશન, ઘીકાંટા રોડ, અમદાવાદ, ૦-૧૨-૦; **પાકિસ્તાનનો પરિચય**: દેશ-દુનિયાના રાજકીય, આર્થિક અને બીજા પ્રકારના પ્રવાહોનું સાદી સરળ ભાષામાં જ્ઞાન આપતી 'અભિનવ ભારત પ્રકાશન શ્રેણી'નું ત્રીજું પુસ્તક, ૧-૦-૦; **આપણા રાજકીય પ્રશ્નો** વિષે વિગતવાર અને વિશદ ખયાલ આપતું ઉપર્યુક્ત પ્રકાશનશ્રેણીનું ચોથું પુસ્તક, ૧-૦-૦, બંનેના લેખક: મોહનલાલ મહેતા 'સોપાન', પ્રકાશક: અભિનવ ભારત પ્રકાશન, ગુલબહાર, ઑર્ક રોડ, મેટ્રો સિનેમા પાછળ, મુંબાઇ-૧; **શબ્દ અને અર્થ**: ઐતિહાસિક શબ્દાર્થશાસ્ત્ર વિષે ભોગીલાલ જ. સાંડેસરાનાં પાંચ વ્યાખ્યાનો, મુંબાઈ યુનિવર્સિટીનું પ્રકાશન, એન. એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૨-૮-૦; **ભૂગોળદર્શન અને આરોગ્યવિજ્ઞાન**: ગુજરાતી ચોથા ધોરણ માટે ભૂગોળ અને આરોગ્યવિજ્ઞાનનું સરળ બાળોપયોગી પ્રકાશન, લે. સાકરલાલ અં. દવે અને ગણપતિપ્રસાદ લ. ભટ્ટ, પ્રકાશક: ગુજરાત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ, ૧-૦-૦; **સંગીત સાધના**: સંગીતના આવશ્યક જ્ઞાન સાથે તેના રાગોને અનુસરતાં ભક્તિપ્રધાન ગીતો પણ આ પુસ્તકમાં છે, સંપાદક-પ્રકાશક: ભૂરાભાઇ ફૂલચંદ શાહ, શંગળ પારેખનો ખાંચો, રેવાદાસની પોળ, શાહપુર, અમદાવાદ, ૧-૦-૦.



ઊડતું ધુમ્મસ (ફોટો : જગન મહેતા) કૅમેરા-કલાના એક ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપ આ ફોટોચિત્ર, દક્ષિણ ભારતના વિખ્યાત હિલ-સ્ટેશન 'કોડાઇ કૅનાલ'નું, જાન્યુઆરીના અર્ધ ધુમ્મસભર્યા સવારનું સૌન્દર્યદર્શન કરાવે છે. જમણી બાજુથી ઊંચે ફેલાએલા ઝાડના ચંદરવા નીચે સડક પર જતાં બે પાત્રોની પાછળની, પ્રગાઢ સુંદર સૃષ્ટિમાં મલમલથી યે મુલાયમ ધુમ્મસના ઘૂંઘટ પાછળ જે અગોચર સૌન્દર્ય છુપાયું છે, તેને સૂર્યકિરણથી હૂંફાળી બનેલી હવા હળવે હળવે ખુલ્લું કરે છે, એ ધીમી—અતિ ધીમી ક્રિયા જાણે આપણી સમક્ષ ચાલી રહી હોય એવી સજીવતાની ધબક કલાકારે કૅમેરામાં ઝડપી છે. ધુમ્મસ-વર્ષાથી ભીનાં થએલાં આગળનાં બે ઝાડનાં પર્ણો પર વેરાએલાં સૂર્યકિરણનાં તેજને પડછે, પાછળની ઘેરી વૃક્ષઘટાઓ પરથી ઊડતા ધુમ્મસની કુમાશ એ કેવી સફળતાથી લાવી શકયા છે !

'કુમાર' માર્ચ ૧૯૫૫ • સળંગ અંક ૩૭૫ • છૂટક નકલના બાર આના

KUMAR Reg. No.B. 1808



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ: મથાળે (૧) 'રેતીના પટમાં'—મહેન્દ્ર શાહ: પહેલું ઈનામ (૨) 'અમે બંને'—દેવકૃષ્ણ મણિયાર: બીજું ઈનામ; નીચે: નોંધપાત્ર (૧) જંગલમાં ગાડી;—કિશોર ન. ગોરધનદાસ (૨) પૈડાં;—ભગવતીબહેન પટેલ (૩) વમળ—સિદ્ધાર્થ શેઠ (વિસ્તૃત વિગત અંદર પૃ. ૮૫ ઉપર આપી છે.)